કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર
Kutchi Leva Patel Community's Newsletter
વર્ષ : ૪૮ અંક : ૨

www.sklpsbhuj.com/e-magazin
January-2021

# કચ્છી લેવા પટેલ સંદેશ
Worldwide






### શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, યુવક સંઘ આયોજીત

# દિપાવલી સ્નેહમિલન પ્રસંગે સરસ્વતી સન્માન


Ajani Ramila Murji
Sukhpar
M.A(sociology)


Velani Heena Ramji
Sukhpar
L.L.B


Halai Nimisha Jagdish
Kera
L.L.B


Senghani Kiran
Madhapar
BE


Bhanderi Anish Kantilal
Rampar Vekra
BE


Bhudiya Dipika Kiran
Madhapar
B.SC(Mathamatics )


Gorasia Devyanee Pravin
Madhapar
B.SC(Mathamatics )


Varsani Nimisha Harji
Kodaki
BSC. Nursing


Vekariya Heena Pravinkumar
Kera
BSC. Nursing


Vagadiya VIjay Mahesh
Madhapar
BSC. Agriculture


Panchani Ranjan Kishor
Dahisara
GNM Nursing


Senghani Priyanshi Chandulal
Dahisara
GNM Nursing


Kerai Dipika Ishwarlal
Sukhpar
B.ED


Shiyani Priya Manji
Mankuva
B.ED


Bhudia Daksha
Madhapar
B.B.A


Pindoriya Dhiren
Naranpar
B.B.A


Senghani Jigar
Madhapar
B.C.A.


Dabasiya Hina Bhimji
Madhapar
M.B.A.


Varsani Swati Govind
Madhapar
B.COM


Kerai Divya Ravji
Rampar
B.COM


Meghani Janvi
Madhapar
BA


Vaghjiyani Laxmi Shivji
Bhuj
BA


Bhudiya Vandana Ramesh
Madhapar
B.PED


Hirani Bhakti Ramji
Mankuva
Fashion Designing


Mepani Priyanshi Nanji
Baladiya
Diploma in Engineering


Hirani Bhavik Ramesh
Sukhpar
Diploma in Engineering


Harsiyani Jayesh Hirji
Madhapar
Diploma in Mo.App.Devlopment


Hirani Jigna Valji
Kera
Diploma in Music App.


Hirani Sunil Ramesh
Sukhapar
H.S.C Sci


Halai Harsh Devji
Dahisara
H.S.C Sci

www.sklpsbhuj.com/e-magazin

# કચ્છી લેવા પટેલ સંદેશ

(કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર)

વર્ષ : ૪૯ અંક : ૨ જાન્યુ-૨૦૨૧

## ચિંતન કણિકા

તમિલનાડુના મદુરાઈમાં હેર કટિંગ સલૂન ચલાવતા સી.મોહનને ત્યાં ૧૩ વર્ષ પહેલાં એક દિકરીનો જન્મ થયો. દંપતીએ દિકરીનું નામ રાખ્યું 'નેત્રા'. સી.મોહનનું સપનું હતું કે નેત્રાને ખૂબ ભણાવવી છે અને કલેક્ટર બનાવવી છે. દિકરીના અભ્યાસ માટે સી.મોહન ઓવરટાઈમ કામ કરીને પણ બચત કરે જેથી દિકરીને આગળના અભ્યાસ માટે ક્યારેય રૂપિયાની ખેંચ ન પડે. ૧૩ વર્ષમાં સી.મોહને રાત-દિવસની મહેનતથી વાળ કાપવાનું કામ કરીને ૫ લાખ જેવી બચત કરી. નેત્રા પણ સમજુ અને ડાહી દિકરી હતી એટલે પિતાનું સપનું પૂરું કરવા દિલ દઈને અભ્યાસ કરતી હતી. કોરોના વૈશ્વિક મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન આવ્યું. નેત્રા જે વિસ્તારમાં રહેતી હતી એની આસપાસના વિસ્તારમાં રહેતા અને રોજે રોજનું કમાઈને ખાતા ગરીબ પરિવારો લોકડાઉનને કારણે મુશ્કેલીમાં મુકાયા. એ લોકોને ખાવાના પણ સાંસા પડતા હતા. ૮માં ધોરણમાં અભ્યાસ કરતી નેત્રાએ એક દિવસ એના પિતાને પૂછ્યું,'પપ્પા, મને આઈએએસ બનાવવા તમે કેટલી બચત કરી છે?' પપ્પાએ કહ્યું, 'બેટા, અત્યાર સુધીમાં ૫ લાખ બચાવ્યા છે અને બેંકમાં ફિક્સ ડિપોઝીટ તરીકે મુક્યા છે.' નેત્રાએ કહ્યું, 'પપ્પા, મારી ઈચ્છા છે કે એ બધી જ બચતમાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ લાવીને આ ગરીબો વચ્ચે વહેંચીએ જેથી એને ટેકો મળે.' પિતાએ કહ્યું, 'બેટા, એ રકમ તો તને કલેક્ટર બનાવવા માટે ભેગી કરી છે.' ૧૩ વર્ષની આ દિકરી એના પિતાને જવાબ આપે છે કે 'પપ્પા, કલેક્ટર બનીને મારે લોકોની સેવા જ કરવાની છે. સેવાનો આવો અવસર બીજો ક્યાં મળવાનો હતો. કલેક્ટર તો બનતા બનીશ પણ કલેક્ટરે જે કામ કરવાનું હોય એ કામ અત્યારે જ કરવું છે.' સી. મોહનની આંખો દિકરીની આ વાત સાંભળીને ભીની થઈ ગઈ. ભવિષ્યનો બીજો કોઈ વિચાર કર્યા વગર બેંકમાંથી ૫ લાખની બધી જ બચત ઉપાડીને તેમાંથી રાશન ખરીદી ૬૦૦ પરિવારને મદદ કરી. લોકડાઉનમાં પિતાનું હેર કટિંગ સલૂન પણ ૨ માસ બંધ હતું અને ઘરમાં બીજી કોઈ આવક નહોતી આવા સંજોગોમાં પણ પોતાના અભ્યાસ માટેની બધી જ બચત આ દિકરીએ અન્ય માટે વાપરી નાંખી. નેત્રાના આ સેવા કાર્યની વાત છેક વડાપ્રધાનના કાન સુધી પહોંચી અને વડાપ્રધાને 'મન કી બાત' કાર્યક્રમમાં નેત્રાની આ હૃદયભાવનાને બિરદાવી. ત્યાંથી પણ આગળ વધીને આ વાત યુનાઈટેડ નેશન્સ સુધી પહોંચી. સમગ્ર વિશ્વના તમામ દેશો જેના સભ્ય છે એવા યુનાઈટેડ નેશન્સે નેત્રાને યુનોના ન્યુયોર્ક ખાતેના અને જીનીવા ખાતેના એક કાર્યક્રમમાં પ્રવચન આપવા આમંત્રણ આપ્યું છે. તમે જ્યારે નિસ્વાર્થ ભાવે કોઈનું દુઃખ દૂર કરવાનું કામ કરો છો ત્યારે પરમાત્મા કોઈને કોઈ રૂપે તમારી સેવાનું ફળ તમને આપે જ છે. કદાચ હજુ કોઈ કલેક્ટરને યુનાઈટેડ નેશન્સમાં પ્રવચન માટેનું આમંત્રણ નહીં મળ્યું હોય પણ આ દિકરી કલેક્ટર ન હોવા છતાં યુનાઈટેડ નેશન્સમાં માત્ર ૧૩ વર્ષની ઉંમરે પ્રવચન આપશે. ભગવદ્ગોમંડલ મુજબ 'નેત્રા' એટલે નર્મદાનું એક નામ. નદીનું તો કામ જ છે કે બીજાના માટે વહેતા રહેવું. નેત્રાએ એના નામને સાર્થક કર્યું

(સંકલિત)

:: Owner and Published By ::
Kutchi Leva Patel Yuvak Sangh, Sardar Patel Sankul, Mundra Road, Bhuj.

:: તંત્રી ::
વસંત પટેલ (હાલાઈ)
Editor : Vasant Patel (Halai)
Mo.: 99258 94603

:: સહતંત્રી :
રવજી ખેતાણી
Ass. Editor : Ravji Khetani
Mo.97277 25330

:: પરામર્શક :
વેલજીભાઈ પીંડોરિયા
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
Veljibhai Pindoriya
President : Shri Kutchi Leva Patel Samaj

ગોપાલભાઈ માવજી ગોરસીયા
પ્રમુખશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Gopalbhai Mavji Gorsiya
President : SKLP Edu. & Medi. Trust

ગોપાલભાઈ વેકરિયા
મંત્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ
Gopalbhai Vekaria
Secretary : Shree Kutchi Leva Patel Samaj

કેશરાભાઈ પીંડોરીયા
મંત્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Keshrabhai Pindoriya
Secretary : SKLP Edu. & Medi. Trust

:: પ્રકાશક ::
કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: વિતરણ વ્યવસ્થા ::
ગોવિંદભાઈ હાલાઈ
મંત્રીશ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ-ભુજ
Mob. + 91 9909071400

: પંચવર્ષિય લવાજમ :
દેશમાં રૂા. ૫૦૦
વિદેશમાં રૂા. ૧૫૦૦

: લવાજમ :
'કચ્છી લેવા પટેલ સંદેશ'
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ - કચ્છ. ૩૭૦ ૦૦૧

:: ફોન સંપર્ક ::
(02832) 231177,
Mob. 99258 94603

www.sklpsbhuj.com
Email : info@sklpsbhuj.com
F : sklpsbhuj

"Kutchi Leva Patel Sandesh" Subscription
In UK Community - London
0044 7734845336 info@sklpc.com
In Africa - Bhimjibhai Halai
00254 726774140

પ્રેમજી શિવજી ભોજા
કેન્ટન-હેરો-લંડન
153 charlton Road
Harrow,HA39HT

તંત્રી શ્રી

આપણા સમાજનો '' શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ વિશેષાંક'' ''નિરામયા''નો દળદાર અંક મળ્યો-વાંચ્યો અને ગમ્યો હોસ્પિટલના ખાતમર્હતની તસવીરો સાથે દાનવીરોની તસવીરો જાણે ખાતમુર્હતમાં મારી હાજરી હોય એવું જણાયું. દાનવીર કે.કે. પટેલ અને તેમના પરિવાર તેમજ અન્ય સર્વે નાનાં મોટાં દાનવીરો દાતારોને ઘણાં ઘણાં અભિનંદન અને ધન્યવાદ

આ અંકમાં દરેક સંદેશા-પ્રતિભાવ સારી રીતે જણાવેલ છે. જેવા કે ''સર્વે સન્તુ નિરામયા''તંત્રી સ્થાનેથી

બે બોલ અંતરના....કેશરાભાઈ રવજી પિંડોરીયા

કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ : એક નૂતન અધ્યાય આપણા અનુભવી સ્થંભો એવાં વેલજીભાઈ રામજી પિંડોરીયા, ગોપાલભાઈ માવજી ગોરસિયા અને મનજી જાદવા પિંડોરિયાના સંદેશા બહુ જ સરસ રીતે આપણા સમાજની પ્રગતિ-પ્રવૃતિની રૂપરેખા સાથે આપેલ છે. તે સૌને મારા અભિનંદન અને ધન્યવાદ. અને મારી પ્રાર્થના કે ભગવાન તમને સમાજ સેવા કરવા ખૂબ ખૂબ શક્તિ આપે. આપણા આ અંકમાં દાનવીરો-દાતારોની-ખાતમુર્હતના દશ્યો જાણે આપણી જ્ઞાતિના - કણબીબંધુઓ-આપણા સમાજ માટે એક ''વિશ્વ બેન્ક'' છે એ રીતે દાનનો ધોધ વહેવડાવે છે એ સૌને મારા ધન્યવાદ. સાથે અભિનંદન.

''Lamps of our Incredible Journey'' chronology of our incredible journey - આપણી સમયાનુક્રમ વાસ્તવિકતાની સફર જે ૧૯૬૫ થી ૨૦૧૯ના ''૨૪ દિવાઓ'' જે ૫૫ વર્ષનો ઈતિહાસ પૂરવાર કરે છે કે આપણો સમાજ કેટલી બધી પ્રવૃતિઓમાંથી આગળ વધી રહ્યો છે જેનો યશ આપણા ઈમાનદાર સમાજના આજના અને પૂર્વ કાર્યકરોને જેઓ ખંતથી અને વિના મૂલ્ય પગારે પોતાનો કિંમતી સમયની સેવા આપે છે તે સૌને ધન્યવાદ .

આપણા ઘનિષ્ઠ દાનવીરો અને અનેક નાના-મોટા દાનવીરોના સાથ સહકારથી આ ૨૪ દિવાઓ પ્રગટાવ્યા છે ''જેchronology of our incredible journe''માં ૧૯૬૫-૨૦૧૯માં દર્શાવેલ છે જે પૂરવાર કરે છે કે આપણો અશિક્ષિત સમાજ-શિક્ષિત બની ગયો છે અને આપણા સમાજના દરેક ક્ષેત્રમાં પરિવર્તન લાવ્યો છે જેવાં કે શિક્ષણ-આરોગ્ય-કૃષિવિભાગ-અને અનન્યમાં પ્રવૃતિ કરી રહ્યો છે. તેઓ સૌને અભિનંદન અને ધન્યવાદ.

મારા દેશી જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતિ છે કે આ બધી સુવિધાઓમાં વિદેશી જ્ઞાતિબંધુઓ-ઘણા ઘનિષ્ઠ દાનવીરો-દાતારોનો ઘણો મોટો સાથ સહકાર છે અને દેશી જ્ઞાતિબંધુઓ દાનવીરો થોડાક જ છે. પણ કાંઈ વાંધો નહી. આ વિદેશી ઘનિષ્ઠ દાનવીરો એ આ મોટા દીવાઓ પ્રગટાવ્યા-બનાવી આપ્યા છે તે કાયમ ટકાવવી ઝગમગાવી રાખવા માટે દિવેલ આપણે સૌ દેશી બંધુઓને પૂરવું પડશે જેથી આગળ અને આગળ પ્રગતિ કરી શકીએ.

આપણા સમાજના નવયુવાન અને યુવતીઓની કારકીર્દિ સહકારી સેવા અને ખાનગી ક્ષેત્રમાં છે તેનો પરિચય આપવાનો હેતુ ઘણો સરસ અને નવયુવાન-યુવતીઓને પ્રેરણા આપવાનો છે.

આપણી જ્ઞાતિના નવયુવાન-યુવતીઓનો ઙ્ગ્રજ્ઞ મક્ષ્ફ્રિંજાણી ઘણો જ આનંદ થયો જેઓ સરકારી અને અન્ય વ્યવસાયમાં આગળ વધી રહ્યા છે જે આજના આપણા નવયુવાનો માટે પ્રેરણા રૂપ દાખલો બેસાડ્યો છે. એ સૌને ધન્યવાદ સાથે અભિનંદન.

આ બધા શિક્ષિત ભાઈ-બહેનોને નમ્ર વિનંતી કે આપણા સમાજના મુખપત્ર ''સંદેશ'' પોતાના સમાજ ઉપયોગી વિચારોના લેખ લખશે-દર્શાવશે તો આપણા સમાજના નવયુવાન-યુવતીઓને વધારે પ્રેરણા રૂપ બનશે અને તેઓ આપણા ''સંદેશ''નું રૂપ બદલી શકશે. આશા રાખું છું કે આમાં તમારું યોગદાન જરૂર પૂરુ પાડશો.

(સમાજનો અમીર વ્યક્તિ તમને ઓળખે એ તમારી 'પ્રગતિ'છે. સમાજનો ગરીબથી ગરીબ વ્યક્તિ પણ તમને ઓળખે એ તમારી 'લોકપ્રિયતા'છે.)

તંત્રીશ્રી,

જયભારત સહ જણાવવાનું કે વર્ષ-૪૮ અંક(૧) મળ્યો, કોરોનાના કારણે મોડો થયો તેનું કારણ સમજી શકાય છે. આટલી મુશ્કેલી હોવાં છતાં આપે ઘણી મહેનત કરી છે. અંક જોયા પછી ખૂબ રાજીપો થયો છે. એટલે ધન્યવાદ આપવા વિચાર આવ્યો છે. આ અંક યુવા પેઢી માટે એક ઈતિહાસ જેવો થયો છે. જ્યારથી સમાજની શરૂઆત થઈ ત્યારથી આજ સુધીની વિગત વિસ્તારથી જણાવેલ છે. સમાજ ઊભો થવામાં કેટકેટલી મુશ્કેલી આવી તે પણ લખેલ છે.

આપણા વડીલોએ જે મહેનત કરી છે તેની પણ કદર કરવામાં આવી છે. આમાં મને ક્યાંય કસર જોવામાં આવતી નથી. કારણ કે સમાજની શરૂઆત થઈ આજ દિ સુધી સારું કામ કરી રહ્યો છે. આ અંકની વાત કરીએ તો આખી ટીમને ધન્યવાદ આપું છું. મેં ફરી ફરી બે વાર વાંચ્યો મારા વતી તંત્રીશ્રીને ખૂબખૂબ અભિનંદન. ધન્યવાદ. સમાજના ત્રણેય પાંખોના પ્રમુખોનું લેખન વાંચ્યું. ખૂબ જ ઝીણવટ પૂર્વક લખ્યું છે. કેશરાભાઈએ પોતાના હૃદયની વાત કરી તે તદ્દન સાચી છે. તે અગાઉ જ્યાં સેવા આપતા તે છોડીને એવી જ એક સંસ્થામાં જોડાવું એ જ્ઞાતિના ગૌરવની વાત છે. સમાજ પ્રેમી વ્યક્તિઓના નાઈરોબીથી ફોન આવ્યા.... સૌએ રાજી થઈને કહ્યું 'અમારા ધન્યવાદ આપજો...અંક વાંચું છું,

હાથમાં રૂમાલ છે. આંખ ભીની છે. આપણે ક્યાં હતા અને ક્યાં પહોચ્યા, મારૂં બચપણ યાદ કરું છું. ત્યારે એમ થાય છે કે આપણે કન્યા સંસ્કારધામની શરૂઆત ન કરી હોત તો ત્યાં ના ત્યાં જ હોત....!!

આપણે સૌએ નવા પ્રોજેક્ટ માટે વિશેષ મહેનત કરવી પડશે, હસમુખભાઈ ભુડિયા અને કે.કે.પટેલ જેવા દાતાઓ મળ્યા છે તેમની સેવાને વંદન કરું છું. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા જેવા મહેનતુ વ્યક્તિ સમાજને મળ્યા છે. સમાજ દ્વારા સમય સમય પર વિડીયો બનાવી કામની પ્રગતિના રિપોર્ટ મુકાય છે તે પણ દરેક જગ્યાએ પહોંચી જાય છે અને સમાજ શુભેચ્છકો ખૂબ રાજી થાય છે. જેના સમાચાર અમને મળે છે. સૌનો આભાર.

હાલાઈ દેવશીભાઈ કરશન (પટેલ)
ગોડપર (કિંગ્સબરી-લંડન)

કચ્છમાં કોરોનાનો ગંભીર મહામારીનો સમય હોવા છતાં પણ જ્ઞાતિનું મુખપત્ર... કચ્છી લેવા પટેલ ''સંદેશ'' અને તે પણ ભવ્ય અંક પ્રસિદ્ધ કરી જે સૌ કાર્યકર્તાઓ તંત્રી-સહતંત્રી-પરામર્શક-સમાજના ત્રણે પાંખો દ્વારા ખૂબ મહેનત કરી સહયોગી બન્યા છે તેમને મારી શુભકામના સાથે ઘણા ઘણા અભિનંદન..આ અંક દરેક જ્ઞાતિજનો માટેનું એક અનેરૂં યાદગાર સંભારણું બની રહેશે.ગામે ગામે વિતરણમાં જરૂર સમયસર અંક મળે તેવા પ્રયાસ કરવાના રહે છે. ગામ દીઠ આ અંક કયાંથી કોના પાસેથી મળશે-વ્યક્તિના નામનો ઉલ્લેખ કરી..દરેક ગામ પ્રતિનિધિએ સમયસર ''સંદેશ'' અંક જ્ઞાતિબંધુના હાથમાં મળી આવે તેવા તાત્કાલિક બંદોબસ્ત કરવો જરૂર છે.

**માવજીભાઈ કે.વરસાણી(મુરલી પટેલ)**
**માધાપર**

તંત્રીશ્રી,

કચ્છી લેવા પટેલ સમાજ ભુજનો 'નિરામયા' વિશેષાંક ખરેખર એક નજરાણું છે. દરેક બાબતોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઝીણવટપૂર્વકની વિષય પસંદગી, દાતાશ્રીઓના ફોટા સહિતની વિગતો જોઈ-વાંચી ખૂબ આનંદ થયો છે. ભુજ સમાજ આપણી માતૃસંસ્થા છે. દરેકને સાથે રાખી આપણે સૌએ સાર્વજનિક સેવાની લાંબીયાત્રા કરી શક્યા છીએ. યુ.કે.માં પણ ઈન્ડિયા ગાર્ડન સહિતના કાર્યો પ્રગતિમાં છે. સૌને ખૂબ ખૂબ અભિનંદન

**ધનજીભાઈ રામજી ભંડેરી**
**લંડન (યુ.કે.)**

તંત્રીશ્રી,

નમસ્કાર, મિત્રો સૌ કુશળ હશો, સોશિયલ મીડિયાના સહારે માણસ ઘણું બધું શીખી શકે છે અને ઘણી એવી Practical બાબતો પણ છે જેનાથી વંચિત રહી જાય છે, હું લગભગ ઘણા સમયથી (પોણા દાયકાથી FB) સોશ્યિલ મીડિયા જેમ કે Fb, Whattapp, Instagram, Tweeter,પર સારો એવો સમય Active રહેવાનું થાય છે. જેમાં નવા નવા અનુભવ થાય છે અને જે આજના યુવાવર્ગમાં અપ્રચલિત બાબતો વિશે લખવાનું થાય છે. આજે એક એવા વિષય પર જ Fbના માધ્યમથી આપશ્રી સુધી આ કિસ્સો પહોંચાડવો છે. જે મારા માટે નવો છે. આપણે સૌ કોઈને કોઈ કારણોસર હોસ્પિટલમાં જવાનું થતું હશે. આપણે સૌ કહીએ છીએ દવાખાનું ભગવાન, દુશ્મને ન બતાવે... કારણ કે આપણા સૌને એ બાબત ધ્યાનમાં છે કે ત્યાં બહુ વિકટ પરિસ્થિતિનો સામનો માણસો કરતા હોય છે અને પૈસા પણ ખૂબ પ્રમાણમાં લેતા હોય છે. ( હું તેમાં ફી કે બીલની વાત નથી કરતો પરંતુ જે વધારાના લૂંટે છે એની વાત છે જેમ કે.. આપણે ગબ્બર ફિલ્મ જોઈ હશે) આજે મારે ભુજના ખ્યાતનામ હોસ્પિટલમાં (કચ્છી લેવા પટેલ હોસ્પિટલ-ભુજ) જવાનું થયું ત્યાં દર્દીને દાખલ કરે ત્યારે ડિપોઝીટ ભરવાની હોય છે..( આ રીત લગભગ બધે હોય છે) મેં પણ ડિપોઝીટ જમા કરાવી પરંતુ વાતનો સાર હવે છે જે મારે કહેવાનું છે, જ્યારે અમને રજા આપવાનો સમય થયો ત્યારે મારી ધ્યાનમાં હોય એવું હું પહેલી વાર જોઈ રહ્યો હતો કે.. દર્દીનું બિલ ઓછુ થતું હોય અને હોસ્પિટલવાળા ડિપોઝીટમાંથી બચેલી રકમ પાછી આપતા હોય.(મોટા ભાગે એવું થાય જે ડિપોઝીટ ભરી એ ઉપરાંત પણ બિલ બનતું હોય છે મારા ધ્યાનમાં છે ત્યાં સુધી બહુ રાહત દરે ગરીબ માણસોને પણ પોસાય એવી ફી સાથે કાર્ય કરી રહી છે. કચ્છી લેવા પટેલ હોસ્પિટલ અને મેજમેન્ટ તથા સમગ્ર સહયોગ આપતા તમામ ટ્રસ્ટીગણ અને નામી અનામી દાતાઓને ધન્યવાદ

**ડી.બી. રાઠોડ**
M.Sc.(Chemistry), B.Ed
સંપર્ક : ૯૯૧૩૯ ૫૦૮૩૭

વર્તમાન તંત્રી મંડળ

# ગોવિંદભાઈ એક વ્યકિત નહિં, વિચાર હતા....

## (કચ્છી લેવા પટેલ સંદેશ મેગેઝીનના તંત્રી અને લેવા પટેલ જ્ઞાતિ ઈતિહાસના લેખકની ચિરવિદાય)



મૂળ માધાપર નવાવાસમાં રહેતા કચ્છી લેવા પટેલ સમાજના આગેવાન, લેખક, પત્રકાર, જનસંઘના સમયથી સક્રિય કાર્યકર, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, કિસાનસંઘ સહિતની સંસ્થાઓ સાથે દાયકાઓથી સંકળાયેલા અજાતશત્રુ એવા ગોવિંદભાઈ વિશ્રામ ખોખાણીનું તા.૧૧/૧૨/૨૦૨૦ના અવસાન થયું હતું. તેઓ શ્રી કચ્છી લેવા પટેલ સંદેશ મેગેઝીનના તંત્રી હતા. તેમણે દાયકા સુધી આ ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું.

કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ભુજના પૂર્વ કારોબારી સદસ્ય પદે સેવા આપનાર ગોવિંદભાઈ યુવાવસ્થાએ સમાજના યુવક સંઘમાં પણ સક્રિય રહ્યા હતા. ૧૯૬૨માં ભારત-ચીન વચ્ચેના યુદ્ધ વખતે સંરક્ષણ દળોના મનોબળ માટે ફંડ એકત્ર કરવા બુટપોલિશ કરનાર બાળ ગોવિંદ એક વ્યકિત નહીં, વિચાર હતા. કચ્છના અગ્રિમ હરોળના અખબાર સાથે ચાર દાયકાનો શબ્દ સબંધ ધરાવનાર શ્રી ખોખાણી રાજકીય ક્ષેત્રે સક્રિય હતા. સ્વચ્છ જાહેરજીવનનો સિદ્ધાંત અંતિમ ક્ષણ સુધી જાળવી રાખ્યો. તેમની કલમ પ્રસાદી નવા નવા વિષય વૈવિધ્ય સાથે પીરસાતી રહી..માધાપરની વિરાંગનાનો ઈતિહાસ હોય કે લેવા પટેલ સમાજના દેશ-વિદેશ વસતા જ્ઞાતિજનોની પ્રવૃત્તિ-પ્રગતિનો પરીચય ગોવિંદભાઈની અનુભવી કલમે થતો રહ્યો, સુખપરની કણબી બહેનો સાથે રાજાશાહીના સમયે થયેલી ઘટનાઓ પ્રગટ થઈ હતી તો ભારતના અનેક રાજ્યોમાં પથરાયેલા પાટીદાર પટેલોની પ્રવૃત્તિઓને ભુજ સમાજ સાથે જોડવાની તેમની રીતિ લાંબા સમય સુધી સમાજને કામ લાગશે...લેવા પટેલ સમાજ ભુજની સંઘર્ષગાથા તેમના તંત્રી પદે આકાર પામી હતી. તેઓ માધાપરમાં ભગવાન રઘુનાથજી અને ધીંગેશ્વર મહાદેવ મંદિરના માધ્યમે સનાતન વિચારધારાને પોષક પ્રસંગોમાં સહયોગી રહ્યા તેમણે જીવનના અંતિમવર્ષો આ પ્રવૃત્તિને સમર્પિત કર્યા હતા. તેમણે કચ્છી લેવા પટેલ જ્ઞાતિ ઈતિહાસ લખ્યો અને ગુજરાતી સાથે અંગ્રેજીમાં પણ પ્રગટ કર્યો હતો. કચ્છી લેવા પટેલ સંદેશ મુખપત્ર ૧૯૭૫માં શરૂ થયું ત્યારથી ૨૦૧૯ સુધી સક્રિય રીતે જોડાયેલા રહ્યા. જ્યારે સંદેશના તંત્રી આર.આર.પટેલ હતા ત્યારે તેમને લખાણમાં સહયોગ આપતા હતા. તેમની પ્રાર્થના સભામાં આ વાતનો ઉલ્લેખ કરતાં શ્રી આર.આર.પટેલે કહ્યું; ગોવિંદભાઈ કામ પોતે કરતા અને યશ અન્યોને આપતા હતા. સંસ્થાના નાણાં દાતાના છે તેનો વિવેકપૂર્ણ અને કરકસરથી ઉપયોગ થાય તે હંમેશા જોતા અને એક પાનામાં પુરેપુરું લખાણ લખતા હાંસિયો પણ છોડતા નહીં. આવા મુઠ્ઠી ઉંચેરા માનવી સર્વોદય વિચારના મશાલચી હતા.

ત્રીજી સપ્ટેમ્બર ૧૯૪૭માં જન્મેલા ગોવિંદભાઈ ખોખાણીની જીવનયાત્રા આઝાદ ભારતના સંઘર્ષકાળમાં પ્રગટી હતી, જે ૨૦૨૦ કોરોનાકાળના વૈશ્વિક કઠણકાળમાં વિરામ પામી છે. કુન્દનપરના મુળજીભાઈ લાલજી પીંડોરીયા દ્વારા સ્થાપીત લાલજીભાઈ રૂડા પિંડોલીયા ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમે સરહદો પર વસતા હિન્દુઓને મદદરૂપ બનાવ માધ્યમ બન્યા હતા. ગાયત્રી પરિવાર સાથે નાતો રહ્યો, તેઓ ખાદી અને સાઈકલ પ્રેમી હતા. જનસંઘના રંગે રંગાયેલા ગોવિંદભાઈ ખોખાણીના જવાથી લેવા પટેલ સમાજે પોતાનો વિચારશીલ પૂત્ર ગુમાવી દીધાની શ્રદ્ધાંજલિ ભુજ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, એજ્યુ.મેડિ.ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા અને યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયાએ ત્રણેય પાંખો વતી આપી હતી. તેમની પ્રાર્થનાસભામાં એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, લેવા પટેલ સંદેશ મેગેઝીનના વર્તમાન તંત્રી વસંત પટેલ, સહતંત્રી રવજીભાઈ ખેતાણી તથા અન્યો હાજર રહી શ્રધ્ધાસુમન અર્પયા હતા. જ્યારે મોભી અરજણભાઈ પિંડોરીયાએ અંજલિ અર્પતાં બૃહદ સમાજ વચ્ચેની કડી તૂટ્યાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે ઉમેર્યું કે ગોવિંદભાઈ ખોખાણી જ્યારે શિક્ષણ સમિતિના ચેરમેન પદે હતા ત્યારે ચોવીસીના ગામોની ટ્રસ્ટ સંચાલિત સ્કૂલોના પ્રશ્નો ઉકેલ્યા હતા અને મદદગાર બન્યા હતા. ગોવિંદભાઈના હૃદયમાં સર્વ સમાજોનું ભલું હતું પણ સ્વસમાજ માટે તેમનું હૃદય સતત ધબકતું રહ્યું હતું. આવા બહુપ્રતિભાશાળી, નીરક્ષીરનો ભેદ પારખુ ભોમીયો ખોવાયો અને અનંતયાત્રાએ પ્રસ્થાન કરી ગયો. પરમાત્મા એમના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પો એજ શબ્દાંજલિ.



૧૯૬૨, વોર ચાઈના-ઈન્ડીયા વખતે માધાપરના ભાઈઓ એ બુટપોલીસ કરીને જવાનો માટે સંરક્ષણ ફંડ એકઠું કર્યું હતું.વચ્ચે હાથમાં પ્લેબોર્ડ લઈને ઊભા છે તે ગોવિંદભાઈ છે અને હાથમાં બૂટ રાખીને પોલીસ કરે છે તે માધાપરના માવજીભાઈ કે. વરસાણી છે. આ તસવીર બયાં કરે છે એક અદના બાળકમાં વ્યાપેલો રાષ્ટ્રવાદ....

# સામાજીક ઘરસભા; એક પહેલ

સેવા, દયા અને વિશ્વાસ આપણાં લોહીમાં છે, સાર્વજનિક સેવામાં કીર્તિ છે. દયા, કરૂણા, ત્યાગ વગેરે.. ધાર્મિક વિચારોની દેન છે. વિશ્વાસ આપણી તાકાત છે. આ ત્રણેય હોવા છતાં એવી અનેક ઘટનાઓ આપણી સામે છે જે ક્યાંકને ક્યાંક કૌટુંબિક સંવાદિતાના હ્રાસ તરફ નિર્દેશ કરે છે.

આપણે સમાજના નાનામાં નાના માણસની સ્થિતિ સુધરે તે માટે પ્રયાસ આરંભ્યા છે. કૃષિમોલ તેનું ઉદાહરણ છે. યુવાનો સરકારી નોકરીઓમાં જોડાય એ આપણો ધ્યેય છે. કૌશલ્યવર્ધન અને બિઝનેશ પ્રદર્શન-માર્ગદર્શનની યાત્રા આપણે આરંભી છે. એ હકીકત છે કે આપણો સમાજ આર્થિક રીતે બે ભાગમાં વહેંચાયેલો છે. અડધી વસ્તી હજી પણ નિમ્ન મધ્યવર્ગીય સ્થિતિમાં છે. આરોગ્ય સહયોગ માટે આપણે સુવિધાકાર્ડ અને વિશેષ સગવડો કરી છે તે મોટી પહેલ છે. વિકાસ અને સમસ્યાઓ એક જ પ્રક્રિયાના ભાગ છે. આપણો બુદ્ધિજીવી વર્ગ એવી વાસ્તવિકતા તરફ વારંવાર નિર્દેશ કરતો રહ્યો છે કે સમસ્યાઓ આર્થિક કરતાં વૈચારિક વધુ છે. જેના મૂળ કૌટુંબિક સભ્યોની અરસપરસ વિભાવનામાં અંકૂરિત થયા કરે છે. તેથી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના હાલના ત્રણેય પાંખોના કારોબારી સભ્યોએ જ્ઞાતિ સમક્ષ 'સામાજીક ઘરસભા' નો વિષય મુક્યો છે. ઘર એ ઘર છે. મકાન નથી, ચાર દિવાલ માત્ર નથી. ભૌતિકતા સગવડ છે. સાધન છે. સાધ્ય નથી. સાધ્ય તો ઘર-પરિવાર છે. હૂંફ, હેતને હીંચારી છે.પરસ્પર આદર સહિતનું ખૂલ્લાપણું છે. એ સિદ્ધાંતોને પોષવા સપ્તાહમાં ઘરના તમામ સભ્યો નાનાથી મોટા સૌ ઘરની ઓસરી કે અનુકૂળ જગ્યા હોય ત્યાં સભાના રૂપમાં બેસે, શરૂઆતમાં મોટેરાઓ ને નાના સભ્યો પગે લાગી આદર આપે, શરૂઆત ભગવાનની પ્રાર્થનાથી થાય, ઘરના સભ્યો એક એક મનગમતી યોગ્ય પ્રવૃત્તિ રજૂ કરે, વડિલો પોતાના સંઘર્ષના દિવસોની વાતો કહે, બાળકો સ્કૂલના અનુભવ કહે કે બાળગીત, દેશભક્તિ ગીતો ગવાય, સંસ્કારપોષક વાર્તાઓ કહેવાય, આનંદદાયી રમતો રમાડવામાં આવે.. આ બધું સહજતાથી થાય ઘરસભામાં પોતાના પરિવેશ મુજબ વિવેક-આમાન્યા સાથે અન્ય પોષક પ્રવૃત્તિ ઉમેરી-ઘટાળી શકાય.

જે ઘર-પરિવારમાં વાતાવરણ નહીં હોય ત્યાં થોડો સમય લાગશે. પણ પછી ધીમે ધીમે સહજતા આવી જશે. જેમકે આપણે આપણાં ગામના મંદિરમાં નિત્ય દર્શન કરવા જઈએ છીએ એ ખૂબ આવકાર્ય છે. નિત્યદર્શન ભલે આપણે ઈશ્વર માટે કરીએ છીએ પણ આ પ્રવૃત્તિથી આપણાં ગામમાં સંપ ટક્યો છે. અરસપરસ પોતાપણું અદશ્યરૂપે પોષાય છે. એવી રીતે ઘરસભા આપણાં હૃદયમાં ઉઠતા ભાવોને પોષે છે અને ઉત્તરદાયિત્વ જાગૃત થાય છે. આ જાગૃત થયેલ દાયિત્વ જ આપણી સમસ્યાઓનું સમાધાન છે. જ્યારે ઘરનો દરેક સભ્ય એકબીજાના ગુણને, સત્વને મહત્ત્વ આપતો થશે ત્યારે નિઃશબ્દ સંસ્કારની નિશાળ ઘરમાં જ સર્જાશે. દાદા-દાદીની સહજભાવે સેવા કરતા પિતાને જોનાર પૂત્ર કે પૂત્રી ક્યારેય પોતાના વડિલોને ધિક્કારી નહીં શકે. વિચાર ઘડતરનું કાર્ય કોઈ સભા, સેમિનાર કે મોટીવેશનના કલાસ કરતાં ઘરસભામાં અમીટ થઈ શકે છે. હા, અન્ય ઉપાયો છે તેમાં ઘરસભા પણ એક છે.

આપણી કૌટુંબિક સમસ્યાઓની યાદી બનાવવા બેસીએ તો લાંબી છે. તેનું સમાધાન પણ આપણે જ શોધવાનું છે. દરેક માતા-પિતા ઈચ્છે છે કે મારું સંતાન મારા કહ્યામાં રહે, મારું માન જાળવે, ગામ-સમાજમાં નામ રોશન કરે.. વગેરે..વગેરે..તેમ દરેક સંતાન ઈચ્છે છે કે મારા માતા-પિતા મારી જરૂરીયાતો લાડકોડથી પુરી કરે.. આ બંન્ને સ્થિતિમાં મેળવવાની વાત છે. આપવાની નથી. શરૂઆત માવિત્રોએ કરવાની છે. સંતાનોને કદાચ સંપતિ ઓછી-વધુ આપશો તો પોષાશે. સમય નહિં આપો તો નહિં પોષાય. સમયની ખાદ્ય સંપતિથી કયારેય ભરી શકાતી નથી. ઘરસભાથી ઉત્તરદાયિત્વ, ફરજ પ્રત્યે ભાવ દ્રઢ થશે. ઘરસભાથી પરિવારના દરેક સભ્યના દીલ દિમાગ, મન મસ્તિષ્કમાં અરસ પરસ વિવેક-આમાન્યાની અમીટ અદશ્ય લક્ષ્મણરેખા અંકિત થશે. વૈચારિક, આદાન પ્રદાન જ પાયો છે. અધિકારની જગ્યા કર્તવ્ય લેશે,'મારું કર્તવ્ય છે તેવો ભાવ હૃદયમાં ઉઠે તો જ સમસ્યાઓ ઓછી થશે. પ્રથમ તો આવી અદકેરી પહેલ કરનાર સમાજની ત્રણેય પાંખોના કારોબારી સભ્યોને અભિનંદન..! ગામોગામ સંગઠન-જાગૃત્તિ સભાઓ થઈ છે. જેમા ગામોગામના યુવાનો જોડાયા છે. આ સહિયારી યાત્રા છે. પ્રયાસ છે. અધુરાશ હોય તો આપણે સૌએ પૂરક બનવાનું છે. નકારાત્મકતા વ્યકત કરી હતોત્સાહી કરવું સહેલું છે પણ ખૂલ્લા મનથી પોષક સુધારા સૂચવી સારું વાતાવરણ સર્જવું કઠીન જરૂર છે પણ અશકય નથી. આપણે વિશાળ માળખાં બાંધી શકીએ છીએ તેમ મન બાંધવા વધુ પ્રયાસ કરવાની જરૂર છે. આપણે જાણીએ છીએ કે સમાજનું બિલ્ડિંગ કે સમાજવાડી બાંધવી સહેલી છે મન બાંધવા કઠીન છે. ભુજ સમાજના કાર્યકર્તાઓએ જ્ઞાતિના એક એક પરિવાર સુધી પહોંચવાનો સંકલ્પ કર્યો છે. આ કાર્યમાં ટીમ બનીને કામ કરવું પડશે. કોઈ એકલદોકલ કાર્યકર્તાથી આ સંભવ નથી. વડિલોનું પ્રત્યક્ષ માર્ગદર્શન અને ગામોગામના જ્ઞાતિજનોએ એકજૂટ થઈ વાતાવરણ સર્જવું પડશે. સમાજ દ્વારા, સમાજ માટે, સમાજથી, આપણી સમસ્યાઓ માટે સાથે કદમ મિલાવીએ..'ઘરસભા' એ માત્ર વિચાર બની ન રહી જાય એ જોવાનું કર્તવ્ય આપણા સૌનું છે.

''હર હર સમાજ, ઘર ઘર સમાજ''



# કાર્યકર્તાઓ દ્વારા શરૂ કરવામાં આવેલી પરિવાર સભા અને તેની તસવીરો

રાષ્ટ્રનું અને સમાજનું પાયાનું અંગ એટલે પરિવાર, પરિવાર જેટલું સુસંસ્કારી અને મજબૂત હશે તો જ સમાજ અને રાષ્ટ્ર મજબૂત થશે. ઘણા બધા પ્રશ્નોનું સમાધાન પરિવારના માધ્યમથી આપોઆપ થતા હોય છે તેથી આપણા સમાજ દ્વારા ગામેગામની કાર્યકર્તા બેઠકમાં પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવદ્રઢ કરવા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું. જીવન બને છે પારિવારીક સંસ્કાર થકી. પારિવારીક સંસ્કાર જ જીવનની સાચી મુળી છે. સંસ્કાર થકી જ વ્યવસાય, નોકરી, સમાજ અને રાષ્ટ્ર જીવનમાં પ્રગતિ સાધી શકાય છે. પરિવારનું મહત્ત્વ અધિક છે. સંસ્કાર, વાત્સલ્ય, અનુભવથી ઘડાયેલી શીખ, વડીલોની છત્રછાયા આ બધુ પરિવારમાંથી મેળવેલું સાચું ધન છે. સંબંધોને સાચવી શકાય, નિભાવી શકાય પરંતુ તેને કોઈ માપદંડ કે ત્રાજવે જોખી/તાળી ન શકાય. પરિવાર જીવનની પ્રથમ સાચી નિશાળ છે, પાઠશાળા છે. પરિવાર સંસ્કાર જીવન ઘડતરનું પ્રથમ પગથિયું છે. પરિવાર મેળાવડા થકી પરિવારના સભ્યો વચ્ચે સ્નેહ અને સમજણનો વિકાસ થાય છે. તેથી પરિવાર સંસ્કારની અગત્યતતા આપણે સૌએ સમજવી રહી. પરિવાર સંસ્કાર થકી માનસિક, શારીરિક, આધ્યાત્મિક તેમજ આર્થિક વિકાસ સાધી શકાય છે. તેથી પરિવાર મિલન કે પરિવાર સભા પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવ દ્રઢ કરવા માટે જરૂરી છે. પરિવાર બેઠક, પરિવાર સભા કે પરિવાર ગોષ્ઠિ કે પરિવાર મિલન નામ ગમે તે આપીએ, તેની શરૂઆત આપણા પોતાના ઘરથી કરીએ તો જ પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવ દ્રઢ થઈ શકે. ઘરના સભ્યો એકત્ર બની મનમેળ દાખવે, સમય ફાળવે, ખુલા દિલથી વાતો કરે તો આનંદિત વાતાવરણ થકી નવી સકારાત્મક ઉર્જા જાગે છે. બાળકોને સંસ્કાર આપવા એ બહુ કઠીન વાત છે અને જો બાળકો ને સંસ્કારી બનાવવા હોય તો પહેલા મા-બાપ પોતે સંસ્કારી થવું પડશે.

પારિવારીક સંસ્કાર અને ભાવ દ્રઢ કરવા શરૂઆત પોતાનાથી કરીએ પછી પરિવારને અને પછી દુનિયાને સુધારીએ. ‘‘ઘરને મંગળ બનાવીએ તો જ સમાજ અને રાષ્ટ્રનું મંગળ થશે.’’ સમાજ દ્વારા સમાજના કાર્યકર્તાઓને પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવ દ્રઢ કરવા માટે ઘરસભાની શરૂઆત પોતાના ઘરથી કરવાની અપિલ કરી, તે અપિલ ને અનેક કાર્યકર્તાઓ ઝીલીને ઘર સભાની શરૂઆત પોતાના ઘરથી કરી જેની પ્રતિકાત્મક કેટલીક તસવીરો અહિં મુકવામાં આવી છે.



## કાર્યકર્તાઓ દ્વારા શરૂ કરવામાં આવેલી પરિવાર સભા અને તેની તસવીરો



**તો ચાલો આપણે પણ આપણા પરિવારને સુસંસ્કારી, સંગઠિત, ઊર્જાવાન રાખવા આપણા ઘરમાં ઘરસભાના શ્રી ગણેશ કરીએ**

# સમાજ દ્વારા થતા સંગઠન અને જનજાગરણ પ્રવાસ અંગેનો પ્રતિભાવ

સંગઠન મજબુત કરવા અને સામાજીક જાગૃતિ લાવવાના ભાગરૂપે લેવા પટેલ સમાજ દ્વારા ''સંગઠન અને જનજાગરણ પ્રવાસ'' ના માધ્યમથી જે બેઠકો થઈ છે તેનાં દ્વારા ખરેખર બહુ જ સારા પરિણામ મળી શકે એમ છે. અગાઉ પણ ગામડાંના પ્રવાસો થતા જ હતા પરંતુ મોટેભાગે એ કોઈને કોઈ આયોજનની જાણ માટે કે નિમંત્રણ આપવા માટે થતા. પરંતુ વર્તમાનમાં થતી બેઠકોમાં ચર્ચાના નક્કી થયેલ ૮ મુદ્દાઓ જે બધા જ અગત્યના છે અને ૩ ગામોમાં આવી બેઠકોમાં ઉપસ્થિત રહેવાનો અવસર મળેલ તેના આધારે જોતાં સરકારી નોકરીમાં જોડાયેલાઓની વિગત, સ્પર્ધાત્મક પરીક્ષા અને ઔદ્યોગિક તાલીમ તથા પારિવારીક સંસ્કારનો ઉકેલ દેખાય છે. સાથે પરિવાર સંસ્કારની ચર્ચામાં યુવાનો ઉપરાંત વડીલો અને બહેનોની અને લોકોમાં મોટે ભાગે એનો ઉકેલ ઘર સત્સંગ સભા, પરિવાર સભા અને પરિવારનાં સમુહ ભોજનમાં દેખાતો હોય એવું લાગ્યું. સમાજે આ વિષયને હાથમાં લીધો છે એટલે સમાજ સાથે વિશેષ લાગણી કે સક્રિયતા ધરાવતા ભાઈઓ-બહેનોમાં એક નવી આશા જાગી છે. મોબાઈલનો સદુપયોગને બદલે દુરૂપયોગ વધુ થાય છે અને એનાં કારણે અનેક નવી સમસ્યાઓ ઉભી થઈ છે એ બાબતે પણ વડીલો ખુબ જ ચિંતીત દેખાયા. જેના અમુક અંશે ઉકેલ તરીકે ચોવીસીના એક ગામની સમસ્યા માટે યોજાયેલ મોટી સભામાં સમાજ અગ્રણી અરજણભાઈ પીંડોરીયાએ સુચવેલ ઉપાય યાદ આવ્યો જેમાં રાત્રે ઘરના બધા જ સભ્યો પોતપોતાના મોબાઈલ ઘરના વડીલોની દેખરેખમાં એક જગ્યાએ મુકી દે. અને એ ઉપાય શક્ય હોય તો સૌએ કરવા જેવો લાગ્યો કારણ કે જે યુવાન અને યુવતીઓ રાત્રે મોબાઈલને પોતાની પહોંચથી દુર રાખી દેશે એ પોતાની આવનારી અનેક સમસ્યાઓથી બચી જશે. લોકોને સ્પર્શતી સમસ્યાઓના ઉકેલ માટે સમાજના કાર્યકર્તાઓ સામેથી પોતાને ત્યાં આવે છે એ વાત પણ લોકોમાં નવી આશા જન્માવે છે અને નક્કી કરેલ મુદ્દાઓ ઉપરાંત પણ લોકોને સતાવતા અન્ય જે વિષયો સામે આવે છે એની માહિતી સમાજ સુધી પહોંચે છે એટલે જરૂરી જણાય એવા પ્રશ્નોના ઉકેલ માટે વિચાર કરવા અને સમાજના ખુણે-ખુણામાં શું ચાલી રહ્યું છે અને લોકો શું વિચારી રહ્યા છે એ વાસ્તવિકતા પણ ધ્યાને આવે છે. યુવક સંઘનું માળખું મજબુત હોય તો સમાજ ધારે તે કરી શકે એટલે સ્થાનિકે યુવક સંઘની નિયમિત બેઠક થાય એનાં માટે સમાજ દ્વારા નક્કી કરેલ કાર્યકર્તા પુછા અને માર્ગદર્શન કરે એ પદ્ધતિ પણ ખુબ સારી છે. બેઠકોમાં થયેલ ચર્ચાને જોતાં સમયે સમયે આવા પ્રવાસોની નિયમિતતા જળવાય અને પ્રોત્સાહન અપાય તો ઘણા યુવાનો પોતપોતાની આવડત પ્રમાણે સારી રીતે સક્રિય થઈ શકે અને ભવિષ્ય માટે સમાજને નવા કાર્યકર્તા પણ મળી શકે. ઉપરોક્ત બેઠકો પછી સુખપર, સુરજપર અને માંડવી વિસ્તારમાં અમુક નવા પરિવારોએ પ્રારંભ કરેલ દર એકાદશીની પરિવાર સભા જેવી પ્રવૃતિઓ સમગ્ર ચોવીસી માટે ઉદાહરણ અને પ્રોત્સાહન રૂપ છે.

**રામજી વેલાણી-સુખપર**

# શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર

## ઓનલાઈન શિક્ષણકાર્યનો પ્રારંભ




કોરોના મહામારીના પગલે વિદ્યાર્થિઓના શિક્ષણકાર્ય પર અસર ન પડે, અભ્યાસ સાથેના સંપર્ક જળવાઈ રહે તે આશયથી માર્ચ માસથી ધોરણવાર અભ્યાસ ગ્રુપ બનાવી ઓનલાઈન શિક્ષણકાર્ય શરૂ કરી સંસ્થાએ એક ઉમદા કેડી કંડારી છે.

આ અભિયાન અંતર્ગત દરેક ધોરણના વિદ્યાર્થિઓને દરરોજ ૩ થી ૫ વિષયના વિડીયો ટાઈમટેબલ મુજબ યુ-ટ્યુબના માધ્યમે લિંક કરી શિક્ષણકાર્ય શાળાના શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે જેથી બાળક પોતાના અનુકૂળ સમયે તેની પાસે ઉપકરણ ઉપલબ્ધ હોય ત્યારે અભ્યાસ કરી શકે.

આ અભ્યાસ દરમિયાન આપેલા કાર્યનું નિયમિત ફોલોઅપ લેવાય,સમયાંતરે એકમ કસોટીઓ દ્વારા મૂલ્યાંકન પણ થાય,ગ્રુપમાં મર્યાદિત વિદ્યાર્થિઓને બોલાવી નોટબુક ચકાસણી પણ થાય.

## શૈક્ષણિક સોફ્ટવેરનું ઈન્સ્ટોલેશન



વિદ્યાર્થિનીઓને અભ્યાસમાં વધારે ઉપયોગી થાય તે માટે જાણીતી શૈક્ષણિક સોફ્ટવેર બનાવતી કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ ધોરણ અનુસાર શૈક્ષણિક સોફ્ટવેર સંસ્થાની દરેક વિદ્યાર્થિનીઓ માટે સંસ્થાએ તેમના મોબાઈલમાં ઈન્સ્ટોલ કરાવી ઉપલબ્ધ કરાવેલ છે.

## ઓનલાઈન રાખડી હરીફાઈ




શાળાના ઉદ્યોગ શિક્ષક દ્વારા વિદ્યાર્થિનીઓને રાખડી બનાવવા અંગે ઓનલાઈન માર્ગદર્શન આપી ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

## સ્વાતંત્ર્યદિનની ઓનલાઈન ઉજવણી




૧૫મી ઓગસ્ટની ઉજવણીને અનુરૂપ વિદ્યાર્થિનીઓએ પોતાની ભાવનાઓને કૃતિઓ સ્વરૂપે મોકલેલ.




ભારત વિકાસ પરિષદ દ્વારા સ્વાતંત્ર્યપર્વને અનુલક્ષીને યોજાયેલ 'આત્મનિર્ભર ભારત' વિષયની નિબંધ સ્પર્ધામાં કુલ ૧૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. જે પૈકી ધોરણ-૭ની વરસાણી ભક્તિ લાલજી, (ભારાસર) હિન્દી ભાષામાં નિબંધ લખી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતાં તેનું એક કાર્યક્રમમાં આયોજક સંસ્થા દ્વારા ટ્રોફી થી સન્માન કરવામાં આવ્યું હતું.

## ઓનલાઈન ક્વિઝ




કોરોના જાગૃતિ અને દેશભક્તિ આધારિત ક્વિઝ સ્પર્ધામાં ધોરણ-૧૨ આર્ટ્સની વિદ્યાર્થિની રાબડીયા અંજની ગોપાલ, બળદિયા વિજેતા થયેલ. કુલ-૭૬ વિદ્યાર્થિનીઓએ આ ક્વિઝમાં ભાગ લીધેલ.

## શાળાકક્ષાએ ધ્વજવંદન કાર્યક્રમ




૭૪માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત શાળાકક્ષાએ સમાજના પૂર્વ મંત્રી અને કન્યા સંસ્કારધામના સંયોજક શ્રી રામજીભાઈ સેંઘાણી,યુવકસંઘ પ્રમુખ શ્રી મનજીભાઈ પિંડોરીયા,શ્રી નિમુબેન મેપાણીની ઉપસ્થિતિમાં કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

## શિક્ષકદિવસની ઉજવણી

વિદ્યાર્થિનીઓએ પોતાના હાથે તૈયાર કરેલ કાર્ડ-વિડિયો શિક્ષકદિવસે શુભેચ્છા સ્વરૂપે મોકલ્યા.




## ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતીની ઉજવણી



ગાંધીવંદના, ''ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીના વિચારો વર્તમાન પરીપેક્ષ્યમાં '' વિશે શિક્ષકોની ડીબેટ, શ્રી કિરણબહેન કટુઆ, શ્રી વિજયાબહેન ભુવા, અને રૂપલબહેન હંસોરાએ પ્રસંગોચિત વકતવ્ય તથા સંગીતશિક્ષક શ્રી ધારાબહેન અધિકારીએ નરસિંહ મહેતા કૃત ''વૈષ્ણવજન તો તેને રે કહીએ.''રજૂ કર્યુ હતું. ઉપરાંત સ્ટાફ પરિવારે શાળા સફાઈ કરી શ્રમદાન કર્યુ હતું.




ગાંધીજયંતીને અનુલક્ષીને 'શ્રમનું ગૌરવ' અને ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' વિષય પર આયોજિત ફોટોગ્રાફી સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ હોંશભેર ભાગ લીધો.

## ગાંધીજયંતી ક્વિઝ




ગુજરાત શાળા શિક્ષણ પરિષદ દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત આયોજિત ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં ૭૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.

## શ્યામજીકૃષ્ણવર્મા જીવન પરિચય ક્વિઝ




૪ ઓક્ટોબરના ક્રાંતિ વીર શ્યામજી કૃષ્ણ વર્માની જન્મ જયંતી પર આધારિત ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં સમગ્ર શાળા સ્ટાફ પરિવારે ભાગ લીધો.

## નવરાત્રી પર્વને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

### આરતી શણગાર




### ગરબા શણગાર




### દાંડિયા શણગાર




### મહેંદી હરીફાઈ




### ઘરેણાં બનાવવા




### પ્રાચીન/અર્વાચીન ગરબા ગાયન તથા નવદુર્ગાની વેશભૂષા



## વેલ ડ્રેસ અને વેલ પ્લે સ્પર્ધા (શિક્ષકો માટે)



## Shree Kutchi Leva Patel Samaj English School, Bhuj

### Activity Report

### Rakhi Making Activity

In this activity students of Ukg to 2nd std participated and made good Rakshis. Teachers also explained how to make Rakhis.




### Drawing Activity:



The participated students drew nice pictures and coloured well.In UKG-CAT, std 1st -nature picture, Std 2nd -Car. All pictures were drawn very well.

### Poem & Story Competition

Lkg and Ukg children took part and sang poems with actions. Std 1st and 2nd participated students told stories.

### Craft Activity

In this activity, teachers guided how to make Fish, Elephant, face, coloured paper bag, Wrist-Watch with paper and from Wastage Bottle how to make jet. Students made nice paper craft.




### Healthy Food Activity




The purpose of this activity was children can learn to eat healthy food. Some students and parents also participated and prepared videos of healthy food.

### Fancy Dress & Dance Competition




Students, participated in fancy dress Competition and used props from home materials and done good ability to show. Children danced on patriotic song also.

## Mask Activity-2




Children made mask of Sun and Cloud from paper an coloured nicely.

## Sources Of Water Project




Children made posters and explained well about the sources of water and how to store the rain water by harvesting method.

## Navratri Celebration



# શ્રી પ્રાથમિક કન્યા વિદ્યામંદિર

# અહેવાલ



## ઓનલાઈન શિક્ષણ

''શાળા બંધ છે શિક્ષણ નહીં'' અંતર્ગત આપણી શાળાએ બાળકોનું શિક્ષણ ન બગડે અને બાળકને કોરોનાથી બચાવવા ઓનલાઈન શિક્ષણ કાર્યક્રમનું સફળ આયોજન કરેલ છે. બાળકો શિક્ષણથી દૂર ન રહે તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી તેમજ એજ્યુકેશન વિડિયો બનાવી સરળતાથી બાળકો સુધી શિક્ષણ પહોચાડવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. કોરોનાની મહામારીને કારણે બાળકોને ઓનલાઈન શિક્ષણ તો મળે છે પણ રમતગમત, યોગા, તહેવારો તેમજ મહત્વના દિવસોની ઉજવણી વિવિધ પ્રતિયોગિતાઓ દ્વારા કરાવવામાં આવે છે. બાળકે મેળવેલ ઓનલાઈન શિક્ષણમાંથી કરેલ અર્થગ્રહણ ચકાસવા ઓનલાઈન પરીક્ષા અને લેખિત પરીક્ષાનું સરાહનીય આયોજન કરવામાં આવેલ છે. ઓનલાઈન શિક્ષણ કાર્યક્રમનું સમગ્ર આયોજન શાળાના આચાર્યશ્રી ખુશ્બુબેન અને સુપરવાઈઝરશ્રી શૈલીબેન દ્વારા કરવામાં આવેલ છે. શાળાના શિક્ષીકાશ્રીઓએ ખૂબ જ નિષ્ઠાપૂર્વક સરાહનીય કામગીરી બજાવેલ છે. સિક્કાની બે બાજુ હોય તેમ વિદ્યાર્થી માટે પણ શિક્ષક અને વાલી સાથે મળે તો વિદ્યાર્થીનું શિક્ષણ દિપી ઉઠે. આ કપરી પરિસ્થિતિમાં આપણા વાલીશ્રીઓએ પણ ટેકનોલોજીને અપનાવીને વિદ્યાર્થીના ભવિષ્યને ઉજળું બનાવવા ખૂબ જ સાથ સહકાર આપેલ છે.

## ચિત્ર સ્પર્ધા




''હું છું કોરોના વોરિયર'', ''પ્રદુષણ મુક્ત ભારત'',''Stay Home Stay Safe ''વિદ્યાર્થીઓએ રસ અને રૂચિ મુજબ વિષય પસંદ કરીને પોતાના ચિત્રની અભિવ્યક્તિ કરી હતી. જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો.

ધોરણ -(૧)(પ્રથમ)પિંડોરીયા મનસ્વી ગોવિંદ(૧-અ), ધોરણ -૨(પ્રથમ) વેકરીયા પ્રાર્થના અરવિંદ(૨-બ), ધોરણ -૩(પ્રથમ) વેલાણી આયુષ બિપિન(૩-બ), ધોરણ-૪(પ્રથમ) હિરાણી વિવેક જયેશ(૪-અ), ધોરણ-૫ (પ્રથમ) હિરાણી ઉર્વિ ભરત(૫-ક)

## ૫ જૂન-વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી





૫ જૂન, ૨૦૨૦નાં 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિતે આચાર્યાશ્રી ખુશ્બુબેનનાં માર્ગદર્શન હેઠળ અત્યારની કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓ માટે તેમના ઘેર થી જ વૃક્ષારોપણ કરીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલી વૃક્ષ પ્રેમની ભાવના ઉત્સાહભેર પ્રગટ કરી હતી. આજના દિવસે વિદ્યાર્થીઓમાં ''વૃક્ષ મારા ભેરુ'' નો ભાવ જોવા મળ્યો હતો.

## ગુરુપૂર્ણિમાની ઉજવણી



## રક્ષાબંધનની ઉજવણી



ભાઈ બહેનના પ્રેમને વ્યક્ત કરતો તહેવાર એટલે રક્ષાંબધન. ૩ ઓગસ્ટ, ૨૦૨૦નાં રોજ આપણી શાળા દ્વારા ઘેર બેઠા જ રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સર્વે વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહીને વેસ્ટ વસ્તુઓમાંથી બેસ્ટ રાખડીઓ બનાવી પોતાનામાં રહેલા હુન્નર ઉજાગર કર્યા હતા. આ સ્પર્ધામાં નીચે મુજબના નંબર આપવામાં આવેલ છે. ધોરણ -૧(પ્રથમ) ખેતાણી મુક્તિ રમેશ(૧-ક), ધોરણ-૨(પ્રથમ) ગોરસીયા દિશા નીલેશ(૨-અ), ધોરણ-૩ (પ્રથમ) વેકરીયા મેહુલ હરજી (૩-બ), ધોરણ-૪(પ્રથમ) વેકરીયા ભક્તિ હરીશ (૪-અ), ધોરણ-૫(પ્રથમ) વસ્તાણી દિવ્ય અરવિંદ(૫-ક)

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

દેશભક્તિ ગીત ગાયન સ્પર્ધા — નિબંધ સ્પર્ધા

ધોરણ-૧(પ્રથમ) ધોરણ-૨(પ્રથમ) ધોરણ-૩(પ્રથમ) ધોરણ-૪(પ્રથમ) ધોરણ-૫(પ્રથમ)



હિરાણી વૃંદા હિરેન (૧-બ) લાછાણી સિદ્ધિ દિનેશ (૨-બ) વરસાણી હેત્વી અશ્વિન (૩-બ) વેકરીયા ભક્તિ દિનેશ (૪-અ) હિરાણી દર્શના સુરેશ (૫-બ)





૧૫મી ઓગસ્ટ સર્વે ભારતવાસીઓ માટે મહત્વનો દિવસ છે. કારણ કે તે દિવસે ભારત દેશને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી હતી. ૧૫મી ઓગસ્ટ ૨૦૨૦નાં રાષ્ટ્રીય તહેવાર નિમિતે શાળામાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ શાળામાં હાજર રહી શકેલ ન હોતા તેમના માટે તેમના ઘરેથી જ ધો.૧ થી ૫ માટે રાષ્ટ્રીય પ્રતીકો બનાવવાની સ્પર્ધા અને ધો.૪ અને ૫નાં વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનં તથા ધો.૧ થી ૩ નાં વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ગીત ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાનો ઉત્સાહ બતાવ્યો હતો. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શાળા ખુલે ઈનામ આપવામાં આવશે. ધોરણ-૧(પ્રથમ) ભુવા તન્વી લાલજી (૧-અ), ધોરણ-૨(પ્રથમ) વેકરીયા પ્રાર્થના અરવિંદ(૨-બ), ધોરણ -૩(પ્રથમ) વરસાણી દિયન મહેશ (૩-અ),ધોરણ-૪ (પ્રથમ) રાબડીયા વિવાન કલ્પેશ (૪-અ), ધોરણ-૫(પ્રથમ) વરસાણી જય ભરત (૫-બ)

## ગણેશચતુર્થીની ઉજવણી

ગણેશજીનું મહોરું બનાવવાની સ્પર્ધા — એક પાત્રીય અભિનય

ધો.૧ અને ૨ માં પ્રથમ — ધો. ૩ થી ૫માં પ્રથમ — ધો.૩ થી ૫ માં પ્રથમ



હિરાણી વૃંદા હિરેન(૧-બ) રાબડીયા વિવાન કલ્પેશ(૪-અ) હાલાઈ રુદ્ર રવજી (૩-બ)

### માટીમાંથી ગણેશ બનાવવાની સ્પર્ધા



ધો.૧(પ્રથમ) વસ્તાણી જીનલ લલીત (૧-અ) ધો.૨(પ્રથમ) વરસાણી યશી સંજય (૨-અ) ધો.૩(પ્રથમ) હાલાઈ રુદ્ર રવજી (૩-બ) ધો.૪(પ્રથમ) હાલાઈ જીનાલી ગોપાલ (૪-અ) ધો.૫(પ્રથમ) વસ્તાણી દિવ્ય અરવિંદ (૫-ક)

## શિક્ષક દિનની ઉજવણી



ગીત ગાયન સ્પર્ધા
ધોરણ - ૧ થી ૩



પુંજાણી તીર્થ હસમુખ(૧-ક) દવે મોહના ભરતભાઈ(૨-અ) મેપાણી વિધીષા કાંતિલાલ(૩-અ)

# માતૃશ્રી આર. ડી. વરસાણી કુમાર વિદ્યાલય - ભુજ



સામાન્ય સ્થિતિમાં પરિવાર અને શાળાના સંયુક્ત પ્રયાસોથી બાળકનું નવસર્જન થતું હોય છે. માનવ ઘડતરમાં શાળાના શિક્ષકોનું અને માળખાનું એક અગત્યનું યોગદાન હોય છે. એમાં પણ આપણા સમાજ માટે શિક્ષણ પ્રત્યે પરિવારમાં જાગૃતિનો અભાવ એ શાળા માળખાં પર જ બાળકોને નિર્ભર બનાવ્યા છે.

આજનો યુગ ટેક્નોલોજીનો યુગ છે. હાલના સમયમાં આ મહામારીના સમયમાં બાળકોના સ્વાસ્થ્યને ધ્યાને લઈ બાળકો પુસ્તકના અભ્યાસક્રમ સાથે જોડાઈ રહે અને સ્પર્ધાત્મક યુગ સાથે કદમ મિલાવી શકે તે માટે મોબાઈલને શાળાના પર્યાય તરીકે સ્વીકારવામાં આવ્યો છે.

ખરેખર, મોબાઈલ એ બાળકો માટે શાળાનું સ્થાન લઈ શકે? ના. મોબાઈલ એક માધ્યમ છે જેના ઉપયોગ બાબતે સભાન તો 'મા' અને 'માસ્તરે' જ કરવા જરૂરી છે. બાળક ઘર પરિવાર મધ્યે હોય ત્યારે ઉત્તમ ગુરૂ 'મા' અને શાળામાં બાળક આવે એટલે ઉત્તમ માર્ગદર્શક 'માસ્તર'. હાલની સ્થિતિમાં બાળકો માટે શાળાએ આવવું શક્ય ન બનતાં મોબાઈલના માધ્યમથી બાળકોને 'માસ્તર' સાથે જોડવાના ઉત્તમ પ્રયાસો શાળા દ્વારા કરવામાં આવી રહ્યાં છે; પરંતુ પરિણામ હતાશાજનક આવી રહ્યાં છે, કારણ કે બાળઘડતરના પ્રયાસ ક્યાંક એકતરફી થતાં હોય એવું દેખાઈ રહ્યું છે.

બાળઘડતરમાં વડીલોની શીખ અને સ્નેહ તેના જીવનને સંવેદનશીલ બનાવી, ઉત્તમ માનવ બનાવવા પાયાની ભૂમિકા ભજવે છે, પરંતુ હાલના સમયમાં પરિવારના સ્નેહનું સ્થાન મોબાઈલને આપી દેવામાં આવ્યું છે. મોબાઈલ એક સાધન છે.તેના ઉપયોગ વિશે સારા નરસાના માર્ગદર્શનના અભાવે બાળકમાં રહેલી સંવેદનશીલતાનું સતત ધોવાણ થતું જોવા મળી રહ્યું છે.અને બાળકો તેના વડીલો અને ઘર પરિવારના સભ્યોથી દુર એક મોબાઈલમાં કેદ થઈ રહ્યા છે.અને આમાં માત્ર બાળકો જ જવાબદાર નથી; પરંતુ તેના માતા પિતા પણ એટલાં જ જવાબદાર છે!

બાળકને શિક્ષણ માટે ફોન અપાવી દીધો એટલે પોતાની ફરજ પૂરી સમજી અને સંતોષ માનનાર વર્ગ આપણા સમાજમાં મોટો છે.અને પરિણામ સ્વરૂપે આજે આશાસ્પદ સમાજનો સમજુ યુવા વર્ગ સ્વચ્છંદી બની રહ્યો છે. મૂલ્યોનું ધોવાણ થતું જોવા મળી રહ્યું છે, મા-બાપના આંસુ પર સંવેદનહીન થતાં બાળકો જોવા મળી રહ્યાં છે. શાળા દ્વારા જાગૃતિના સ્વરૂપે મા-બાપને સજાગ કરવામાં આવે તો તેને નજરઅંદાજ કરવામાં આવી રહ્યું છે. આનું પરિણામ સમાજના ભાવિ માટે ચોક્કસ ભયાનક હોઈ શકશે!

શાળા દ્વારા શીખવાતા મૂલ્યોનું ક્યાંક ઘર-પરિવાર દ્વારા જ છેદ ઉડાવવામાં આવે છે.છતાં આ પરિસ્થિતિમાં પણ શિક્ષકો દ્વારા સતત બાળકોને જ્ઞાનનું ઉત્તમ ભાથું કઈ રીતે મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.જેના ભાગરૂપે દર ૧૫ દિવસે ધો-૬ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓનું તારણ તૈયાર કરી સમયની સાથે ન ચાલતા બાળકોના વાલીઓને જાણ કરવામાં આવે છે અને જરૂર જણાય ત્યાં બાળકોને વ્યક્તિગત મેસેજ કે ફોન કરી શાળાએ બોલાવવામાં આવે છે.

બાળકોના શૈક્ષણિક વિકાસના મૂલ્યાંકન માટે ઓનલાઈન કસોટીનું આયોજન થાય છે.ધો.-૧૦,૧૨ ના વિદ્યાર્થીઓનું મહત્વનું વર્ષ હોઈ વિદ્યાર્થીના રોજેરોજના કાર્યનું નિરીક્ષણ કાર્ય અને દરેક પાઠના અંતે એકમ કસોટીનું આયોજન હાથ ધરાય છે. આ અરસપરસ સહકારની પ્રક્રિયામાં સરેરાશ ૪૦% વાલીઓ આંખ આડા કાન કરી જવાબદારીથી હાથ ખંખેરી અને બાળકો નથી માનતા એવું કહી દોષનો ટોપલો બાળક પર ઢોળી દે છે. સમજ ન પડે એવું કહી વાસ્તવિક મૂડી તરફ દુર્લક્ષ સેવતા હોવાનો સામાન્ય અનુભવ છે.

## નિબંધ સ્પર્ધા

શાળાના વિદ્યાર્થીઓ ઘરે રહીને પણ સહઅભ્યાસિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહે તેમજ તેમનામાં મૌલિક લેખન કૌશલ્ય વિકસે તે હેતુથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ લખેલા નિબંધ વોટ્સએપ ગ્રુપમાં જે-તે શિક્ષકને મૂક્યા હતા.

## 'સ્વાતંત્ર્યદિન પર્વ'ની ઉજવણી



૧૫મી ઓગસ્ટ એટલે કે સ્વાતંત્ર્યદિનની ઉજવણી શાળાના પ્રાંગણમાં સમાજના મંત્રી ગોપાલભાઈ વેકરીયા, કેશરા સાહેબ, આચાર્યા લક્ષ્મીબેન તેમજ શિક્ષકગણની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ગોપાલભાઈ વેકરીયા, એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈના વરદ્ હસ્તે તેમજ રાષ્ટ્રગીતના ગાયન સાથે તિરંગો ફરકાવાયો.

## આર્ટ & ક્રાફ્ટ પ્રવૃતિ

પ્રવર્તમાન સંદર્ભે માતુશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે ઈતર પ્રવૃતિમાં પણ જોડાયેલ રહે છે. જે અન્વયે નવરાત્રિ તથા દિવાળી પર્વ નિમિત્તે પણ કલાત્મક પ્રવૃત્તિઓ કરાવવામા આવી હતી., જે નીચે મુજબ છે.



## પૂઠાંની ફોટોફ્રેમ

ઘરમાં પડેલાં નકામા પૂઠાંનો સદુપયોગ કરી તેને સુંદર કલાત્મક બનાવવા માટે 'પૂઠાંની ફોટોફ્રેમ' બનાવવાની પ્રવૃત્તિ કરાવાથી હતી. જેમાં ઘણા બધા વિદ્યાર્થીઓએ ફ્રેમ બનાવી તેમાં પોતાનો ફોટો મૂકી સાથે સેલ્ફી લઈ મોબાઈલના માધ્મયથી શાળાએ પહોંચાડ્યો હતો.

## ગરબા શણગાર સ્પર્ધા



પ્રથમ ક્રમાંક ધો. ૬ હાલાઈ શિવમ મુકેશ - ભુજ | દ્વિતિય ક્રમાંક ધો. ૧૧ હાલાઈ હર્ષદ રમેશ - માનકુવા | તૃતીય ક્રમાંક ધો. ૭ પિંડોરીયા મીત મુકેશ - માનકુવા

મા શક્તિની ઉપાસનાનો પર્વ એટલે નવરાત્રિ. આ પર્વની ઉજવણી વિદ્યાર્થીઓએ ઘરે રહીને જ વિવિધ વસ્તુઓથી ગરબાને શણગારે તેમજ જાતે શણગારેલા ગરબાની સ્થાપના કરે, તે હેતુથી 'ગરબા શણગાર સ્પર્ધા'નું આયોજન શાળા કક્ષાએ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાંથી ઉત્તમ ૩ ગરબાને ક્રમાંક આપી પ્રોત્સાહિત કરાયા હતા.

## આરતી થાળી શણગાર સ્પર્ધા



પ્રથમ ક્રમાંક ધો. ૭ વેકરિયા હર્ષ ભરત - મિરજાપર | દ્વિતિય ક્રમાંક ધો. ૬ ગોરસીયા ભાવિક કાંતીલાલ - માધાપર | તૃતીય ક્રમાંક ધો. ૮ ભુડિયા રૂદ્ર દિનેશ - માંડવી



વિદ્યાર્થીઓ જાતે આરતીની થાળી શણગારી નવરાત્રિ પર્વ દરમિયાન માતાજીની આરાધના પૂજા કરે તેવા શુભ આશયથી 'આરતી થાળી શણગાર સ્પર્ધા' યોજાયેલ હતી. જેનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.

## રંગોળી સ્પર્ધા



પ્રથમ ક્રમાંક ધો. ૮ ગામી સૌમ્ય અરવિંદ - માધાપર | દ્વિતિય ક્રમાંક ધો. ૮ કેરાઈ રૂપેશ હરિશ - માનકુવા | તૃતીય ક્રમાંક ધો. ૮ અજાણી અંશ વિનોદ - દહિસરા

દિવાળી પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ જાતે પોતાના ઘર આંગણાને રંગોળીથી સુશોભિત કરે અને પર્વ સાથે સંકળાયેલી ધાર્મિક બાબતોથી પરિચિત થાય તે હેતુથી 'રંગોળી સ્પર્ધા' લેવાયી હતી. જેમાં ૧૧૫ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ વસ્તુનો ઉપયોગ કરી ખૂબ જ કલાત્મક રંગોળીથી પોતાના આંગણાને સુશોભિત કર્યું હતું.

પ્રવર્તમાન પરિસ્થિતિ કોવિડ-૧૯ને કારણે હાલે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે, ત્યારે તેઓમાં રહેલી વિશિષ્ટ કળા અને આવડતને જીવંત રાખવા શાળા દ્વારા તહેવાર અને વિશિષ્ટ દિવસો દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ પણ ઓનલાઈન કરાવવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

## 'રક્ષાબંધન' પર્વની ઉજવણી




પ્રથમ ક્રમાંક ધોરણ -૬ વરસાણી ઘનશ્યામ દિનેશ - સામત્રા | દ્વિતીય ક્રમાંક ધોરણ - ૯ ભુડિયા પૂજન લાલજી - માધાપર | તૃતીય ક્રમાંક ધોરણ-૬ વરસાણી તરૂણ પ્રભુદાસ - ભારાસર



વિદ્યાર્થીઓ તહેવારોની સાથે જોડાયેલી પરંપરાઓને જાણે તે હેતુથી શાળા દ્વારા 'રક્ષાબંધન'ના તહેવારને અનુલક્ષીને 'રાખડી' બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. ૨૫૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ પોતાના ઘરે પડેલી વિવિધ સામગ્રીનો ઉપયોગ કરી 'રાખડી' તૈયાર કરી હતી.

## 'જન્માષ્ટમી' પર્વની ઉજવણી






પ્રથમ ક્રમાંક ધોરણ-૯ વરસાણી નયન મનજી- વેકરા | દ્વિતીય ક્રમાંક ધોરણ-૯ સેંઘાણી ભાવેશ નારણ - નારણપર | તૃતીય ક્રમાંક ધોરણ-૬ ગોરસીયા વિવેક માવજી - સુખપર

વિદ્યાર્થીઓ ભગવાનશ્રી કૃષ્ણના જીવનથી પરિચિત થાય તથા તેમની લીલાઓ સાથે જોડાયેલ સંદર્ભનો ઉપદેશ સમજે આ ઉપરાંત તેમનામાં રહેલી ચિત્રકલા, રંગપૂરણીની શક્તિને ઓળખવા માટે 'જન્માષ્ટમી' પર્વને અનુલક્ષીને 'કૃષ્ણ જીવન આધારિત ચિત્ર સ્પર્ધાનું આયોજન શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

## 'શિક્ષકદિન'ની ઉજવણી



હાલે શાળાઓ તેમજ વર્ગખંડો વિદ્યાર્થી વગર સૂના છે, ત્યારે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય તહેવારો સાથે સંકળાયેલા રહે તેમજ તેને ઓળખે એ હેતુથી શાળાના આચાર્યા તેમજ શિક્ષકશ્રીઓ દ્વારા 'શિક્ષકદિન' વિશિષ્ટ અનોખી ઉજવણી તા.૦૫/૦૯/૨૦૨૦ના રોજ કરવામાં આવી. આ દિવસે ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનને હારારોપણ કરી, દીપપ્રાગટ્ય કરી, પુષ્પ મંત્રોચ્ચારણ સાથે પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી હતી. શાળા આચાર્યા શ્રી લક્ષ્મીબેન દ્વારા દિનમહિમા રજૂ કરવામાં આવી હતી.

## ગમ્મત સાથે જ્ઞાનની પ્રવૃત્તિ




ધો.૭ના વિદ્યાર્થીઓમાં અભ્યાસક્રમની સાથે અંગ્રેજી ભાષામાં અભિવ્યકિતની ક્ષમતા વિકસે તથા learning with skill & creativity નો ગુણ નિખરે તે હેતુથી 'Homephones' શીર્ષક આધારિત એક શૈક્ષણિક સાધન (TLM) જાતે બનાવે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ધો.૭ના મોટાભાગના વિદ્યાર્થીઓએ પોતાની ક્ષમતા અને સૂઝબૂઝના આધારે ચાર્ટ તૈયાર કર્યા હતા, તો અમુક વિદ્યાર્થીઓએ વિડિયોના માધ્યમ દ્વારા શ્રેષ્ઠ દેખાવ રજૂ કર્યો હતો.

## ફાઈલ કવર ડેકોરેશન

વિદ્યાર્થીઓ સામાન્ય વસ્તુઓને શણગારી સુંદર બનાવે તે હેતુથી 'ફાઈલ કવર ડેકોરેશન'ની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના ઘરમાં રહેલાં મોતી, આભલા, સતારા જેવી શણગારની વસ્તુઓથી એટલે કે West ને Best બનાવી આ પ્રવૃત્તિ કરી હતી. જેમાં ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## 'ગણેશચતુર્થી' પર્વની ઉજવણી



પ્રથમ ક્રમાંક ધોરણ-૬
હિરાણી દર્શક બિપીન -માધાપર



દ્વિતીય ક્રમાંક ધોરણ-૮
વેકરિયા હિરેન ધર્મેશ - માંડવી



તૃતીય ક્રમાંક ધોરણ-૯
કેરાઈ દેવેન્દ્ર લાલજી-કુન્દનપર




વિદ્યાર્થીઓ માટી, અનાજ, ફૂલ દ્વારા ભગવાન ગણેશની મૂર્તિ તેમજ વિવિધ કલાકૃતિ તૈયાર કરીને ઘરે બેઠા અનોખી રીતે 'ગણેશચતુર્થી'ની ઉજવણી કરી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને આપણા ધાર્મિક તહેવારો તેમજ તેની સાથે જોડાયેલ કથાઓથી પરિચિત કરવામાં આવ્યા.

## દીવા શણગાર સ્પર્ધા



પ્રથમ ક્રમાંક ધોરણ-૬
હિરાણી ક્રિસ અલ્પેશ -મીરઝાપર



દ્વિતીય ક્રમાંક ધોરણ-૮
વરસાણી રિતેશ મનસુખ - સુખપર



તૃતીય ક્રમાંક ધોરણ-૯
પિંડોરીયા સંજય વિનોદ - સુખપર



પ્રકાશ પર્વ દિવાળીની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થીઓએ કોરોનાકાળના અંધકારને દૂર કરી પ્રકાશ તરફ ગતિ કરવી જોઈએ તેવો સંદેશ પાઠવે તે હેતુથી શાળા દ્વારા 'દીવા શણગાર'ની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ દીવા શણગાર્યા હતા, તેમજ પોતાના ઘર-આંગણાને પ્રકાશિત કર્યા હતા.

## હિન્દીદિવસ

તત્કાળ પરિસ્થિતિમાં જ્યારે વિદ્યાર્થીઓ શાળાએ આવી શકતા નથી, ત્યારે તેઓ પોતાના રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્ર સાથે જોડાયેલ રહે તે હેતુથી ૧૪ સપ્ટેમ્બર એટલે કે 'हिन्दी दिवस' ની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે હિન્દી વિષયના શિક્ષકશ્રીઓએ પોતાના ધોરણના ગ્રુપમાં હિન્દી દિવસની શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત ધો. ૬થી ૮ના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓને 'अनुलेखन' કરાવવામાં આવ્યું હતું.

## ગાંધી જયંતિ

વૈશ્વિક મહામારી COVID-19 ના સંકટગ્રસ્ત સમયમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય પર્વ સાથે સંકળાયેલા રહે તેમજ રાષ્ટ્રીય નેતાઓના વિચારો તથા જીવનવ્યવહારને પોતાના જીવનમાં ગ્રહણ કરે એ હેતુથી 'ગાંધી જયંતી'ની ઉજવણી ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે કરાવવામાં આવી હતી. ૨જી ઓક્ટોબરના દિવસે પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવનપ્રસંગ આધારિત પ્રસંગ લેખન લખી મોબાઈલ દ્વારા શાળાએ પહોંચાડેલ હતા.

## સરદાર પટેલ જન્મ જયંતિની ઉજવણી



### રસોઈદાનની યાદી

| નં | દાતાનું નામ | ગામ | વિગત | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ખીમજીભાઈ લક્ષ્મણભાઈ વેકરીયા | કેરા | સામાન્ય દાન | ૫૦૦૦ |
| ૨ | વેકરીયા હસમુખ ધનજી | કુંદનપર | | |
| | રાબડીયા ચંદ્રકાંત વિનોદ | માંડવી | રસોઈ દાન | ૧૩૦૦૦ |

### વસ્તુ દાનની યાદી

| નં | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧ | હિરજી ગોવિંદ દબાસીયા | માધાપર | બળતણ (૧ ટ્રોલી) |
| ૨ | દિનેશ હરજી હાલાઈ | નારણપર | બળતણ (૧ ટ્રોલી) |
| ૩ | કરશન પ્રેમજી ભંડેરી | નારણપર | બળતણ (૩ ટ્રોલી) |
| ૪ | રવજી હરજી આશાણી | રામપર | બળતણ (૪ ટ્રોલી) |
| ૫ | જગદીશ લાલજી હીરાણી | માધાપર | બળતણ (૩ ટ્રોલી) |

## ''શાળા બંધ છે, શિક્ષણ નહીં''





| 16 | HIRANI DHRUVI PRAVIN | | 70.40% | BHUJ |
| 17 | GORASIYA ANJNI LALJI | | 70.00% | MADHAPAR |

## H.S.C- GENERAL STREM

| NO | NAME | COLLAGE/UNIVERSITY | PERCENTAGE | VILLAGE |
|---|---|---|---|---|
| 1 | VEKARIYA RIYA RAVJI | K V NO 2 ARMY CANTT BHUJ KUTCH GUJ | 93.20% | MADHAPAR |
| 2 | MEGHANI DIVYANI HITESH | DOON PUBLIC SCHOOL MADHAPAR | 89.80% | MADHAPAR |
| 3 | RAGHVANI PARTH RAVJI | MNEELKANTH VIDYAPEETH RES.SCH MAJEEDPUR RR DT TL | 89.00% | AHEMDABAD |
| 4 | JIVANI DIXITA LALJI | M D PATEL ENGLISH MEDIUM | 88.00% | BALADIYA |
| 5 | JAGANI GAMINI JADVA | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 87.72% | SURAJPAR |
| 6 | VARSANI YOGITA GOVIND | | 86.57% | SUKHPAR |
| 7 | HIRANI HITESH DHIRAJ | MATHRUSHREE R D VARSAI KUMAR VIDYALAYA | 82.71% | MADHAPAR |
| 8 | VARSANI SNEHA BHIMJI | | 81.71% | |
| 9 | HIRANI HETAL KESHRA | SWMINARAYAN SCHOOL BHUJ | 80.43% | MANKUVA |
| 10 | VARSANI TULSI MANSUKH | SWMINARAYAN SCHOOL BHUJ | 79.00% | KERA |
| 11 | VARSANI DEVYANI JITENDRA | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 78.71% | KODKI |
| 12 | GORASIYA KOMAL LALJI | SWMINARAYAN SCHOOL BHUJ | 78.14% | SUKHPAR |
| 13 | KERAI MANALI JAYANTI | SWMINARAYAN SCHOOL BHUJ | 78.00% | RAMPAR |
| 14 | VEKARIYA MINAXI GOVIND | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 77.86% | DAHISRA |
| 15 | BHANDERI BALDEV HIRJI | MATHRUSHREE R D VARSAI KUMAR VIDYALAYA | 77.57% | SHIRVA (MANDVI) |
| 16 | HIRANI DEVANSHI ARVIND | SWMINARAYAN SCHOOL BHUJ | 77.43% | MANKUVA |
| | MEPANI CHANDAN RAVJI | MATHRUSHREE R D VARSAI KUMAR VIDYALAYA | 77.43% | MOTA ASMBIYA |
| 17 | VARSANI NAYAN PREMJI | MATHRUSHREE R D VARSAI KUMAR VIDYALAYA | 77.14% | SAMTRA |
| 18 | ASHNAI PUJA JADAVJI | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 76.71% | MANDVI |
| 19 | BHUDIYA NANDNI VINOD | SWMINARAYAN SCHOOL BHUJ | 75.43% | MADHAPAR |
| 20 | BHUDIYA ROSHNI PRAVIN | MAA ASHAPURA HIGH SCHOOL | 75.29% | MADHAPAR |
| 21 | VARSANI AXI KARSHAN | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 75.00% | MANKUVA |
| | BHUDIYA URAMI | MAA ASHAPURA HIGH SCHOOL | 75.00% | MADHAPAR |
| 22 | HIRANI ARPITA SURESH | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 74.43% | MIRZAPAR |
| 23 | VEKARIYA URAVI DHANSUKHBHAI | SWMINARAYAN SCHOOL BHUJ | 74.42% | BALADIYA |
| 24 | PINDORIYA DIYA KIRTIKUMAR | MSV HIGH SCHOOL MADHAPAR | 74.29% | MADHAPAR |
| | RABADIYA SHIVANI VINOD | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 74.29% | MANDVI |

## S.S.C

| NO | NAME | COLLAGE/UNIVERSITY | PERCENTAGE | VILLAGE |
|---|---|---|---|---|
| 1 | HALAI PRIYANSHI NARAN | MAHARAJA AGRASEN VIDYALAYA MEMNAGAR AHEMDABAD | 95.80% | KODKI |
| 2 | HIRANI PRITAM NARAN | | 91.00% | MADHAPAR |
| 3 | PINDORIYA POOJA RAJESH | DIVYA BRAHMLOK GLOBAL ACADEMY SUKHPAR.BHUJ | 91.00% | MIRZAPAR |
| 4 | SENGHANI PURUSHOTAM LALJI | SHREE GHANSYAM ACADEMY NARANPAR,BHUJ | 91.00% | SURAJPAR |
| 5 | KERAI RAMESH SHIVJI | MATRUSHREE R D VARSANI SCHOOL | 89.50% | KODKI |

| | | | | |
|---|---|---|---|---|
| 6 | MEGHANI DIVYANI HITESH | DOON PUBLIC SCHOOL MADHAPAR | 89.08% | MADHAPAR |
| 7 | RABADIYA PRIYANK JITENDRA | SHREE GHANSYAM ACADEMY NARANPAR,BHUJ | 87.00% | SARLI |
| 8 | GONDALIYA KHUSHIL MANSUKH | AIR FORCE SCHOOL ,BHUJ | 85.83% | MIRZAPAR |
| 9 | RUPALIYA BHAKTI ARVIND | WHITE HOUSE PUB SCH HARIPAR | 85.20% | HARIPAR |
| 10 | RUPALIYA ANSHU NAVIN | AIR FROCE SCHOOL | 85.20% | SUKHPAR |
| 11 | HIRANI AYUSHI DEEPAK | DIVYA BRAHMLOK GLOBAL ACADEMY SUKHPAR.BHUJ | 84.50% | MIRJAPAR |
| 12 | SHIYANI YASHIKA VINOD | CHANKYA ACHADAMY BHUJ | 84.33% | MANKUVA |
| 13 | PADHRA DHARMESH JADVA | SURYA VARSANI ACADEMY SCHOOL | 83.16% | SUKHPAR |
| 14 | GANGAJIYANI JAINESHREE KISHOR | SHRI KUTCHI LEVA PATEL KANYA VIDYAMANDIR | 82.50% | DAHISRA |
| 15 | PINDORIYA HITESHREE SHIVJI | SETH ANDREWS SCHOOL | 82.17% | MADHAPAR |
| 16 | VEKARIYA ANKITA SHIVJI | | 81.83% | VADASAR |
| 17 | PINDORIA PRIYANSHI MANJI | WHITE HOUSE PUB SCHOOL | 80.60% | SAMTRA, BHUJ |
| 18 | KERAI HARSH RAMESH | MATRUSHREE R D VARSANI SCHOOL | 80.33% | MANKUVA |

**MIX SPORTS**

| NO | NAME | REMARK | STD-SCHOOL | VILLAGE |
|---|---|---|---|---|
| 1 | DABASIYA KRISHNA SURESH | U 19,TUG OF WAR | MSV HIGH SCHOOL MADHAPAR | MADHAPAR |
| 2 | HIRANI PRIYA PREMJI | TUG OF WAR | | MADHAPAR |
| 3 | HARSIYANI BHAVIKA JAYESH | TUG OF WAR | MSV HIGH SCHOOL MADHAPAR | MADHAPAR |
| 4 | SENGHANI HIREN DEVJI | TUG-OF-WAR FEDRATION OF INDIA | MSV HIGH SCHOOL MADHAPAR | MADHAPAR |
| 5 | GORASIYA BINAL H | YOGA TEACHAR TRAINING COURSE | | BHUJ |
| 6 | KERAI VINOD PARABAT | U19 WUSHU BOYS | R D VARSANI SCHOOL | MEGHPAR |
| 7 | HIRANI RANJNISH LALJI | U17 WUSHU BOYS, NATIONAL WRESTLING CHAMPIONSHIP | R D VARSANI SCHOOL | |
| 8 | PINDORIYA HIREN BHIMJI | U19 WUSHU BOYS | R D VARSANI SCHOOL | MANDVI |
| 9 | HIRANI KISHAN PRAVIN | UN14 FOOTBALL | SAHJANAND GURUKUL MANKUVA | MANKUVA |
| 10 | HIRANI KASHYAP PRAVIN | UN14 FOOTBALL | SAHJANAND GURUKUL MANKUVA | MANKUVA |
| 11 | HIRANI VIVEK SURESH | SWIMMING COMPETITION | SURYA VARSANI ACADAMY | KERA |
| 12 | BHANDERI KEYURI SANTILAL | U19 ATHLETICS GIRLS, U19 THROW BALL | SHREE SAHJANAND GIRLS INSTITUTE, BHUJ | RAMPAR |

**HANDBALL**

| NO | NAME | REMARK | STD/SCHOOL | VILLAGE |
|---|---|---|---|---|
| 1 | KHETANI JINAL MANJI | 47TH SR. WOMEN'S NATIONAL HANDBALL | MATRUCHHAYA SCHOOL BHUJ | SUKHPAR |
| 2 | HIRANI TANISHA NARAN | U14 HANDBALL | SHREE KUTCHI LEVA PATEL KANYAVIDHYA MANDIR | SUKHPAR |
| 3 | RUPALIYA DIVYA ARVIND | U19 HANDBALL | MATRUCHHAYA SCHOOL BHUJ | SUKHPAR |
| 4 | HALAI VENISH VINODKUMAR | U19 HANDBALL | R D VARSANI SCHOOL | MANDVI |

**KABBADI**

| NO | NAME | REMARK | SCHOOL/STD | VILLAGE |
|---|---|---|---|---|
| 1 | RABADIYA SHIVANI VINOD | UN17 KABBADI | SHREE KUCHI LEVA PATEL KANYAVIDHYA MANDIR SCHOOL | MANDVI |
| 2 | PINDORIYA JIGNA SAMJIBHAI | JUNIOR NATIONAL KABADDI ASSOCIATION (CHAMPIONSHIP) YEAR 2019-20 | SHREE KUTCHI LEVA PATEL KANYA SANSKARDHAM | MANDVI |
| 3 | RABADIYA JAGRUTI DEVJI | JUNIOR NATIONAL KABADDI ASSOCIATION (CHAMPIONSHIP) YEAR 2019-20 | SHREE KUTCHI LEVA PATEL KANYA SANSKARDHAM | MANDVI |
| 4 | HALAI SUNITA RAMJI | SENIOR NATIONAL KABADDI ASSOCIATION (CHAMPIONSHIP) YEAR 2019-20 | SHREE KUTCHI LEVA PATEL KANYA SANSKARDHAM | DAHISARA |
| 5 | KERAI URMILA KISHORBHAI | SENIOR NATIONAL KABADDI ASSOCIATION (CHAMPIONSHIP) YEAR 2019-20 | SHREE KUTCHI LEVA PATEL KANYA SANSKARDHAM | MANDVI |
| 6 | KHIMANI HENSHI LALJI | UN19 KABBADI | SHREE KUTCHI LEVA PATEL KANYAVIDHYA MANDIR SCHOOL | DHINSARA |

**THROWBALL**

| NO | NAME | REMARK | SCHOOL/STD | VILLAGE |
|---|---|---|---|---|
| 1 | VARSANI PALAK MANSHUKH | U14 THROW BALL | | |
| 2 | MEPANI SENGITA PRAVIN | 27TH SUB JUNIOR/29TH JUNIOR & 41ST SENIOR NATIONAL THROWBALL CHAMPIONSHIP | SWAMINARAYAN SCHOOL | SUKHPAR |
| 3 | MEPANI NIMISHA MANSUKH | U14 THROW BALL | SWAMINARAYAN SCHOOL | SUKHPAR |
| 4 | HIRANI PRIYANSI SHIVJI | U19 THROW BALL | SHREE SAHJANAND GIRLS INSTITUTE, BHUJ | KODAKI |

| SHRI KUTCHI LEVA PATEL EDUCATION & MEDICAL TRUST | | | | | |
|---|---|---|---|---|---|
| DONATION LIST FOR THE PERIOD OF 17/11/2019 TO 12/08/2020 | | | | | |
| SR. | DATE | DONATION TYPE | DONOR NAME | VILLAGE | AMOUNT |
| 1 | 13-08-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE RAVJI MEGHJI VEKARIA BY KALYAN RAVJI MEGHJI VEKARIA FAMILY | SUKHPAR | 25,43,750.00 |
| 2 | 18-08-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE MAVJI DEVRAJ GORASIA BY GOPALBHAI MAVJI GORASIA AND GOVIND MAVJI GORASIA AND FAMILY | BHUJ | 40,00,000.00 |
| 3 | 25-08-2020 | SUPER SPECIALIST HOSPITAL FUND | HANSABEN NARESH BHOJANI | UK | 25,000.00 |
| 4 | 26-08-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | SWAMINARAYAN MANDIR TRUST-SURAJPAR | SURAJPAR | 10,00,000.00 |
| 5 | 28-08-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | NARAN RAVJI VELANI WIFE KANTABEN SON DINESH NARAN VELANI WIFE DHANUBEN G. SON RAJBHAI | SUKHPAR | 6,00,000.00 |
| 6 | 04-09-2020 | ORDINARY DONATION | NANJI KALYAN HIRANI AND FAMILY | SUKHPAR | 1,00,000.00 |
| 7 | 05-09-2020 | MEDICAL RELIEF FUND | LATE KARSHAN MURJI KERAI BY SAVITABEN SHIVJI PINDOLIA | MADHAPAR | 4,00,000.00 |
| 8 | 15-09-2020 | ORDINARY DONATION | VIRUBEN HARJI BHUDIYA | MADHAPAR | 75,000.00 |
| 9 | 25-09-2020 | SUPER SPECIALIST HOSPITAL FUND | NARAN MAVJI KERAI | KERA | 10,00,000.00 |
| 10 | 01-10-2020 | ORDINARY DONATION | LATE DEVJIBHAI NARAN CHHABHADIA AND FAMILY | NARANPAR | 4,00,000.00 |
| 11 | 01-10-2020 | SUPER SPECIALIST HOSPITAL FUND | MAVJIBHAI DHANJI JADVA VEKARIYA | BALADIA | 4,00,000.00 |
| 12 | 02-10-2020 | SUPER SPECIALIST HOSPITAL FUND | DEVSHIBHAI KARSAN HALAI | GODPAR | 10,00,000.00 |
| 13 | 03-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE LALJI JETHA GORASIA WIFE LATE DHANBAI GORASIA BY RAVJI LALJI GORASIA | MADHAPAR | 2,00,001.00 |
| 14 | 05-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | KANJI KUNVARJI PATEL | SAMATRA | 9,00,00,000.00 |
| 15 | 07-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE SHIVJI MAVJI BHOJANI WIFE LATE RADHABEN SHIVJI BHIJANI BY RAVJI NARAN BHOJANI | BALADIA | 1,11,111.00 |
| 16 | 07-10-2020 | SUPER SPECIALIST HOSPITAL FUND | RAMJI KANJI HIRANI, WIFE MANUBEN AND FAMILY | BHARASAR | 15,00,000.00 |
| 17 | 09-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | BHACHUBHAI NARAN KERAI AND FAMILY | NARANPAR | 1,00,000.00 |
| 18 | 12-10-2020 | MEDICAL RELIEF FUND | DARSHAN COMMERCIAL CENTRE BY MAYUR HARSHUKH THACKER | BHUJ | 1,11,000.00 |
| 19 | 13-10-2020 | MEDICAL RELIEF FUND | AMRUTLAL SAMJI MOTA AND FAMILY | MUMBAI | 25,000.00 |
| 20 | 13-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | PREMJIBHAI KUVARJI MEPANI WIFE MANBAI & FAMILY | SURAJPAR | 1,00,000.00 |
| 21 | 14-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | SHIVJIBHAI RATNA PADHRA WIFE VELBAI SON MANSUKHBHAI AND DEVSHIBHAI FAMILY | SUKHPAR | 5,55,555.00 |
| 22 | 14-10-2020 | ORDINARY DONATION | SWAMINARAYAN SARVJIV HITAVAH CHARITABLE TRUST | BHUJ | 50,000.00 |
| 23 | 23-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | HIRJIBHAI VALJI HALAI WIFE PREMBAI SON PREMJIBHAI H HALAI | SURAJPAR | 10,00,000.00 |
| 24 | 26-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | KUVARBEN JETHALAL KARSAN VELANI | SUKHPAR | 33,333.00 |
| 25 | 27-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | GOKULA CHARITABLE TRUST BY KUVARJIBHAI K HIRANI AND FAMILY | BHUJ | 2,50,000.00 |
| 26 | 30-10-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE PREMBAI RAMJI PADHRA BY JADAVJIBHAI RAMJI PADHRA | SUKHPAR | 1,11,111.00 |
| 27 | 03-11-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | GOVIND RAMJI BHIMJI KERAI | NARANPAR | 1,50,000.00 |
| 28 | 09-11-2020 | SUPER SPECIALIST HOSPITAL FUND | VASCROFT FOUNDATION BY SHASHIKANTBHAI KARSAN VEKARIA AND FAMILY | MADHAPAR | 2,49,99,900.00 |
| 29 | 16-11-2020 | CHILD MEDICAL RELIEF FUND | NISHITA ISAN MEHTA | BHUJ | 51,000.00 |
| 30 | 18-11-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | LATE KHIMJI SHAMJI BHUDIA BY DEVJI KHIMJI BHUDIA | MADHAPAR | 50,000.00 |
| 31 | 18-11-2020 | MEDICAL RELIEF FUND | NATHA JESA HALAI AND KANBAI NATHA HALAI | SURAJPAR | 20,000.00 |
| 32 | 19-11-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | HARIKUVAR VISHRAM DABASIA AND FAMILY | MADHAPAR | 35,000.00 |
| 33 | 24-11-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | MEGHJIBHAI KUVARJI KHETANI | MADHAPAR | 50,000.00 |
| 34 | 30-11-2020 | SUPER SPECIALITY HOSPITAL FUND | DARSHAN AUTO AGENCY BY DEVJIBHAI (KANUBHAI) DAYABHAI PRAJAPATI | BHUJ | 2,51,000.00 |
| | | | Total Amount | | 13,12,97,761.00 |

## સમાચાર એક લીટીમાં

**સામત્રા :** સારા ચોમાસા પછી લહેરાઈ ઉઠેલા તળાવો એક પ્રાકૃતિક માહોલ સર્જયો હતો. લોકો સાંજ સવાર વોકિંગ કરવાનો આનંદ ઉઠાવી રહ્યા છે. લાંબી નહેર અને ખાણેત્રા નાઈરોબી સ્થિત દાતા કે.કે.પટેલે કરાવી આપ્યાં છે.

**ફોટડી :** યુવાનો દ્વારા ગામના તળાવ અને શિવમંદિર પરિસરને વૃક્ષારોપણથી આચ્છાદિત કરાયું. મુખ્ય માર્ગથી ગામ સુધી વૃક્ષો ઉછેરાયા.

**કોડકી :** ગંગાજી અને પ્રસાદિ તીર્થના વિકાસથી ગામની શોભામાં અનેરો વધારો થયો છે. ગામની ઉત્તરે વિકસાવાયેલા પર્યટન સ્થળના કારણે અવર-જવર વધી.

**સરલી :** ગઢશીશા દહિંસરા માર્ગથી છેક ગામ સુધી વૃક્ષોની હારમાળા, તથા શીતળા માતાજીના મંદિર સંકુલમાં તળાવ સહિતના વિકાસ કાર્યો શોભી ઉઠ્યા.

**રામપર-વેકરા :** ગઢશીશા માર્ગે બન્ને બાજુનું વૃક્ષારોપણ તથા રામપર ગંગાજી તીર્થ સારા વરસાદથી વનરાઈ બન્યું.

**કુન્દનપર :** ગામના જાગૃત નાગરિકોએ સંયમિત નિર્ણયો લઈ ગામને કોરોના મુક્ત રાખ્યું.

# પટેલ ચોવીસી સિઝનબોલ ક્રિકેટ સ્પર્ધામાં દહીંસરા ચેમ્પિયન

## (ગામના નાઈરોબી નિવાસી યુવા દાતા રવજીભાઈ જાદવા ખીમાણીએ ૨૫ લાખના દાન સાથે મેદાનનું નામકરણ કર્યું; નારાણપર ઉપવિજેતા)



વિજેતા દહીંસરાની ટીમને મેદાનના નામકરણ દાતા જાદવાભાઈ રામજી ખીમાણી ધ.પ. કાનબાઈ જાદવા ખીમાણીના હસ્તે ટ્રોફી અપાઈ રહી છે.



દાતા જાદવાભાઈ ખીમાણી અધ્યક્ષ ગોપાલભાઈનું અભિવાદન કરી રહ્યા છે. ઈન્સેટમાં મેદાનના નામકરણ યુવા દાતા રવજીભાઈ જાદવા ખીમાણી નજરે પડે છે.

દહીંસરા લેવા પટેલ સ્પોર્ટસ ક્લબ આયોજિત લેવા પટેલ ચોવીસીના ગામો વચ્ચેની સિઝન બોલ ક્રિકેટ સ્પર્ધાને દાતાઓએ યાદગાર બનાવી હતી. તો નારાણપરને ફાઈનલમાં હરાવી યજમાન દહીંસરા ઈલેવને ચેમ્પિયનશિપ મેળવી હતી. ૨૫ લાખના દાન સાથે ગ્રાઉન્ડનું નામકરણ કરાયું હતું. તો ધારાસભ્ય નીમાબેન આચાર્યે મેદાન વિકાસ માટે ૭ લાખ ગ્રાન્ટ જાહેર કરી હતી.

નિર્ધારિત ૨૦ ઓવરની ફાઈનલ મેચમાં પ્રારંભિક બેટધર સુરેશ જેસાણીના ૩૯ અને નીતિન જેસાણી ૩૧ ની લડાયક રમતથી ૧૪૦ના સ્કોરનો પીછો કરતાં ક્રિષ્ના ઈલેવન નારાણપરે ભૌમિક (૨૪), ભરત(૨૩) ના જવાબ છતાં છેલ્લી ઓવર પૂર્ણ થઈ ત્યારે ૧૮ રનનું અંતર રહી ગયું હતું અને દહીંસરાએ જીત મેળવી હતી. દહિંસરા તથા ચોવીસીના ગામોના રમતરસિયા ઊમિટી પડતાં માહોલ જામ્યો હતો. તમામ ટીમોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ચોવીસીના યુવા ક્રિકેટર ડો. મિતુલ પિંડોરિયા મેન ઓફ ધ સિરીઝ થતાં ખાસ ઈનામ અપાયું હતું. સુરેશ જેસાણી ( મેન ઓફ ધ મેચ), હસીન આસાણી- વેકરા ( બેસ્ટ બેટ્સમેન), નિતેશ પટેલ (માંડવી)બેસ્ટ બોલર જાહેર થયા હતા.

નાની વયે મોટા દાન આપી રહેલા મૂળ દહિંસરાના કેન્યા નિવાસી રવજીભાઈ જાદવા ખીમાણીએ દાદા અ.નિ.રામજી દેવજી ખીમાણીના નામથી રૂપિયા ૨૫ લાખનું દાન આપી મેદાનનું નામકરણ જાહેર કર્યું હતું. તેમના વતી વરિષ્ઠ સત્સંગી આગેવાન એવા પિતા જાદવાભાઈ રામજી ખીમાણી, માતા કાનબાઈ જાદવા ખીમાણી ઉપસ્થિત રહ્યા હતા. આખાય ગામે ચોવીસીના આગેવાનોની હાજરીમાં દાતા પરિવારનું કણબી પાઘ, શાલ અને સ્મૃતિચિહ્નથી સન્માન કર્યું હતું. આ પ્રસંગે દાતા પરિવારના દાદી અમરબાઈ રામજી ખીમાણી, રવજીભાઈના ધર્મપત્ની ભાવિકાબેન, પુત્ર દિવ્ય અને પુત્રી સૌને ધન્યવાદ અપાયા હતા. પાંચ લાખનું દાન ભારાસરના રમતગમતપ્રેમી વિશ્રામભાઈ વરસાણી પરિવાર, અ.નિ. વેલજી મોરાર કારા, હ. પુત્ર સામજી વેલજી દ્વારા ૧ લાખ, વિશ્રામ ધનજી ખીમાણી ૧ લાખ સહપરિવાર, ૫૦ હજાર વાલજી લાલજી આસાણી સહપરિવાર દ્વારા દાન જાહેર કરાયાં હતા. આ ઉપરાંત પણ ૨૫,૧૧,૫,૧ હજાર સહિતના સંખ્યાબંધ દાન ભેટ દહીંસરા સ્પોર્ટસ ક્લબ તથા ખેલાડીઓને પ્રોત્સાહન પેટે જાહેર કરાયા હતા. ગામના પૂર્વ સરપંચ અને ઉત્સાહી લેવા પટેલ આગેવાન કિશોરભાઈ નારાણ પિંડોરિયાની અપીલથી ધારાસભ્ય ડો.નીમાબેન આચાર્યે ૭ લાખ રૂપિયા મેદાનમાં વૃક્ષારોપણ અને પ્રેક્ષકો માટે બાંકડા માટે જાહેર કર્યા હતા. દાતાઓ અને આગેવાનોના હસ્તે ટ્રોફી તથા ઈનામો અપાયા હતા. આગેવાન વિનોદભાઈ વરસાણી હાજર રહ્યા હતા.

મુખ્ય આયોજકો દીપકભાઈ નારણ પિંડોરિયા, વિનોદભાઈ મેઘજી કારાએ સમગ્ર આયોજન ગામના તમામ કાર્યકરોના સહિયારા સાથ સહકારથી કર્યું હતું. કિશોરભાઈ નારાણ પિંડોરિયાએ સૌ સહયોગીઓને ખાસ સંભારીને યથોચિત સંકલન કર્યું હતું. દહીંસરા સ્વામિનારાયણ મંદિરના પ્રમુખ કેશરાભાઈ ખીમજી વેકરિયા, લેવા પટેલ સમાજ દહીંસરાના પ્રમુખ કેશરાભાઈ કરશન પિંડોરિયા, ગૌરક્ષક પ્રમુખ અને મુખ્ય દાનવીર જાદવાભાઈ રામજી ખીમાણી, ગામના યુવા કાર્યકરો પ્રવિણભાઈ નારણ પિંડોરિયા, વિશ્રામભાઈ દેવજીભાઈ ભુડિયા તથા દહીંસરા સ્પોર્ટસ ક્લબના નાના-મોટા સૌ કાર્યકરોએ સાથ આપ્યો હતો. દહીંસરાના આ અદકેરા આયોજનની પીઠ થાબડતાં કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા તથા મંત્રી કેશરાભાઈ પિંડોરિયા, દેવજીભાઈ છભાડિયા યુવક સંઘના મંત્રી ગોવિંદભાઈ હાલાઈએ દહીંસરાને ચોવીસી સમાજનું પ્રેરક ગામ ગણાવી ગામના યુવા સંગઠનને બિરદાવ્યું હતું.

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત કૃષિ મોલ : એક ક્રાંતિ






GOVERNMENT OF INDIA
MINISTRY OF CORPORATE AFFAIRS
Central Registration Centre

Certificate of Incorporation

Digital Signature Certificate
Deputy Registrar Of Companies
Registrar of Companies
Central Registration Centre

Mailing Address as per record available in Registrar of Companies office:
SHREE KUTCHI LEVA PATEL SAMAJ FARMER PRODUCER
COMPANY LIMITED

*as issued by the Income Tax Department

ખેડૂતોના લાભાર્થે શરૂ કરવામાં આવેલ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત કૃષિ મોલને જોત-જોતામાં બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તા.૨૮-૧૨-૨૦૧૮ના રોજ લેવા પટેલ સમાજના સ્વપ્નદ્રષ્ટા દાતાશ્રીઓ અને ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સમગ્ર કચ્છના ખેડૂતો માટે કૃષિ મોલ ખુલો મુકવામાં આવ્યો. આ બે વર્ષના સમય દરમિયાન ૫૦૦૦ થી વધુ ખેડૂતોએ આ સેવાનો લાભ લીધો છે. કૃષિ મોલ દ્વારા રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, બિયારણો, લીંબોડી તેમજ એરેન્ડા ખોડ, ક્રોપ કવર, મ્લચીંગ શીટ વગેરે ખેત ઉપયોગી સસાધનો વ્યાજબી ભાવે ખેડૂતોને આપવામાં આવે છે. તમામ ખેત ઉપયોગી સંસાધનોમાં સરેરાશ ૨૫ થી ૩૦% ડિસ્કાઉન્ટનો લાભ ખેડૂતોને આપવામાં આવે છે.

પ્રગતિના પંથે આગળ વધતા કોઈ પણ વિક્રેતાઓને અમુક મર્યાદાઓ બધારૂપ બનતી હોય છે. તેવી જ રીતે કૃષિ મોલને પણ અમુક મર્યાદાઓ નડતરરૂપ હતી. જેવી કે કોઈ સહકારી મંડળીઓને માલનું વેચાણ ન કરી શકવું, કોઈપણ ડીલર અથવા એગ્રો ચલાવતા વિક્રેતાઓને માલનું વેચાણ ન કરી શકવું તેમજ કોઈપણ કંપનીને માલનું વેચાણ ન કરી શકવું. આ તમામ મર્યાદાઓને દૂર કરવા અને ખેડૂતોને વધુ ઉપયોગી થવા સંચાલકો દ્વારા Shree Kutchi Leva Patel Samaj Farmer Producer Company Limited ની સ્થાપના કરવામાં આવી.

Shree Kutchi Leva Patel Samaj Farmer Producer Company Limited જેને FPO (Farmer Producer Organization) ના નામે પણ ઓળખવામાં આવે છે. FPO એ એક ખેડૂતોનું સંગઠન કરતી સંસ્થા છે જેને સરકારશ્રી દ્વારા માન્ય કરવામાં આવે છે. પ્રશ્ન થાય આ સંસ્થા કઈ રીતે કાર્ય કરતી હશે? ઈચ્છીત ખેડૂતો સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવતા શેર ખરીદીને આ સંસ્થાના સભ્ય બની શકે છે. આ સંસ્થામાં માત્ર લેવા પટેલ સમાજના ખેડૂતો કે જેઓ ખેડૂત ખાતેદાર ભાઈઓ અથવા બહેનો હોય તે જ ખેડૂતો સભ્ય બની શકશે છે. નોંધાયેલ સભ્યોને અલગ-અલગ રીતે સંચાલકો દ્વારા લાભ આપવામાં આવે છે. સભ્ય નોંધણીની પ્રક્રિયા થોડા જ સમયમાં સંચાલકો દ્વારા જાહેર કરવામાં આવશે.

Shree Kutchi Leva Patel Samaj Farmer Producer Company Limited ના મુખ્ય હેતુઓ:

૧. લેવા પટેલ સમાજના ખેડૂતોને એક સંગઠનમાં લઈ વ્યાજબી ભાવે ખેત ઉપયોગી સંસાધનો પુરા પાડવા
૨. સમાજના ખેડૂતો દ્વારા ઉત્પાદિત માલની યોગ્ય વેચાણ કિંમત મળી રહે તે માટે પ્રયત્નો હાથ ધરવા
૩. સમાજના ખેડૂતોને વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે તાલમેળ મેળવવા માર્ગદર્શન આપવું.
૪. ઝેર મુક્ત ખેતી કરતા ખેડૂતોના માલને યોગ્ય બજાર ભાવ મળી રહે અને ઓર્ગેનિક માલને લોકો સમજવા લાગે તે માટે કાર્ય કરવું.
૫. બેક્ટેરિયા જેમ કે NPK,PSB, KMB જે સામાન્ય ભાવે ખેડૂતોને પુરા પાડવા

ઉપરાંત સરકારશ્રી દ્વારા આ રીતે કાર્ય કરતી સંસ્થાને વિવિધ યોજનાઓ પર સબસીડી આપવામાં આવે છે. જેમ કે ખેડૂત માર્ગદર્શન સેમિનાર માટે સબસીડી, કોલ્ડ સ્ટોરેજ માટે સબસીડી, વિવિધ ઓજારો પર સબસીડી, વિવિધ બાગાયતી પાકો પર સબસીડી વગેરે સબસિડીનો લાભ આ સંસ્થાને પ્રથમ આપવામાં આવે છે.શૂન્યમાંથી સર્જન કરવાની ખેડૂતો માટે આ એક ઉત્તમ તક છે એમ કહીએ તો અતિશિયોક્તિ નહીં કેવાય કારણ.. સમય અને સંજોગો સાથે જે લોકો તાલમેળ મિલાવી શકે છે તે જ લોકો પ્રગતિ કરી શકે છે. આ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી. માટે, શ્રી કચ્છી લેવા પટેલ સમાજના તમામ ખેડૂતો મિત્રોને આ સંસ્થા એટલે કે Shree Kutchi Leva Patel Samaj Farmer Producer Company Limited માં પોતાની ભાગીદારી નોંધાવા માટે શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ વતી એક વિનંતી છે...

# કચ્છીઓની હિજરતી કારકીર્દિનો ન્યૂઝીલેન્ડમાં નૂતન સૂર્યોદય

**(ઓકલેન્ડ, હેમિલ્ટન સહિતના શહેરોમાં લેવા પટેલ સમાજની સ્થાપના, દિપાવલી મિલન પણ યોજાયુ.)**



ન્યૂઝીલેન્ડ લેવા પટેલ સમાજના પ્રમુખ તરીકે અમીત રત્ના ધનજી કેરાઈ(મિરઝાપર),શૈલેષ નાનજી લાધાણી(સામત્રા), નીખિલ રજની લાધાણી(સામત્રા), ધારીતા શાન્તી રાજાણી (રામપર), તરૂણ પ્રેમજી વરસાણી(સામત્રા), મિલન સુરેશ ભુડિયા(ફોટડી), નેહા નિકુલ રાજાણી(રામપર), હિના મહેશકુમાર કેરાઈ(મિરઝાપર), રિન્કુ દેવશી પાંચાણી(સુખપર), સહિતની ટીમ સમાજ પ્રવૃત્તિઓની આગેવાની લઈ રહી છે.

સદી પહેલાં કચ્છમાંથી ઝાંઝીબાર, આફ્રિકા, યુ.કે. હિજરત કરનાર કચ્છીઓની નવી પેઢી વાયા ઓસ્ટ્રલિયાથી હવે ન્યૂઝીલેન્ડની ધરતી પર કારકીર્દિ શરૂ કરી છે અહીં વસેલા અંદાજે ૧૬૦ વ્યક્તિઓએ કચ્છી લેવા પટેલ સમાજની સ્થાપના કરી વિવિધ પ્રવૃત્તિઓ આદરી છે તે પૈકી થોડા દિવસ પહેલાં સમાજનું મિલન યોજાયું હતું.

મૂળ મિરઝાપરના અમીતભાઈ ધનજી રત્ના કેરાઈએ કચ્છમિત્ર સાથે વાત કરતાં આપેલી માહિતી મુજબ ૨૦૦૧ થી અહીં પગરણ થયા બાદ કચ્છી યુવક-યુવતીઓ એન્જીનિયરીંગ, મિકેનીકલ, એકાઉન્ટન્ટ ક્ષેત્રે આગળ વધી રહ્યા છે અને ઠરીઠામ થઈ રહ્યા છે. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાના સબંધ ભાઈ-બહેન જેવા છે અને એકબીજાનું ચલણ અમલમાં છે. આ પરિવારો વિવિધ હિન્દુ તહેવારો અને પ્રસંગો એ સાથે મળે છે. એકબીજાનો પરિચય કેળવે છે અને સુખ:દુખમાં સબંધ રાખે છે.તાજેતરમાં ૨૦૧૪થી કચ્છી લેવા પટેલ સમાજ ન્યૂઝીલેન્ડની સ્થાપના કરાઈ  છે. જે આપણી ધાર્મિક અને સામાજિક સંસ્કૃતિ, વારસો જાળવી એકતાના ગુણ નવી પેઢીમાં રોપી રહ્યા છે. ૨૦૦૧માં યુ.કેથી રમેશભાઈ પિંડોરીયાનો પરિવાર અહીં આવ્યો તે કચ્છીઓમાં અહીં આવનાર પ્રથમ હતા. ત્યારબાદ ૨૦૦૩ની સાલમાં મહેશભાઈ ધનજી રત્ના કેરાઈ પરિવાર અહીં આવ્યો હતો. ત્યારબાદ કેન્યા, યુ.કે, ઓસ્ટ્રેલિયા તથા દેશથી અમુક પરિવાર અહીં આવી વસ્યા, હાલ ઓકલેન્ડમાં ૯૦ થી ૧૦૦, હેમિલ્ટનમાં ૪૦ જ્યારે ટવરંગામાં ત્રણ ફેમિલી હોવાનું અમીતભાઈએ જણાવ્યું હતું. અહીં બેડમિંટન, ફૂટબોલ, ક્રિકેટ સહિતની સામુહિક સ્પર્ધાઓનું આયોજન નિયમિત કરાય છે. તોંબોલા રમતો, અંતાક્ષરી, રંગોળી સ્પર્ધા આપણાં દેવ દેવીઓ કે આદર્શ ધાર્મિક-સાંસ્કૃતિક હિન્દુ વિભૂતિઓના ચિત્રો, રંગોળીઓ જેવી સ્પર્ધાઓ યોજાય છે. ઈનામો અપાય છે. તાજેતરના  મિલનમાં ભુજ થી કચ્છી લેવા પટેલ સમાજ વતી ગોપાલભાઈ ગોરસિયા અને કેશરાભાઈ પિંડોરીયાએ દુરવાણી દશ્ય-શ્રાવ્ય સંદેશ પાઠવી પ્રેરણા-માર્ગદર્શન આપ્યું હતું. અહીં ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો પણ સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ-સંસ્કાર આપતા રહે છે.

ન્યૂઝીલેન્ડ લેવા પટેલ સમાજના પ્રમુખ તરીકે અમીત રત્ના ધનજી કેરાઈ(મિરઝાપર), શૈલેષ નાનજી લાધાણી(સામત્રા), નીખિલ રજની લાધાણી(સામત્રા), ધારીતા શાન્તી રાજાણી (રામપર), તરૂણ પ્રેમજી વરસાણી(સામત્રા), મિલન સુરેશ ભુડિયા(ફોટડી), નેહા નિકુલ રાજાણી(રામપર), હિના મહેશકુમાર કેરાઈ(મિરઝાપર), રિન્કુ દેવશી પાંચાણી(સુખપર), સહિતની ટીમ સમાજ પ્રવૃત્તિઓની આગેવાની લઈ રહી છે. ન્યૂઝીલેન્ડમાં આઈ.એસ.એસ.ઓ અ'વાદ નરનારાયણદેવ ગાદી હેઠળનું ભવ્ય મંદિર છે. આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે તેની સ્થાપના અહીંના વરિષ્ઠ અગ્રણી અને તબીબી ક્ષેત્રે સફળ ડૉ. કાંન્તિભાઈ પટેલ(નવસારી)ના મોટા સહયોગથી તૈયાર કર્યું હતું. કચ્છીઓનું ભવિષ્ય પણ અહીં ઉજ્જવળ છે. ન્યૂઝીલેન્ડમાં ભારતીય ડોક્ટરો માટે તકો છે. ડેન્ટીસ્ટ, ફાર્માસિસ્ટ સહિતના સ્થાનિક કોર્ષો પૂર્ણ કરી પ્રેક્ટિસ શરૂ કરી શકે છે. અલબત અહીં મોટા ધંધા ક્ષેત્રે કચ્છીઓ નથી પણ ધીકતા પગાર સાથે નોકરીયાત વર્ગ ખૂબ પ્રગતિ પામી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. યુ.કે. કોમ્યુનિટિના અધ્યક્ષ વેલજીભાઈ વેકરીયા માર્ગદર્શન આપી રહ્યા છે. જ્યારે ન્યૂઝીલેન્ડ સમાજે હવે કચ્છ સાથે નાતો મજબૂત કર્યો છે.

# માંડવી લેવા પટેલ સમાજ, યુવક સંઘ આયોજીત ચોવીસી ક્રિકેટમાં વેકરા ચેમ્પીયન

## (દિલધડક ફાઈનલમાં દહિંસરા ઉપવિજેતા, જીવંત પ્રસારણે માહોલ સર્જ્યો)





માંડવી મસ્કા ખાતે ચોવીસ ગામોની ક્રિકેટ સ્પર્ધાની વિજેતા વેકરા ટીમ પ્રથમ જ્યારે બીજી તસવીર ઉપવિજેતા દહિંસરાની છે.

સમગ્ર ચોવીસીને આવરી લેતી સિઝનબોલ ક્રિકેટ સ્પર્ધાની ફાઈનલનો ટોસજીતી પ્રથમ બેટીંગ કરતાં દહિંસરાએ મિતુલ પિંડોરીયાના ઝમકદાર ૬૪ રનની રમતે ૧૨૭ નો સ્કોર કર્યો હતો જે વેકરાએ ૮ વિકેટે આબી લેતાં જીત મેળવી હતી.

નિર્ધારીત ૨૦ ઓવરની મેચ અને વેકરા તથા દહિંસરાના સ્મર્થક ગ્રામજનોની બહોળી હાજરીમાં મસ્કાનું ક્રિકેટ મેદાન ગાજ્યું હતું. ટોસ જીતી દબાવમાં રમી રહેલી દહિંસરાના મિતુલ પિંડોરીયાએ અંતિમ પાંચ ઓવરમાં ચાર છગ્ગા, ૬ ચોગ્ગા સાથે પાટીદાર પાણી બતાવ્યું હતું. સુરેશ જેસાણી (૧૬), હરીશ જેસાણી(૨૦) નો સાથ મળ્યો હતો. વેકરાના નિતિન જેસાણીએ મહત્ત્વપૂર્ણ ચાર વિકેટ ઝડપી હતી. જવાબમાં હિરેન કેરાઈ (૪૦) અને દિવ્યકુમાર(૨૦)ના સહારે છેલ્લી ઓવરમાં ૮ વિકેટે લક્ષ્ય આંબી લઈ પ્રતિષ્ઠિત માંડવી સમાજ કપ જીતી લીધો હતો. બન્ને ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઉમટી પડેલા રમત રસીયાઓને મોજ કરાવી હતી. પ્રારંભે આયોજક માંડવી લેવા પટેલ યુવક સંઘના પ્રમુખ વીરજીભાઈ છભાડિયાએ ટોસ કરાવ્યો હતો. દહિંસરાવતી ગૌતમ વરસાણીએ બે વિકેટ લીધી હતી. સ્પર્ધાના મુખ્ય પ્રાયોજક અરવિંદ પીંડોરીયા, કલ્યાણજી વેકરીયા, દિનેશ રાબડિયા સહિતના અનેક દાતાઓએ ૧૦ હજારથી ૩૫ હજાર સુધીના ઈનામ-સહયોગ જાહેર કર્યો હતો. માંડવી સમાજના પ્રમુખ માવજીભાઈ પિંડોરીયા તથા સમગ્ર સમાજ ટીમ તથા યુવકસંઘની સમગ્ર ટીમ સૌએ સહિયારા સાથ સહકારથી આયોજન-વ્યવસ્થા સંભાળી હતી. માંડવી સમાજના આ આયોજન અને ખાસ જીવંત પ્રસારણે રમત રસિયામાં ઉતેજના જગાવી હતી. દાતાઓ મેન સ્પોશનરસર :- શ્રી હરિકૃષ્ણ ઓટો હિરો શોરૂમ અરવિંદ સામજી પીંડોરીયા શ્રી હરિકૃષ્ણ પાઈપ એડ બોરવેલ કલ્યાણજી રામજી વેકરીયા- ૩૫૦૦૦, મેન ઓફ ધ મેચ સીરીઝ-વી-ઓશીન દિનેશ રાબડીયા ૧૦૦૦૦, માંડવી સમાજ ટીમ સ્પોન્સર :- ન્યુ લાઈફ મલ્ટી સ્પેશિયલ હોસ્પિટલ ડો.લાલજીભાઈ તથા જગદીશ વાઘજીયાણી- ૨૧૦૦૦, સેલ્ફી ગેલેરી- કચ્છી સ્વાદ/દીપ ટેડર્સ - કેતન શીયાણી - ૧૫૦૦૦, દરેક મેચ મેન ઓફ ધ મેચ - શ્રી ઘનશ્યામ રેસીડન્સી મનજી રાબડીયા, તુષાર રાબડીયા ૨૧૦૦૦, શ્રીજી નંદન એન્ટરપ્રાઈઝ પુરષોત્તમ વેકરીયા વાડાસર - ૧૦૦૦૦, સ્વ. નાથાલાલ હાલાઈ હસ્તે જેન્તીભાઈ નાથાલાલ હાલાઈ, દિનેશ નાથાલાલ હાલાઈ - ૧૧૦૦૦, હિતેશ શીવજી છાભડીયા - ૧૧૦૦૦, મેઘજી કરસન રાબડીયા લંડન- ૧૦૦૦૦, દરેક મેચ મા પાણી બોટલ કેરબા- સહજાનંદ બેવરીઝીસ કિશોર હિરાણી- સેવામા મેઘજી કરસન રાબડીયા લંડન -૨૦૦૦૦



ફાઈનલ મેચનો આનંદ લેતા બંન્ને ટીમોના સમર્થકો

સાક્ષાત્કાર : તંત્રી,SKLPS




# કોરોના રસી સંશોધન કરતી ઓક્સફર્ડ ટીમમાં કણબી દિકરી જયના પ્રેમજી વિશ્રામ મુરજી રાઘવાણી(બળદિયા)

દુનિયામાં કોરોના વેક્સિનને ઓફિશિયલ પરવાનગી આપનાર બ્રિટન પહેલો દેશ છે. ત્યાં ડિસેમ્બરના પહેલાં સપ્તાહમાં રસીકરણ શરૂ પણ થઈ ચૂક્યું છે. આખા વિશ્વને બ્રિટન તરફ આશા છે. ભારત પણ એમાં સામેલ છે. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બ્રિટીશ સમકક્ષ બોરીસ જહોન્સન સાથે મળી રસી સંશોધન માટે લાગ્યા છે. ઓક્સફર્ડ અને ફાઈઝરનું નામ આજે ગાજે છે પણ એ વાત બહુ ઓછા લોકોને ખબર હશે કે બ્રિટન અને ભારત વચ્ચે સરકારી પ્રતિનિધિ તરીકે કડીરૂપ ભૂમિકા ભજવનાર વૈજ્ઞાનિક મૂળ કણબી દિકરી છે. (આપણાં કચ્છ બળદિયાની જયના પ્રેમજી રાઘવાણી.. આપણી કણબી દિકરી...)

ઓક્સફર્ડ સંશોધન ટીમ સાથે ૨૦૧૩ થી જોડાયેલ જયના ૨૦૨૦ ફેબ્રુઆરીમાં એક કોન્ફરન્સમાં ભાગ લેવા અમદાવાદ આવી હતી બાદમાં રસી સંશોધનક્ષેત્રે કામ કરતી ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર સાથે બ્રિટનના સરકારી પ્રતિનિધિ તરીકે ગાંધીનગર વચ્ચે કડીરૂપ ભૂમિકામાં છે. કચ્છી ગૌરવ એવી રિસર્ચ એસોસિયેટ જયના સાથે ભુજ સમાજે ઓક્સફર્ડથી સીધી વાતચીત કરી હતી. રસી સંશોધનમાં તમારી ભૂમિકા શું? એવા પ્રશ્નના જવાબમાં એણે કહ્યું; ગણનાત્મક જીવવિજ્ઞાની તરીકે હું જેનોમિકલ કન્સોર્ટિયમના ભાગ રૂપ કામ કરી રહી છું. અમારી ટીમે એક લાખથી વધુ આનુવંશિક ડેટા એકત્ર કર્યા છે જેનો યુ.કે.ના જાહેર આરોગ્ય વિભાગને માર્ગદર્શન આપવા ઉપયોગ થાય છે. યુરોપમાં કોરોના વાયરસ કેવી રીતે ફેલાય છે તે સમજવા માટે મેં વાયરસ આનુવંશિક ડેટાનું વિશ્લેષણ કર્યું. તેમાં જણાયું કે યુ.કે.માં વાયરસે યુરોપિયન દેશોમાંથી પ્રવેશ કર્યો. ભારત સાથે કયા સંપર્કમાં છો? જવાબમાં જયનાએ કહ્યું ; ગુજરાતમાં કોરોના વાયરસનો ફેલાવો કેમ થયો? ક્યાંથી પ્રવેશ થયો? ઝડપ અને ચાલ કેમ બદલે છે? તે ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર સંશોધન કરી રહ્યું છે હું તેમને આ કાર્યમાં સહયોગ કરી રહી છું. અમે છેલ્લા સાત માસથી સતત આ કામમાં છીએ.

**<u>પરિચય : ડૉ. જયના પ્રેમજી રાઘવાણી, માતા રમીલાબેન</u>**

**જન્મ: બ્રિટન, શિક્ષણ: નોટિંગહામ યુનિવર્સિટીમાં માનવીય જીનેટીક વિષય પર બી.એસ.સી. જ્યારે સ્કોટલેન્ડ એડનબર્ગ યુનિ.માંથી વોલ્યુશનરી જીનેટીક્સ વિષય પર પી.એચ.ડી. કરી ૨૦૧૩થી ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સંશોધન વિભાગમાં રિસર્ચ એસોશિયેટ તરીકે ફરજ બજાવે છે. મૂળ બળદિયા (કચ્છ)ના છે. તીવ્ર વાયરસ ચેપ વાયરસની અંદરની હોસ્ટની ગતિશીલતાની તપાસ માટે વિશ્લેષણાત્મક પદ્ધતિઓ વિકસીત કરે છે. અનુકૂલનશીલ ઉત્ક્રાંતિ અંતર્ગત પદ્ધતિઓ જાણે છે.**

જી.બી.આર.સી.(ગુજરાત બાયોટેક્નોલોજી)ના સંશોધકોએ ગુજરાતી વ્યક્તિઓમાંથી વાયરસ આનુવંશિક ડેટા બનાવ્યો છે. ઓક્સફર્ડનું અમારું જૂથ આ વિશ્લેષણને સમજવા સહયોગી છે. ઈવોલ્યુશનરી જીનેટીક વિષયમાં પી.એચ.ડી. કરનાર જયના મેડિકલ અંગ્રેજીના અટપટા શબ્દો






(આફ્રિકન દેશોમાં જુદા જુદા વાયરસનો અભ્યાસ કરવા થોડા સમય પહેલાં ગયેલાં જયનાબેન રાઘવાણી દ્રષ્ટિગોચર થાય છે.)

વચ્ચે ગુજરાતી બોલતી આ ગુર્જ્જુ ગૌરવે કોવિડ રસીની આડ અસરો - ચિંતાઓ અંગે વિચાર કરતાં કહ્યું; રસીઓ દર વર્ષે વિશ્વભરમાં લાખો મૃત્યુ બચાવે છે જો આપણી પાસે પોલિયો, રૂબેલા, ઓરી, શીતળા સામે લડવાની રસીઓ ન હોત તો શું થાત? આજની તારીખે કોવિડ-૧૯ સામે રસીની આડઅસર ખૂબ ઓછી જોવા મળી છે. કોરોનાથી મૃત્યુ અને બિમારીનું જોખમ છે તે તુલનાએ આડઅસરોનું જોખમ નહીવત છે. બ્રિટનની ફાઈઝર સલામત છે. યુ.કે.માં જેમણે પહેલાં દવાઓની તીવ્ર એલર્જીક પ્રતિક્રિયા હતી તેને બાદ કરીને આડઅસર જોવા મળી નથી. શક્ય તેટલા વધુ લોકોને રસી આપવામાં આવે અને આખી દુનિયા ઝડપથી સામાન્ય સ્થિતિમાં પાછી આવી જાય તે માટે અમારો પ્રયત્ન છે. તેમણે એમ પણ ઉમેર્યું જ્યારે મારો વારો આવશે ત્યારે રસી મેળવવામાં મને ખૂબ આનંદ થશે.

બ્રિટનમાં મળી આવેલા કોરોનાના નવા પરિવર્તનીય રૂપ શું છે? જાણ થઈ છે આ નવા વેરિએન્ટની તપાસ ખૂબ જ પ્રારંભિક તબક્કે છે. પરિવર્તન એ વાયરસની કુદરતી લાક્ષણિકતા છે. એવું જોવા મળ્યું છે કે નવી રીત લોકોમાં ઝડપથી ફેલાઈ રહી છે. વૈજ્ઞાનિકો હાલ એ સમજવા કામ કરી રહ્યા છે. એવા વિસ્તારમાં કે જ્યાં એક્ટિવ લોકો ઘણાં એકસાથે મુસાફરી કરતા હોય અથવા ફરતા હોય ત્યારે વાયરસની સંક્રમિત કરવાની ઝડપ વધી જાય છે. જો કે અમારી પાસે હજી સુધી આ પ્રશ્નનો સ્પષ્ટ જવાબ નથી. પણ હું એ સ્પષ્ટપણે કહી શકું છું કે વર્તમાન રસી આ નવા ચલ સામે કારગર નિવડશે, તેમ છતાં ચોક્કસ જવાબ આપવા માટે વધુ માહિતીની જરૂર છે. આ વાતચિત અને મેં આપેલ જવાબ યુ.કે. કન્સોર્ટિયમ પર અત્યાર સુધી જે અમે જાણીએ છીએ તેનો સારાંશ છે. એમ તેણે ઉમેર્યું.

વિશ્વના વિવિધ દેશોમાં ફેલાતી વાયરસ બિમારીઓના સંશોધન માટે મુલાકાત લઈ આવેલી જયનાના માતાનું નામ રમીલાબેન છે અને પિતા પ્રેમજી રાઘવાણી છે તે કહે છે કે ; અમારું લક્ષ્ય જીવ માત્રની તંદુરસ્તી છે પણ મારા માતા-પિતાના પૈતૃક કચ્છમાં જ્યારે કોરોના વેક્સિન શરૂ થશે ત્યારે જીવનદાતા રસાયણના સંશોધન માટે કાર્ય કરતી ઓક્સફર્ડના એક નાના સભ્ય તરીકે મને ગર્વ થશે.

## સંસ્કૃતિ-સમાજ સેવા માટે કચ્છી યુવાનને બ્રિટીશ એમ્પાયર મેડલ જાહેર થયો.



બ્રિટીશ રાજપરિવાર દ્વારા યુ.કે.માં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ જનવિશેષનું એવોર્ડ નવાજેશ કરવાની પરંપરા રહી છે. ચાલુ વર્ષે જાહેર કરાયેલા મેડલમાં મૂળ કચ્છ-કેરાના સંજયભાઈ જયેન્દ્રભાઈ કારાની પસંદગી થઈ છે. તેમને બ્રિટનની રાણીના હસ્તે મેડલ એનાયત કરાશે. અભિનંદન 'સર' સંજય.

**દુઃખોની પ્રાપ્તિથી પણ જેનું મન ઉદ્વેગ નથી પામતું, સુખોના આગમનથી પણ જે સર્વથા નિઃસ્પૃહ રહે છે, જેના રાગ, ભય અને ક્રોધ નષ્ટ થઈ ગયા છે તે સ્થિર બુદ્ધિવાળો સાધુ કહેવાય છે.**

**-શ્રીમદ્‌ભગવદ્ ગીતા**

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ, ભુજ

## THEME-2020 YOGA FOR HEALTH -YOGA AT HOME

આંતરરાષ્ટ્રીય યોગા દિવસ ૨૧ જુન ૨૦૧૫ થી ઉજવવાની શરૂઆત થઈ. ભારતમાં યોગા દિવસની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી. જેની તમામ ગોઠવણી The Ministry of Ayush દ્વારા કરવામાં આવી હતી.

યોગા એક એવી ક્રિયા છે જેમાં શારીરિક, માનસિક, તેમજ આધ્યાત્મિક પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. જેને અષ્ટાંગયોગ દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. યોગા દિવસ દરમિયાન ભારતમાં ૩૫૯૮૫ લોકો સંમેલિત થયા હતા. જેમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ૮૪ જેટલા દેશોના મહાનુભવોએ રાજપથ, ન્યુ દિલ્હીમાં ૨૧ જેટલા આસનો ૩૫ મિનીટ માટે પ્રદર્શિત કર્યા હતા. જેથી તેને અત્યાર સુધીનું ભવ્ય યોગા દિવસનું આયોજન ગણવામાં આવે છે.

આમ, આંતરરાષ્ટ્રીય યોગા દિવસ ૨૦૨૦ નિમિત્તે શ્રી કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટીસ દ્વારા ઓનલાઈન યોગા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

## INTERNATIONAL NURSES DAY (12TH MAY 2020) THEME NURSES : A VOICE TO LEAD NURSING THE WORLD TO HEALTH




સમગ્ર દુનિયામાં દર વર્ષે મે મહિનાની ૧૨મી તારીખે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એક દર્દીને નવું જીવન આપવામાં જેટલું યોગદાન એક ડોક્ટરનું હોય છે એટલું જ એક નર્સનું હોય છે. એક નર્સ દર્દીની સેવા તન-મનથી કરતી હોય છે. નર્સ પોતાની પરવા કર્યા વગર એક દર્દીનો જીવ બચાવે છે. આ દિવસ નર્સના એ અમૂલ્ય યોગદાનને સમર્પિત કરવામાં આવ્યો છે. આ સાથે જ દુનિયામાં નર્સિંગની સ્થાપના કરનારા ફ્લોરેન્સ નાઈટિંગલ (Florence Nightingale ) ને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવે છે. કારણ કે ૧૨મી મેના રોજ ફ્લોરેન્સ નાઈટિંગલનો જન્મ થયો હતો. જેઓ આધુનિક નર્સિંગ સ્થાપક છે.

'ફ્લોરેન્સ નાઈટિંગલ'ની યાદમાં દર વર્ષે ૧૨મી મે નો દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ક્રીમિયન યુદ્ધ દરમિયાન તેમણે લાલટેન લઈને સૈનિકો અને દર્દીઓની સેવા પૂરેપૂરા સમર્પણ સાથે કરી હતી. આ જ કારણે તેમને 'લેડી વિથ ધ લેમ્પ' પણ કહેવાય છે.

નર્સોને તાલીમ આપવામાં આવે છે કે તેઓ પોતાના દર્દીઓની મદદ મનોવૈજ્ઞાનિક, સામાજિક અને ચિકિત્સાકીય રીતે પૂરેપૂરા સમર્પણ સાથે કરશે. નર્સોના યોગદાનને આ દિવસે રેખાંકિત કરાય છે. નર્સોનું દુનિયામાં શું મહત્વ છે, તે અંગે માહિતગાર કરાય છે. આજના સમાજમાં નર્સોને સન્માનની દ્રષ્ટિએ જોવામાં આવે છે. અનેક નર્સોને દર વર્ષે ૧૨મી મેના રોજ રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. ભારત સરકારના પરિવાર અને કલ્યાણ મંત્રાલયે તેની શરૂઆત ૧૯૭૩થી કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૦ નર્સોને આ પુરસ્કારથી સન્માનિત કરાયા છે.

આમ, આંતરાષ્ટ્રીય નર્સ દિવસ ૨૦૨૦ નિમિતે શ્રી કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટીસ દ્વારા ઓનલાઈન નર્સ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ માટે વિડીયો અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



હાલ નોવેલ કોરોના વાઈરસ (COVID-19) કે જેને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ની ગંભીરતાને ધ્યાને લઈ સાવચેતી અને તકેદારીના ભાગરૂપ જેની અટકાયત માટે શ્રી કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેક્ટીસનાં વિદ્યાર્થીઓને નર્સિંગ સ્કુલ જી.કે.જનરલ હોસ્પિટલ ભુજ-કચ્છ ખાતે કોવિડ સહાયકોની કોવિડ-૧૯ અંતર્ગત આઈ.પી.સી (Infection Prevention and Control)અંગેની તાલીમનું તા.૨૨/૦૯/૨૦૨૦ થી તા.૨૪/૦૯/૨૦૨૦ દિવસ -૦૩ (ત્રણ) નું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમ બાદ સંસ્થાના વિદ્યાર્થીઓ કોવિડ કેર સેન્ટર નખત્રાણા, ભુજ, માંડવી, ગાંધીધામ તેમજ ભચાઉ જેવા વિસ્તારોમાં કોરોના સહાયક તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે.



સ્વ.પરબતભાઈ પ્રેમજી વેકરીયા (ઉ.વ.૫૮) બળદિયા-નાઈરોબી
પૂર્વ પ્રમુખશ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંગાટા-નાઈરોબી
સ્વ.તા.૨૮-૧૦-૨૦૨૦



સ્વ. હિરજીભાઈ રામજી હાલાઈ (ઉ.વ.૬૬)
સ્વ. તા.૩૦-૧૦-૨૦૨૦
પૂર્વ પ્રમુખ મોમ્બાસા લેવા પટેલ સમાજ ગામ સુરજપર હાલે મોમ્બાસા



સ્વ.નારણભાઈ ગાંગજી પિંડોરીયા (ઉ.વ. ૬૪)
સ્વ. તા.૪-૧૨-૨૦૨૦
ગામ - નારણપર
સામાજીક કાર્યકર



સ્વ. ગોપાલભાઈ ગાંગજી પિંડોરીયા (ઉ.વ.૭૧)
સ્વ. તા.૧૧-૧૨-૨૦૨૦
ગામ- નારણપર
સામાજીક કાર્યકર



સ્વ. ગોવિંદભાઈ વિશ્રામ ખોખાણી (ઉ.વ. ૭૩)
સ્વ. તા. ૧૧-૧૨-૨૦૨૦
ગામ - માધાપર-નવાવાસ
પૂર્વ કારોબારી સભ્ય શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ



સ્વ. હરજી દેવશી ધનજી પટેલ (વેકરિયા)(ઉ.વ.૬૧)
સ્વ. તા.૧૩-૧૨-૨૦૨૦
ગામ-બળદિયા (યુગાન્ડા)
સામાજીક કાર્યકર પરિવારના સભ્ય



સ્વ. રત્નાભાઈ દેવશી કેરાઈ (ઉ.વ.૬૬)
સ્વ. તા.૧૫-૧૨-૨૦૨૦
ગામ- નારણપર(પસાયતી)
સેવાભાવી આગેવાન

## કચ્છી લેવા પટેલ સમાજ ભુજ કેશુબાપાને સદાય સ્મરશે.



કચ્છી લેવા પટેલ સમાજ ભુજને ઈ.સ.૨૦૦૦માં શિક્ષણ, રમતગમત સંકુલ અને હોસ્પિટલ માટે ભૂમિ આપવામાં સહયોગી તત્કાલીન મુખ્યમંત્રી શ્રદ્ધેય કેશુભાઈ સવદાસ પટેલને સમાજ સદૈવ યાદ રાખશે. કેશુબાપાનું તા.૩૦/૧૦/૨૦૨૦ ના અ'વાદ ખાતે અવસાન થયું હતું. ભુજ સમાજના આર્ષ પુરુષ આર.આર.પટેલની નિખાલસ સમાજસેવાની છાપમાં કેશુબાપાએ સમાજપ્રેમ દિપાવ્યો હતો. સમાજની ત્રણેય પાંખોએ કેશુબાપાને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## સંસ્મરણો





કેશુબાપાની સ્મૃતિ તસ્વીરો
(૧)દાતા કરસનભાઈ પ્રેમજી ભુડિયાનું સન્માન (૨) એમ.એમ.પી.જેનું ઉદ્ઘાટન (૩) લક્ષ્મણ બાપાનું સન્માન (૪) આર.ડી. વરસાણી વિદ્યાલય પ્રારંભ (૫) એમ.એમ.પી.જે ખાતમુહૂર્ત (૬)કુન્દપર ખાતે મુળજીભાઈ પિંડોરીયા (૭) રાજ્ય સરકાર દ્વારા અપાયેલસિટી સ્કેન નિહાળતા

# મોમ્બાસામાં સમાજ ખાતે નૂતન સંકુલ ખાતમુહુર્ત સાથે નવો ઈતિહાસ

## (અઢી એકરમાં સમાજ, સાડા સાત એકરમાં સ્વામિનારાયણ એકેડમીનું વિસ્તૃતિકરણ થશે.)









પૂજનવિધિ કરી રહેલાં સમાજ-મંદિરના પ્રમુખશ્રી અગ્રણીઓ



વિશ્વવાસી કચ્છી લેવા પટેલોનું સૌપ્રથમ સમાજ એવું મોમ્બાસા પોતાની સ્થાપનાનું અમૃત પર્વ ન્યાલી ખાતે નૂતન સંકુલમાં ઉજવશે. લાભપાંચમના દિને કોમ્પલેક્ષના ખાતમુહૂર્ત સાથે કચ્છીઓના આફ્રિકા હિજરતનો નવો ઈતિહાસ આલેખાયો છે. સમાજ સંકુલના મુખ્ય દાતા ફોટડી કચ્છના યુવા ઉદ્યોગપતિ હસમુખભાઈ કાનજી ભુડિયા છે.

મોમ્બાસાથી સમાજ પ્રમુખ ધનજીભાઈ પિંડોરિયા(સુરજપર) એ સમાજ સંદેશને વિગતો આપતા જણાવ્યું કે અહીંના ન્યાલી વિસ્તારમાં હાલની સ્વામિનારાયણ એકેડમી પાછળ સમાજ અને સ્વામિનારાયણ મંદિર મોમ્બાસા બન્ને મળી ૧૦ એકર જમીન ખરીદી છે. તેમાંથી ૧ એકર જમીન સમાજે ખરીદી છે જ્યારે ૧.૫ એકર જમીન દાતા હસમુખભાઈ ભુડિયા પરિવાર દ્વારા સમાજને દાન મળનાર છે. બાકીની સાડા સાત એકર ભૂમિ પર સ્વામિનારાયણ એકેડેમી સ્કૂલનો નવો વિભાગ નિર્માણ પામશે. લાભપાંચમના સમાજ હોલનું ખાતમુહૂર્ત સંપન્ન કરાયું હતું. ૩૦૦૦ વ્યક્તિ માટે કોમ્પલેક્ષ જેના બેઝમેન્ટમાં પાર્કિંગ અને ભોજન વ્યવસ્થા જ્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર લગ્ન સહિત વિવિધલક્ષી સામાજિક હોલ બનાવવાનું કાર્ય યજમાન પરિવારના હસમુખભાઈ ભુડિયાની આગેવાનીમાં શરૂ થયું છે. આ કાર્ય મંદિર અને સમાજ ખભેખભા મિલાવી કરી રહ્યા છે. મંદિરના ચેરમેન નારાણભાઈ મેપાણી અને સમિતિના સર્વે સભ્યો સાથ સહકાર આપી રહ્યા છે. મોમ્બાસાથી હસમુખભાઈ ભુડિયાએ સમાજ સંદેશને કહ્યું કે મોમ્બાસા સમાજ કચ્છી પટેલોનું સૌપ્રથમ સમાજ છે. જેની સ્થાપના આઝાદી પહેલાં ૧૯૪૬માં થઈ હતી. વડીલોની દીર્ઘદ્રષ્ટિ જુઓ આજ સુધી આ સુવિધા ઘટી નથી હવે ૧૬૫૦ સંખ્યા થઈ છે. એટલે નૂતન સંકુલનું સર્જન નવી પેઢી દ્વારા થઈ રહ્યું છે.એમણે ઉમેર્યું કે ભુજ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદવર્ય જાદવજીભગત

જેવા ઉદાર સંતોના આશીર્વાદ છે. અને માતૃસંસ્થા ભુજ લેવા પટેલ સમાજના વડીલોનું માર્ગદર્શન છે.

સમાજ અને સત્સંગના આ સંકુલોમાં ક્રિકેટ સહિતની રમતગમત પ્રવૃત્તિઓ માટે મેદાન, સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળા, કોલેજ,ટેકનિકલ શિક્ષણ સંકુલ નિર્માણ પામશે જ્યારે હાલની સ્વામિનારાયણ એકેડમીમાં નર્સરી અને પ્રાથમિક શાળા રખાશે તેવું મોમ્બાસાથી નારાણભાઈ મેપાણીએ જણાવ્યું હતું. લાભપાંચમના દિને કોરોના ગાઈડલાઈનની મર્યાદામાં એક નાના કાર્યક્રમમાં પૂજનવિધિ કરાઈ હતી. અગ્રણીઓ-આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. નૂતન નિર્માણને ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરિયા, મંત્રી કેશરાભાઈ પિંડોરિયાએ શુભેચ્છા આપી હતી. અને મોમ્બાસાના જ્ઞાતિજનો અને દાનવીર હસમુખભાઈ ભુડિયાના ભુજ સમાજને મળી રહેલા સાથને ઐતિહાસિક ગણાવ્યો છે. ભૂમિપૂજન પ્રસંગે મોમ્બાસા સમાજના કર્ણધાર એવા કરસન પ્રેમજી ભુડિયા, કેશવલાલ પ્રેમજી ભુડિયા, નારણ ગોપાલ ભુડિયા(સુખપર રોહા), હરજી લધા વરસાણી(સામત્રા), વિશ્રામ દેવશી(માનકૂવા),મનજી કરશન વરસાણી(માધાપર), ખીમજી દેવજી(બળદિયા), શામજી લાલજી(સુખપર), ખીમજી વસ્તા ગોરસિયા(માધાપર), હરિભાઈ કેશરા હાલાઈ, મુળજી દેવરાજ પરિવાર સહિતના પૂર્વજોને સ્મરાયા હતા.

## જનની જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસી....



ભગવાન શ્રીરામને તમે સુવર્ણની લંકા જીતી અને ત્યજી દઈ અયોધ્યા તરત કેમ આવ્યા? ભગવાન રામે કહ્યું; જનની જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસી.. જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ મહાન છે.

અયોધ્યામાં નિર્માણાધિન ભગવાન શ્રીરામનું મંદિર હિન્દુસ્તાનના અસ્મિતાનું પ્રતિક છે. ૫૦૦ વર્ષના દીર્ઘ સંઘર્ષ પછી આ ભવ્ય મંદિર નિર્માણનો સુવર્ણ અવસર આપણા આંગણે આવ્યો છે ત્યારે આ મંદિર કેવું ભવ્ય બનશે તે જાણવાની ઉત્કંઠા હરેક ભારતવાસીને હોય તે સ્વાભાવિક છે. દેશ-વિદેશવાસી સૌ કોઈ બંધુઓની જાણકારી માટે પ્રસ્તુત છે.

મંદિરનું ક્ષેત્રફળ : ૨.૭ એકર, કુલ નિર્માણ ક્ષેત્ર-૫૭,૪૦૦ વર્ગફૂટ, કુલ લંબાઈ-૩૬૦ ફુટ, કુલ પહોળાઈ-૨૩૫ ફુટ, કુલ ઉંચાઈ (શિખર સુધી) -૧૬૧ ફુટ, મંડપોની સંખ્યા -૫, કુલ ૩ માળ હશે, પ્રત્યેક માળની ઊંચાઈ ૨૦ ફુટ મંદિર પરિસરમાં શું નિર્માણ પામશે?

પુસ્તકાલય, અભિલેખાગાર, સંગ્રહાલય, અનુસંધાન કેન્દ્ર, યજ્ઞશાળા, વેદ પાઠશાળા, સત્સંગ ભવન, પ્રસાદ વિતરણ કેન્દ્ર, પ્રશાસનિક-કાર્યાલય, મુક્તાકાશ સભાસ્થળ, ધર્મશાળા, વિશિષ્ઠ અતિથિ નિવાસ, પ્રદર્શની, પાર્કિંગ, પ્રસાધન

## સમાચાર એક લીટીમાં

**સુખપર (તા.ભુજ)** :- ઘર ઘર ગાય હોવી જોઈએ તેવા સંદેશ સાથે ભુજ તાલુકાના સુખપર ગામે ચારા ભંડાર (ગોડાઉન) નો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતોના હસ્તે પ્રારંભ થયો હતો.

**સુખપર** :-પાંચ દિવસ સુધી દરરોજના ૨૮૦૦ લોકો માટે ૧૪ કેન્દ્રો ઉભા કરીને ઉકાળા વિતરણ કરાયું.

**ગોરેવલી(ખાવડા)** :- ચોવીસીના દાતાઓના સહયોગથી સરહદી વિસ્તારના ગરીબો માટે રામકૃષ્ણ નગરમાં ૩૧ જેટલા આવાસ બનાવવામાં આવ્યા. તેના લોકાર્પણના કાર્યક્રમમાં કચ્છી લેવા પટેલ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**કેરા** :- અહીંના યુવાનો દ્વારા બનાવાયેલ અમર જવાન સાઈકલ સેનાએ ૨૦,૦૦૦ કિ.મી. પૂર્ણ કર્યા.

**માધાપર** :- ગ્રામજનોને પાણીની સુવિધા માટે નવા ટાંકાનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું.

**સુખપર-રોહા** :-પરણિત યુવતીના ગુમ થયા સબંધે નાયબ પોલીસ અધિકક્ષને રજુઆત કરાઈ.

# પટેલ મહિલાઓનો પોલિસ સેવામાં પ્રવેશ, સમાજ માટે ગૌરવ

## (કચ્છી લેવા પટેલ સમાજે ભુજ ખાતે જ્ઞાતિના ૩૧૧ તેજસ્વી છાત્ર-છાત્રાઓને સન્માન્યા)



**પોલિસમાં પસંદ થયેલ પટેલ સમાજની ચાર યુવતીઓનું સન્માન કરતા પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, ઈન્સેટમાં ટ્રસ્ટ મંત્રી કેશરાભાઈ પિંડોરીયા અને પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા**



કોરાના પ્રકોપ વચ્ચે જ્યારે સામાજિક મિલનો અશક્ય બન્યા છે ત્યારે કચ્છી લેવા પટેલ સમાજ ભુજે ૩૧૧ તેજસ્વી તારલાને વારાફરતી ઉપસ્થિત રાખી ગાઈડલાઈનની મર્યાદામાં દૂરવર્તી સરસ્વતી સન્માન યોજ્યો હતો જેમાં ચોવીસીના પટેલ મહિલાઓ પોલિસ સેવામાં જોડાવાની ઘટનાને સામાજીક ગૌરવ તરીકે લેખાવાઈ હતી. ૧૭ થી ૧૮ હજાર જ્ઞાતિજનોએ દેશ વિદેશમાં જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

કુલ ૩૧૧ તેજસ્વી છાત્ર-છાત્રાઓ સન્માનીત કરાયા તે પૈકી વિશેષ સિદ્ધિ ૧૦, સરકારી નોકરીમાં ૬, સ્નાતક ૧૬૧, અનુસ્નાતક ૫૧, એન્જીનિયરીંગ -૩૬ નો સમાવેશ થયો હતો. સૌને સુવર્ણ-રજત ચંદ્રક અપાયા હતા. ચુસ્ત સોશ્યલ ડિસ્ટન્સ સાથે કચ્છી લેવા પટેલ સમાજ ભુજના આ વાર્ષિક આયોજનનું સંકલન યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પીંડોળીયાના નેજા હેઠળ ટીમ યુવક સંઘે કર્યું હતું. જેમાં મંત્રી ગોવિંદભાઈ હાલાઈ (મેઘપર), સુરેશ વાઘાણી (સુખપર), વિનોદભાઈ પિંડોરીયા, ઘનશ્યામભાઈ પૂંજાણી, કેરાના કંચનબેન વરસાણી, સુનિલ ભુડિયા, નીમુબેન મેપાણી સહિતના સૌ સભ્યોનો સમાવેશ થયો હતો. પ્રારંભે દીપ પ્રાગટ્ય કરાયું હતું. દિવંગતોને શ્રદ્ધાંજલિ, પ્રાર્થના બાદ પ્રથમ ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીને સન્માનાયા હતા. તેઓ હોલમાંથી વિદાય થયા બાદ ઉચ્ચ અભ્યાસ કરેલાના સન્માન શરૂ કરાયા હતા. પ્રારંભે સ્વાગત કરતાં એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ કહ્યું આવનારા સમયમાં સમાજ વહીવટી અધિકારીઓ બનવા માટે આપવાની થતી પ્રવેશ પરીક્ષાની તૈયારીઓ માટે ભુજ ખાતે ભવન નિર્માણ કરવા જઈ રહ્યું છે. તે માટે હસમુખભાઈ કાનજી ભુડિયા (મોમ્બાસા) એ નૂતન શિક્ષણ સંકુલમાં કન્યા રતનધામ અને સુરજ શિક્ષણધામની ભેટ આપી છે. કચ્છ પોલિસમાં કોન્સ્ટેબલ તરીકે જોડાયેલા કામિની ભરત ગોરસીયા(માધાપર), ક્રિષ્ના દિલીપ દબાસીયા(માધાપર), ક્રિશા હીરજી કેરાઈ (સુખપર-રોહા), ટ્વીંકલ લક્ષ્મણ વેકરીયા(કુન્દનપર) કે જેઓ સમાજ દ્વારા ચાલતા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગમાં તાલિમ લઈ સફળ થયાં છે તેમના વિશેષ સન્માન સાથે પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયાએ પ્રોત્સાહક અને પ્રેરક વક્તવ્યમાં કહ્યું કે એક સમયે કણબી સમાજ પોલિસની વર્દીથી દૂર રહેતો હતો જે આજે ધારણ કરી રહ્યો છે તે ગૌરવની વાત છે તેમણે સમાજમાં ઓછી ફી એ ભણાવવા દાતાઓને સગૌરવ ધન્યવાદ આપ્યા હતા. તાજેતરમાં લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણીએ શિક્ષણ સહાય માટે દોઢ કરોડ રૂપિયાનું માતબર દાન આપ્યાનો તેણે ઉલેખ કર્યો હતો. આ પ્રસંગે કુમાર શિક્ષણ ક્રાંતિના પથદર્શક આર.ડી.વરસાણી (નાઈરોબી), કન્યા કેળવણીના ભીષ્મપિતામહ જેવા શ્રી વી.કે.પટેલ, જાદવા પરબત, હરજી કરશન દબાસીયા (કણબી સાહેબ), શ્રી આર.આર.પટેલ, આર.એસ.હીરાણી તથા તે વખતના દાતાઓ-કાર્યકર્તાઓ સૌને સ્મરાયા હતા. કે.કે.પટેલ, મુરજીભાઈ પિંડોરીયા, વિશ્રામભાઈ જાદવા વરસાણી, ગીરધરભાઈ પિંડોરીયા, કે.કે.જેસાણી, કલ્યાણભાઈ રવજી વેકરીયા, નાનજી કાનજી પિંડોરીયા, ધનજીભાઈ કરશન વરસાણી 'દરબાર' (નારણપર),



વિશ્રામભાઈ ભુડિયા, શામજીભાઈ દબાસીયા, રવજીભાઈ ગોવિંદ, શશીકાંતભાઈ વેકરીયા જેવા અનેક માતબર દાતાઓની નોંધ લેવાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન યુવકસંઘના પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, સભ્ય સુરેશ વાઘાણી તથા વિનોદભાઈ પિંડોરીયાએ કર્યું હતું.

યુ.કે. કોમ્યુનિટી અધ્યક્ષ વેલજીભાઈ વેકરીયા, નાઈરોબી સમાજ પ્રમુખ ભીમજીભાઈ હાલાઈ, મોમ્બાસા ધનજીભાઈ પિંડોરીયા, કમ્પાલા નીતિનભાઈ વેકરીયા સહિત સમાજોએ શુભેચ્છા પાઠવી હતી. શ્રેષ્ઠી દેવશીભાઈ હાલાઈ (ગોડપર), પ્રમુખ વેલજીભાઈ પીંડોરીયા, એજ્યુ.મેડિ. ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, દાતા નાનજીભાઈ કાનજી પીંડોરીયા, દાતા પ્રવિણભાઈ પિંડોરીયા, ટ્રસ્ટી શીવજીભાઈ છભાડિયા (માંડવી), ટ્રસ્ટી કાન્તાબેન લાલજી વેકરીયા, દક્ષાબેન પીંડોરીયા, પુરુષોત્તમભાઈ હિરાણી, કાન્તીભાઈ વરસાણી, કે.ડી.પીંડોરીયા, મંત્રી ગોપાલભાઈ વેકરીયા, સમાજ ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા સહિતનાઓના હસ્તે ચંદ્રક-ઈનામો એનાયત કરાયા હતા. સમાજના જીવંત પ્રસારણ ટીમમાં માતૃછાયા કેબલ વિનોદભાઈ વરસાણી અને ધીરેન વરસાણી, નિર્માતા ભાવિક ખેતાણી, હરીશ ખેતાણી, સુમિત હાલાઈ સહયોગી રહ્યા હતા. વિવિધ માધ્યમો મળી ૧ ૮ હજાર જેટલા જ્ઞાતિજનો દેશ-વિદેશમાં કાર્યક્રમ નિહાળ્યો હતો.

# શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ - ભુજ
# કોરોના લોકડાઉન વખતે ગામેગામ દવા પહોંચાડાઈ










આપણાં વૃદ્ધ વડિલો કોરોના સંક્રમણથી સુરક્ષિત રહી શકે તે માટે કચ્છી લેવા પટેલ સમાજની યુવા પાંખે ગત માર્ચ મહિનાથી ઘરઘર દવા પહોંચાડવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. ચોવીસીના દરેક ગામથી દવાની યાદી મંગાવી એમ્બ્યુલન્સ કે સમાજના કાર્યકરો, ગ્રામ પ્રતિનિધિઓ દ્વારા દવાઓ પહોંચાડવામાં આવી હતી. આ દવાઓ રાહતદરે અપાઈ હતી જ્યારે જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને વિશેષ રાહત પણ અપાઈ હતી. યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયાના માર્ગદર્શન હેઠળ મેડિકલ સ્ટોરના કર્મચારીઓ સહયોગ આપી રહ્યા છે.

ગામેગામ અપાતી દવાઓની યુવા પ્રવૃત્તિને જ્ઞાતિજનોએ આશીર્વાદ આપ્યા હતા.

# માનકુવામાં લેવા પટેલ સમાજ દ્વારા ૮૦ મકાનોનો શિલાન્યાસ
## (જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારો માટે પડતર ભાવે આવાસ પૂરા પડાશે; સંતોના હસ્તે કળશ મુકાયો)



પટેલ ચોવીસી બિનનિવાસી પ્રભાવવાળી હોઈ ગામમાં રહેણાંકના પ્લોટ ૧૦ થી ૩૦ લાખના ભાવે મળે છે જે જરૂરતમંદ પરિવારોને પોષાય એમ નથી તેથી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ સામાજિક સ્તરે જ્ઞાતિની સૌ પ્રથમ આવાસ યોજના શરૂ કરી છે. જેનો પ્રારંભ કરાવતાં માનકુવા ખાતે ૮૦ મકાન બાંધવાનું કાર્ય શરૂ થયું હતું. દશેરાએ ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતોએ પૂજન વિધિ કરાવી હતી. ભૂમિ સહિત ૧૪ કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ આરંભાયો હતો.

મૂળ માનકૂવાના લંડન વસતા માતૃશ્રી મેઘબાઈ નાનજી હિરાણીના સ્મણાર્થે પુત્ર વિજયભાઈ હિરાણીએ માનકૂવા-નખત્રાણા માર્ગે ચાર એકર ભૂમિ જ્ઞાતિના ગરીબ-જરૂરિયાતમંદ પરિવારોને આવાસ માટે સમાજને દાન આપી હતી. તેમાં પ્રથમ તબક્કે ૮૦ મકાનો બાંધવાનું કાર્ય દશેરાના દિવસે ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતો શાસ્ત્રી લક્ષ્મીપ્રસાદ સ્વામી, શાંતિપ્રિયદાસજી સ્વામી, સંગીતકાર શ્રીજીનંદન સ્વામી, શ્રીજીપ્રિય સ્વામી, દિવ્ય પ્રસાદ સ્વામીના હસ્તે કળશપૂજન સાથે શરૂ કરાયું હતું. ગામના બંન્નેવાસના ત્યાગી સાંખ્યયોગી બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કચ્છી લેવા પટેલ સમાજ ભુજના છ દાયકાના ઈતિહાસમાં સૌ પ્રથમ 'ઘરનું ઘર' આવાસ યોજનાની વિગતો આપતાં પ્રોજેક્ટના સ્વપ્નદ્રષ્ટા અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયાએ કહ્યું અહીં ૮૦ મકાન બંધાશે, ૨૬ની નોંધણી થઈ છે. અંદાજે ત્રણેક કરોડની ભૂમિ દાતાએ આપી છે આવી ભૂમિ ચોવીસીના ગામોમાં કોઈ દાન આપશે તો સમાજ ગામોગામ આવી વસાહતો ઊભી કરી મદદરૂપ માધ્યમ બનશે. ત્રણ રૂમ, કિચન,એટેચ બાથરૂમ, આરામકક્ષ, સ્વાગત કક્ષ, પાર્કિંગ સહિત ૧૩૫૦ ચોરસ ફૂટ બાંધકામ માત્ર ૧૮ લાખ રૂપિયામાં સૂપરત કરાશે અત્રે ઉલ્લેખનીય છે કે ગોપાલભાઈ માવજી ગોરસીયા અધ્યક્ષ બન્યા પછી સૌના સહિયારા સહકારથી શૈક્ષણિક આરોગ્ય વિષયક મસમોટાં કાર્ય હિમ્મતભેર શરૂ કર્યા છે. જેની વિશ્વભરના વર્તુળોમાં નોંધ લેવાઈ રહી છે. આ પ્રસંગે નાઈરોબી સમાજના પૂર્વપ્રમુખ અને કેન્યામાં કચ્છ પ્રાંત વસાહત વખતે પ્રમુખ હતા તે મનજીભાઈ કાનજી રાઘવાણીએ આ કાર્યને ખૂબ જરૂરી ગણાવી અનુભવ વર્ણવ્યા હતા. વડીલ લક્ષ્મણભાઈ રાઘવાણીએ કાર્યને બિરદાવ્યું હતું. તેમણે સમાજની શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ ફી ન વધારવા રૂપિયા ૧.૫ કરોડ રૂપિયાનું દાન આપ્યાની વિગત પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયાએ વર્ણવી હતી. આ આવાસ યોજનાનું નામ 'ગૌરી નગર' રખાયું હતું. જિલ્લા સિંચાઈ સમિતિ ચેરમેન અને લેવા પટેલ સમાજના આશાસ્પદ રાજકીય આગેવાનો ભીમજીભાઈ જોધાણી અને તાલુકા પંચાયત પ્રમુખ હરીશભાઈ ભંડેરીએ કહ્યું; લાભાર્થીઓ માટે ગરીબ શબ્દ યોગ્ય નથી તેઓ મધ્યમવર્ગ હોય તો પણ ગામમાં પ્લોટના ભાવ એટલા છે કે ખરીદી શકે નહી સમાજ ને સહયોગી બનવાની બંન્નેએ ખાત્રી આપી હતી. આભારવિધિ

કેશરાભાઈ પિંડોરીયા, શબ્દ સંકલન યુવક સંઘના સુરેશ વાઘાણી એ જ્યારે સમાજવતી પ્રોજેક્ટની જવાબદારી સંભાળતા ઘનશ્યામભાઈ પૂંજાણી(માનકૂવા) અને ઉપપ્રમુખ માવજીભાઈ રાબડીયા(સુખપર)નો પરિચય કરાવાયો હતો. ઠેકેદારો રામજી પીંડોરીયા(માનકુવા), જયેશ વરસાણી (ભારાસર), ઈજનેર કાન્તી હિરાણી છે. દશેરાનો પ્રસાદ રામજી પિંડોરીયાએ જ્યારે વ્યવસ્થા માનકૂવા ગામના સહયોગે સમાજની ત્રણેય પાંખના કાર્યકર્તાએ સંભાળી હતી.

આશીર્વાદ આપતાં ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતોએ આ કાર્યને ભગવાન શ્રીહરિનું કાર્ય ગણાવ્યું હતું. તેમણે સમાજિક પ્રવૃત્તિઓને સમર્થન આપ્યું હતું. ભુજ મંદિર મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પાર્ષદવર્ય જાદવજી ભગત, વહીવટી કોઠારી રામજી દેવજી વેકરીયા, ઉપકોઠારી મુરજીભાઈ શિયાણીએ સમાજના આ ઐતિહાસિક કાર્યને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે માનકૂવાના હરજીભાઈ કરશન દબાસીયા(કણબી સાહેબ), વી.કે.પટેલ(માધાપર), માનકૂવાના અગ્રણી વેલજીભાઈ હિરાણી સહિતના પ્રદાનને સ્મરાયું હતું. ભુજ સમાજના વર્તમાન ટ્રસ્ટીઓ કે.ડી.પીંડોરીયા, શીવજીભાઈ છભાડિયા(માંડવી), શ્રેષ્ઠીવર્ય દેવશીભાઈ કરશન હાલાઈ, મંદિરોના પ્રમુખ હરજીભાઈ હિરાણી, કરશનભાઈ દબાસીયા, મણિનગર સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળના પ્રમુખ લાલજીભાઈ ગોરસીયા, ઠાકર મંદિર પ્રમુખ કરશનભાઈ પૂંજાણી, સરપંચ વનીતાબેન કાન્તીભાઈ હિરાણી તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે ત્રણેક કરોડ રૂપિયાની જમીન અને એક મકાન ૧૮ લાખ કિંમત લેખ ૧૪.૪૦ કરોડની આ આવાસ યોજના શરૂ થતા ચોવીસીમાં આનંદ પ્રસર્યો હતો. લક્ષ્મણબાપા(બળદિયા) એ પોતાના ગામમાં આવી યોજના શરૂ કરવા લાગણી દર્શાવી હતી. તેમણે એવી પણ ભાવના વ્યકત કરી કે ચોવીસીના ગામોગામ દાતાઓ સમાજને આ હેતુ માટે ભૂમિદાન આપે અને સમાજ જરૂરતમંદ જ્ઞાતિજનોને પડતર ભાવે આવાસ પુરા પાડે તે મોટી સેવા ગણાશે.

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, એજ્યુકેશન & મેડિકલ ટ્રસ્ટ અને યુવક સંઘ ભુજના કાર્યકર્તાઓની શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ-બિદડા દ્વારા ચાલતી હોસ્પિટલના વિવિધ વિભાગોની પ્રેરણા હેતુસર મુલાકાત**








યુવાનો માટે મારો સંદેશ હું ફક્ત ત્રણ શબ્દોમાં કહીશ મહેનત, મહેનત, મહેનત
-બિસ્માર્ક

મને સો યુવાનો આપો અને હું દુનિયા બદલી દઈશ.
-સ્વામી વિવેકાનંદ

પૈસો કમાઈ જાણે અને યોગ્ય રીતે ખર્ચી જાણે તે જ મહાજન કહેવાય
-ગુણવંત શાહ

માતા-પિતા, ગુરુ અને રોગીષ્ટની સેવા જીવનપર્યંત કરવી
-શિક્ષાપત્રી



**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, એજ્યુકેશન & મેડિકલ ટ્રસ્ટ અને યુવક સંઘ ભુજના કાર્યકર્તાઓએ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી જીતેન્દ્રીયપ્રિયદાસજી મહારાજ પ્રથમવાર કચ્છ પધાર્યાએ નિમિત્તે ભુજ દરબાર ગઢ મંદિર ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી.**

# કચ્છી લેવા પટેલ સમાજના વ્યકિતઓ ઉપર ખોટી રીતના કરવામાં આવતા એટ્રોસીટી કેસ બાબતે સમાજ તરફથી S.P સાહેબને રજુઆત કરવામાં આવી.





પ્રશ્ચિમ કચ્છ જીલ્લા પોલિસ વડા શ્રી સૌરભસિંઘ સાહેબને રજૂઆત આપતા સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરિયા,ગોપાલભાઈ વેકરિયા, રવજીભાઈ ખેતાણી



ભુજ વિભાગના DY SP શ્રી જે.અને.પંચાલ સાહેબને સમાજનો અંક અર્પણ કરતા સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પિંડોરિયા સાથે ગોપાલભાઈ વેકરિયા અને કેશરાભાઈ પિંડોરિયા

તાજેતરમાં લેવા પટેલ ચોવીસીના ગામોમાં આપણા પટેલ જ્ઞાતિના પરિવારો પર અસામાજિક તત્વો દ્વારા એટ્રોસીટીના કાયદાના દુરુપયોગની ઘટનાઓએ ચિંતા જગાવી છે. માંડવી તાલુકાના રામપર વેકરા ગામે સરલીના પરિવાર પર બનેલી ઘટના સંદર્ભે ઉપજાવી કાઢેલી જાતિ અપમાનિત કરવાની કથિત ફરિયાદ ગઢશીશા પોલીસ મથકે દાખલ કરાવાઈ હતી.

ફોટડી ગામે સાર્વજનિક જમીન પર કણબી યુવાનો દ્વારા વૃક્ષારોપણ કરવા મામલે મનદુઃખ રાખી ગામના ચુંટાયેલા આગેવાનના પુત્ર દ્વારા પણ એટ્રોસીટી કલમ હેઠળ માનકુવા પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ હતી.

મેઘપર ગામે પંચાયતના કામ આપવા સંદર્ભે મનદુઃખ રાખી ગામના વ્યકિતએ સરપંચ પતિ ઉપર ખોટી રીતે એટ્રોસીટી દાખલ કરવાનો બનાવ બન્યો હતો.

કેરા ગામે પંચાયતી અંટશમાં સરપંચે બે કણબી યુવાનો સામે ખોટી રીતે ઉપજાવી કાઢેલી એટ્રોસીટી ફરિયાદ દાખલ કરી હતી.

આ બનાવો સંદર્ભે કચ્છી લેવા પટેલ સમાજ ભુજમાં સબંધિત જ્ઞાતિજનોએ મદદ કરવા વિનંતી કરતી રજુઆત કરી હતી. સમાજ સ્તરેથી વડિલોના માર્ગદર્શન મુજબ જિલ્લા પોલીસ અધિકક્ષને રજુઆત કરાઈ હતી. ત્રણેય પાંખોવતી સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, મંત્રી ગોપાલભાઈ વેકરિયા, એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટ મંત્રી કેશરાભાઈ પિંડોરીયા યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, સભ્ય રવજીભાઈ ખેતાણી સહિતના કાર્યકરોએ આવા અન્યાય સામાજિક સંવાદિતામાં ખલેલરૂપ હોવાની રજુઆત કરી હતી.

આ મુલાકાત સમયે સમાજના આગેવાનોએ જિલ્લા પોલીસ વડા અને નાયબ જિલ્લા પોલીસ વડાને સામાજિક પ્રવૃતિઓથી અવગત કરાવ્યા હતા. અને સમાજના આરોગ્ય સેવાની વિગતો દર્શાવતો વિશેષાંક પણ આપ્યો હતો. વિદેશ વસતા જ્ઞાતિબંધુઓના મિલકત સબંધી પ્રશ્નો બાબતે પણ રજુઆત કરવામાં આવી હતી. અસામાજિક તત્વો દ્વારા માલિકીની જમીન પર કબજો જમાવી લેવો, ધાક ધમકીઓ કરવી, માથાભારે વિધર્મીઓનો 'હાથા' તરીકે ઉપયોગ કરવો જેવા અનેક પ્રશ્ને સમાજે જિલ્લા પોલીસ વડાને રજુઆત કરી હતી. વિદેશવાસી જ્ઞાતિબંધુઓ આવા જુદા જુદા મામલે અસલામતી અનુભવી રહ્યા છે. અને ભારે ચિંતામાં છે. તે માટે તેમણે પણ લેવા પટેલ સમાજને જનજાગૃત્તિ આણવા અપીલ કરી હતી. તાજેતરમાં નારણપર(રાવરી)ગામે બનેલ ઘટના મુજબ એક માથાભારે અસામાજિક તત્વ દ્વારા ગામના નિર્દોષ યુવાનોને ધાકધમકી કરવી, મારામારી કરવી અને પોતાનો રોફ બતાવવો જેવી ઘટના ઘટી હતી. ટોળાં એકત્ર થયા હતા અને પોલીસ બોલાવવી પડી હતી. સામસામે ફરિયાદ પણ દાખલ થઈ હતી. આવી ઘટના સંદર્ભે કચ્છી લેવા પટેલ સમાજ ભુજ એ જ્ઞાતિજનોને જાગ્રૃત થવા અપીલ પણ કરી હતી.

# સુરજ સ્વામિનારાયણ મંદિરે લેવા પટેલ સમાજની સુપર સ્પે.હોસ્પિટલમાં ૧૦ લાખ આપી પ્રેરણા સર્જી

**(ચોવીસીના તમામ ગામોના મંદિરોને યથાશક્તિ દાન આપવા અપીલ કરાઈ)**




કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા કોરોના ગાઈડલાઈન મર્યાદામાં ગામોગામ સામાજીક સંપર્ક બેઠકો શરૂ કરી છે. જેમાં ભુજમાં બની રહેલી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દરેક જ્ઞાતિજન યથાશક્તિ દાન સાથે જોડાય તેવી અપીલ કરાઈ છે. તે અનુસંધાને સુરજપર સ્વામિનારાયણ મંદિર પોતાના દેવભંડોળમાંથી ૧૦ લાખ રૂપિયા દાન આપી પ્રેરક કાર્ય કર્યું છે. તાજેતરમાં ચેક અર્પણ કરાયો હતો. ગામદીઠ આંક આપવા વિનંતી કરાઈ છે.

પાંચ કરોડ ભુજ નરનારાયણદેવ મંદિર, ૨.૫ કરોડ મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાને કચ્છની જનતાની કીડની, કેન્સર, હૃદય અને આયુર્વેદની સુપર સ્પેશિયાલિટી સારવાર માટે આપ્યા છે. સંતો-સાંખ્યયોગી બહેનો હરિભક્તોને સેવાના આ મહાન કાર્યમાં દાન આપવા પ્રેરણા આપી છે ત્યારે ચોવીસીના ગામોગામ સમાજ દ્વારા ૨૦૦ કરોડના ખર્ચ સાથેનો આ પ્રોજેક્ટ સાકાર કરવા સૌ જ્ઞાતિજનોને ફૂલ કે ફૂલની પાંખડી આપવા અપીલ કરાઈ છે. ત્યારે તાલુકાના સુરજપર ગામે સ્વામિનારાયણ મંદિરે પોતાના દેવ દ્રવ્યમાંથી રૂપિયા ૧૦ લાખથી શરૂઆત કરી છે અને ચોવીસીના દરેક સ્વામિનારાયણ મંદિરોએ યથાશક્તિ દાન આપવા અપીલ પણ કરી છે. ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, વહીવટી કોઠારી ભગવદજીવન દાસજી સ્વામી સમેત સૌ સંતોએ સમાજ દ્વારા આદરાયેલા આ મોટાં કાર્યને પરિપૂર્ણ કરવા માટે દાન આપવા અપીલ કરી છે. ગાદી સંસ્થાનના નવનિર્વાચિત આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજે પણ પોતાના હરિભક્તોને સમાજ માટે દાન આપવા કહ્યું છે. સમાજે ઘર ઘર સંપર્ક શરૂ કરી સૌએ યથાશક્તિ સહયોગી બને તેવા પ્રયાસ શરૂ કર્યા છે.

## મોમ્બાસાના દરિયામાં ડૂબી જવાથી બે આશાસ્પદ યુવાનનો સ્વર્ગે સિધાવ્યા.

**(ચોવીસીમાં શોક ફેલાયો, સમાજે દુઃખ વ્યક્ત કર્યું.)**





મૂળ માંડવીના નાગલપર વાડી વિસ્તારના બે પારિવારીક સબંધી યુવાનો શામજી મનજી હાલાઈ (ઉ.વ.૪૮) અને કાન્તીલાલ પ્રેમજી લાલજી હાલાઈ (ઉ.વ.૩૨) નું મોમ્બાસાના દરિયામાં અકસ્માતે ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. તેઓ રજા માણવા નાઈરોબીથી મોમ્બાસાના ડિયાની બીચ ગયા હતા ત્યાં આ દુઃખદ ઘટના બની હતી. સમાચાર ફેલાતાં કચ્છ થી કેન્યા યુ.કે, ઓસ્ટ્રેલિયા સુધી સબંધિત વર્તુળોમાં અરેરાટી ફેલાઈ હતી. સમાજની ત્રણેય પાંખોએ શ્રદ્ધાંજલિ અર્પી, સદ્‌ગતના પરિવારજનોને દિલસોજી પાઠવી હતી. આવી ઘટનાઓ ન બને તે માટે કચ્છી લેવા પટેલ સમાજે સૌને સાવધાની રાખવા અપીલ કરી હતી.

## શ્રદ્ધાંજલિ



સ્વ. ધરમશીભાઈ રાઘુ આરેઠિયા
(ઉ.વ. ૯૪) રહે. રાપર(વાગડ)
આગેવાનશ્રી
રાપર લેઉવા પાટીદાર સમાજ
સ્વ. ૧/૧/૨૦૨૧



સર્વે સન્તુ નિરામયા... એમ.એમ.પી.જે હોસ્પિટલમાં દાખલ દર્દીઓના નિરામય વર્તમાન માટે સ્ટાફે રંગોળીઓ સજાવી હતી.

# ભુજની લેવા પટેલ હોસ્પિટલને ડાયાલિસીસ માટે ૬.૩૦ લાખનું દાન

**(મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાના અધ્યક્ષ પ.પૂ. પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની સ્મૃતિમાં નારાણપરના સેંઘાણી પરિવારે ચેક અર્પ્યો)**



કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ ભુજ સંચાલિત એમ.એમ.પી.જે (લેવા પટેલ) હોસ્પિટલને કિડનીના દર્દીઓની સારવાર માટે ડાયાલિસીસ મશીન પેટે રૂા. ૬,૩૦,૦૦૦ (છ લાખ ત્રીસ હજાર પૂરા) નું દાન આપવામાં આવ્યું હતું. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના અધ્યક્ષ મૂર્તિના સુખે સુખીયા થયા તેમની પુણ્યસ્મૃતિમાં ગામ નારણપરના સેંઘાણી પરિવારે જીવદયા માટે સ્વામીશ્રીના સિંચેલા સંસ્કારે કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત એમ.એમ.પી.જે (લેવા પટેલ) હોસ્પિટલને કિડનીના દર્દીઓની સારવાર માટે ડાયાલિસીસ મશીન પેટે રૂા. ૬,૩૦,૦૦૦નું દાન અર્પણ કર્યું હતું. આ પરિવારના ખીમજીભાઈ નારાણ સેંઘાણી, ધ.પ. ધનબાઈ ખીમજી સેંઘાણી, પુત્ર અરવિંદભાઈ, પૂત્રવધુ વાસંતીબેન, પૌત્ર ગૌરવ તથા હિતેન્દ્ર સહપરિવાર ગામ નારાણપર તરફથી આ દાન અપાયું છે. દાન બદલ દાતાઓ અને સંતોનો આભાર માનતાં ચેરમેન ગોપાલભાઈ ગોરસિયા અને સમાજ પ્રમુખ વેલજીભાઈ પીંડોરિયાએ કહ્યું, દાતાઓ અમારી શક્તિ છે, એમના સમર્પણથી સેવાકાર્યમાં આગળ વધતા રહ્યા છીએ.

## શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ભુજ સંચાલિત એમ.એમ.પી.જે હોસ્પિટલને સ્ટ્રેચર ટ્રોલી પેટે રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર પુરા) નું દાન...અને કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને એક રૂમ પેટે ૧૦ લાખનું દાન અપાયું

શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રસાદદાસજીની પ્રેરણાથી અ.નિ. કાંતાબેન દેવજી વોરાની સ્મૃતિમાં હસ્તે દેવજીભાઈ કાનજી વોરા, ગામ-માધાપર તરફથી શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ભુજ સંચાલિત કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે રૂ.૧૦,૦૦,૦૦૦/-(દશ લાખ પુરા) નું અનુદાન સેવા સહયોગ ખંડ માટે જાહેર કરેલ છે.

શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત-ભુજ એમ.એમ.પી.જે (લેવા પટેલ) હોસ્પિટલને સ્ટ્રેચર ટ્રોલી પેટે રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર પુરા) નું અનુદાન શ્રી સ્વામિનારાયણ સર્વજીવ હિતાવહ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી દેવજીભાઈ કાનજી વોરા તથા શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રસાદદાસજી તરફથી મળેલ છે.



## માધાપરના દાતાએ લેવા પટેલ હોસ્પિટલને ૪.૭૫ લાખ રૂપિયાના ખર્ચે મિની એમ્બ્યુલન્સ વસાવી આપી



**(ટ્રસ્ટના ઉપપ્રમુખ ડો. જે.કે.દબાસીયાએ ચાવી સ્વીકારી)**

શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત-ભુજ એમ.એમ.પી.જે (લેવા પટેલ) હોસ્પિટલને એમ્બ્યુલન્સ પેટે રૂ.૪,૭૫,૦૦૦/-(ચાર લાખ પંચોતેર હજાર પુરા)નું દાન શ્રી પ્રેમજીભાઈ દેવજી હિરાણી, ધ.પ. વેલુબેન, પુત્રી કાંતાબેન હિતેશ દબાસીયા, જ્યોતિબેન કાનજી દબાસીયા તથા હંસાબેન પ્રવિણ વેકરીયા પરિવાર ગામ માધાપર તરફથી મળેલ છે.

# કચ્છી લેવા પટેલ સમાજની એમ.એમ.પી.જે હોસ્પિટલને ભુજના બિનપટેલ દાતા દ્વારા ૫ લાખનું દાન

(સંત શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામીની પ્રેરણાથી ચેક અર્પણ કરાયો)

કિડની, કેન્સર કાર્ડિયાક (હૃદય) ની સંપૂર્ણ સારવાર માટે સર્જાઈ રહેલ કચ્છની સૌ પ્રથમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ભુજના પ્રજાપતિ દંપતિએ પાંચ લાખ રૂપિયાની રાશી અર્પણ કરી પ્રેરણારૂપ સેવા કરી હતી.

ભુજ સ્વામિનારાયણ મંદિરના વક્તા શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામીની પ્રેરણાથી ભુજના મધ્યમવર્ગીય પરિવારના દેવજીભાઈ (કનુભાઈ) ડાહ્યાભાઈ પ્રજાપતિ, ધ.પ. સુશીલાબેન દંપતિ તરફથી પાંચ લાખનો ચેક ટ્રસ્ટ ઉપપ્રમુખ ડો.જે.કે.દબાસીયાને અર્પણ કરાયો હતો. પ્રતિભાવમાં દાતા દંપતિએ કહ્યું ; લેવા પટેલ હોસ્પિટલમાં જિલ્લાના અઢારેયવર્ણની સમભાવથી સેવા થાય છે કચ્છ જિલ્લાના સામાન્ય વ્યકિતના આરોગ્યની આ હોસ્પિટલ વિના કલ્પના કરવી કઠિન છે ત્યારે ફૂલ નહીં, તો પાંખડી...દરેક બિન પટેલ કચ્છીઓ-શહેરીજનોએ સાથ આપવો જોઈએ એવા વિચાર



પાંચ લાખ રૂપિયાનો ચેક આપતા
દેવજીભાઈ (કનુભાઈ) ડાહ્યાભાઈ પ્રજાપતિ, ધ.પ. સુશીલાબેન ચેક સ્વીકારી રહેલા
એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના ઉપપ્રમુખ ડો. જે.કે.દબાસીયા

સાથે અમે અમારી શક્તિ પ્રમાણે સંતવચને સેવા કરી છે.જેનો અમને સંતોષ છે. સંચાલક કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ભુજના અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયાએ પ્રેરણા આપનાર સંત તથા દ્રવ્ય દાતા પરિવારનો આભાર માન્યો હતો.

# માધાપરના દુબઈ સ્થિત દાતાએ માતા-પિતાની સ્મૃતિમાં ભુજની હોસ્પિટલને ૧૧ લાખનું દાન આપ્યું

(દાતાશ્રીના પાલક માતા-પિતાએ ટ્રસ્ટ અધ્યક્ષને ચેક અર્પણ કર્યો)



મૂળ માધાપરના શામજીભાઈ નાનજી મેપાણીએ માતા-પિતાની સ્મૃતિમાં ભુજમાં નિર્માણ પામી રહેલી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને ૧૧ લાખનું દાન આપ્યું છે. તેમના વતી સ્વજન સામજીભાઈ નારાણ ભુડિયા, ધ.પ. નાનુબેન ભુડિયાએ ચેક અર્પણ કર્યો હતો.

અતિ સામાન્ય સ્થિતિમાં સંઘર્ષ કરી દુબઈમાં નામદામ કમાયેલા મૂળ માધાપરના શામજીભાઈ નાનજી મેપાણી માતા સામબાઈની પુણ્યસ્મૃતિમાં ૧૧ લાખનું દાન ટ્રસ્ટના નામકરણ પેટે કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટને જાહેર કર્યું હતું. આયર્ન ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ આ પરિવાર વતી સ્થાનિક વડીલ કે જેણે દાતા શામજીભાઈ મેપાણીને નાનપણથી માત-પિતાની જેમ પરવરીશ કરી સેવાભાવી સંસ્કાર આપ્યા એવા શામજીભાઈ ઉર્ફે શાંતિભાઈ ભુડિયા અને નાનુબેન ભુડિયા દંપતીએ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાને ૧૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો. ટ્રસ્ટે દાતા પરિવારનો આભાર માન્યો હતો.આ પરિવાર દ્વારા અગાઉ પણ આરોગ્ય ક્ષેત્રે દાન અપાતું રહ્યું છે. કિડની,કેન્સર, કાર્ડિયાક સહિતની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું બાંધકામ ભુજ-મુંદરા માર્ગે ઝડપભેર થઈ રહ્યું છે. જિલ્લાની સૌ પ્રથમ સુપર સ્પે. હોસ્પિટલમાં એક રૂમમાં નામકરણ પેટે આ દાન અપાયું છે.

# બ્રિટીશવાસી કચ્છીઓ આપત્તિને અવસરમાં બદલવા સક્ષમ

**(લેવા પટેલ કોમ્યુનિટી યુ.કેના ઈ-મેલામાં ઈન્ડિયા ગાર્ડન સાકાર કરવા સંકલ્પ; ૧૨૦૦૦ લોકો જોડાયા)**



પ્રમુખ વેલજીભાઈ પરબત વેકરીયા (નારણપર)ની અધ્યક્ષતામાં યુ.કે.કોમ્યુનિટીની 'ટીમ સમાજ', ટ્રસ્ટી તથા સભ્યો

બ્રિટનમાં સૌથી મોટા ભારતીય સામાજિક સંગઠન તરીકે કચ્છી લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે નામના ધરાવે છે. આ સમુહ સ્વજ્ઞાતિય તથા સાર્વજનિક આયોજનો કરે છે. દર વર્ષે નોર્થ હોલ્ટ ખાતે કચ્છીઓ એકત્ર થાય છે અને ચિંતન મનન કરે છે. આનંદદાયી અને ઉપયોગી પ્રવૃત્તિઓ યોજે છે ચાલુ વર્ષે કોરાનાના કારણે એકત્ર થવા પર પ્રતિબંધ છે તેથી ઈ-મેલાનો નવતર પ્રયોગ કરાયો હતો. જેમાં ૧૨૫૯૧ દર્શકો નોંધાયા હતા. પ્રારંભે બ્રિટન-ભારતના રાષ્ટ્રગીત ગવાયા હતા. સંસ્થા હેઠળ ચાલતી સેટરડે-સ્કૂલના બાળકોએ પ્રાર્થના રજૂ કરી હતી. કેરા-કુન્દનપરના બાળકોએ ભગવાન સ્વામિનારાયણની આરતી કરી હતી. કચ્છ સંત્સગના મોભી ભુજ મંદિર મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું; સત્સંગ અને સમાજ એક છે. તેમણે યુ.કે.વાસી તમામ કચ્છી મંદિરો તથા સર્વે હરિભક્તોને આજ્ઞા આપતાં કહ્યું; આપ સૌ હરિભક્તો કચ્છી લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.ના કામમાં તન મન ધનથી સહયોગ આપજો તેમણે વડિલોના સંઘર્ષને યાદ કર્યો હતો અને સૌના નિરામય જીવનની પ્રાર્થના કરી હતી.

કોરોનામાં અવસાન પામેલા જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ સાથે કોમ્યુનિટીના યુવા અધ્યક્ષ વેલજીભાઈ પરબત વેકરીયાએ સૌનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું આપણે NHSને બે વેન્ટીલેટર, ટિફિન સેવા સહિતની મદદ કરવા પ્રયાસ કર્યો હતો. જ્ઞાતિબંધુઓને ભારત આવ-જા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કપરાકાળમાં પણ દ્રઢ મનોબળ રાખી 'ઈન્ડિયા ગાર્ડન' પ્રોજેક્ટ આગળ ધપાવવા જ્ઞાતિજનો દ્વારા મળી રહેલા પ્રતિસાદને અમૂલ્ય ગણાવ્યો હતો. યુ.કે.ના તમામ કચ્છી સ્વામિનારાયણ મંદિરો તથા સર્વે હરિભક્તોના સાથ-સહયોગની નોંધ લીધી હતી. ટ્રસ્ટી મહેશભાઈ વાલજી પિંડોરીયાએ પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો.

'ઈન્ડિયા ગાર્ડન' અંદાજિત ૧૨૦ કરોડ રૂપિયાના મેગા પ્રોજેક્ટના તે વખતના કન્વીનર પૂર્વ અધ્યક્ષ માવજીભાઈ ધનજી વેકરીયા (કેન્ફોર્ડ) એ આ મહાસર્જનની વિગતો આપી હતી. યુવા પેઢીને જોડાવવા આહ્‌વાન કરતાં સહકન્વીનર વિનોદભાઈ હરજી હાલાઈ(સુરજપર) એ બ્રિટનમાં ધર્મ-સંસ્કૃતિ અને કચ્છી ભાઈચારો ટકાવવા સૌનો સાથ માંગ્યો હતો. ભુજ સમાજ વતી પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, નાઈરોબી સમાજવતી પ્રમુખ ભીમજીભાઈ હાલાઈ, મોમ્બાસા વતી ધનજીભાઈ પિંડોરીયા, અમદાવાદ શિવજીભાઈ સિયાણી, નાઈરોબી, કિસુમુ, એલ્ડોરેટ, કંપાલા, અરૂશા, સીસલ્સ, ઓસ્ટ્રેલિયા, પર્થ, ન્યુઝીલેન્ડ, સહિતના દેશોમાં કચ્છી સમાજ દ્વારા થઈ રહેલ પ્રવૃત્તિઓના ચિતાર અને પ્રમુખોની શુભેચ્છા રજૂ થઈ હતી. યુ.કે.ના કાર્ડિફ-બોલ્ટનની ઝલક રજૂ થઈ હતી. સાંસ્કૃતિક રજૂઆતોમાં કચ્છ ચોવીસીના બ્રિટનના ગામોગામના સંગઠન, વિલ્સડન, કેન્ટન, સ્ટેનમોર, કિંગ્સબરી, વુલ્વીચ, ઈસ્ટલંડન, કાર્ડિફ, ઓલ્ડહામ અને બોલ્ટન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત ઉત્સવોની ઝલક રજૂ થઈ હતી. યુ.કે.ના સર્વે કચ્છી સ્વામિનારાયણ મંદિરોના કોમ્યુનિટીના મોટા સાથની નોંધ લેવાઈ હતી. સમાજે સૌનો આભાર માન્યો હતો.

કોવિડ-૧૯ સંજોગોમાં ડો. હેમા વોરા, ડો. દક્ષા હિરાણી, મનોજભાઈ કેરાઈએ મનોઆરોગ્ય વિશે માહિતી આપી હતી. ક્રિકેટ ક્લબની પ્રવૃત્તિઓ દર્શાવાઈ હતી, વાસંતી હાલાઈએ યોગા કરાવ્યા હતા. સેટર ડે ગુજરાતી સ્કૂલના કાર્યક્રમોએ દિલ જીત્યા હતા. નવરાત્રીનો સંદેશ અપાયો હતો. અંતે જ્ઞાતિના કલાકારો દ્વારા લાઈવ સંગીત પીરસાયું હતું. દિનાંતે ૧૨૫૯૧ વીવર્સએ મેળો નિહાળ્યો હતો. જેનું આયોજન કોમ્યુનિટીની આઈ.ટી.ટીમે કર્યું હતું. વિપરીત પરિસ્થિતિમાં પણ બ્રિટીશ કચ્છીઓ સાયબર સંપર્કે એક થયા હતા.



# મોમ્બાસાના હસુભાઈએ રબારી કન્યા છાત્રાલય માટે સહયોગ આપ્યો.

(ભુજોડી ખાતે ૭૦ લાખના ખર્ચે સગવડયુક્ત છાત્રાલય બનાવી આપ્યું; અન્ય દાતાઓ પણ જોડાયા)









સામાજીક ઉત્તરદાયિત્ત્વ કોને કહેવાય? તેનું શ્રેષ્ઠ ઉદાહરણ મૂળ ફોટડીના મોમ્બાસા નિવાસી યુવા દાતા હસમુખભાઈ કાનજી ભુડિયા છે. તાજેતરમાં તેણે કચ્છની માલધારી રબારી કન્યાઓના ઉચ્ચ શિક્ષણ માટે છાત્રાલયનું નિર્માણ કરાવી આપેલ છે આ કાર્ય પૂર્ણ થયું છે. અન્ય દાતાઓ પણ જોડાયા છે.

ઈ.સ.૧૯૯૭માં સ્વ.પુંજલ રબારીએ જેની સ્થાપના કરી હતી તે માલધારી મંગલ મંદિર (આશ્રમશાળા)નું હાલ દાતાઓના ખર્ચે નવનિર્માણ થયું છે. જેમાં ૧ થી ૧૦ના ૨૦૦ છાત્ર-છાત્રાઓનું નામાંકન થયું છે જેમાં ૬૦ જેટલી દિકરીઓ છે. ગત વર્ષે માદરે વતન કચ્છની મુલાકાતે આવેલા હસુભાઈ ભુડિયા, અ'વાદ સમાજના ઈશ્વરભાઈ પૂંજાણી સાથે ભુજોડી આવેલા અને દિકરીઓની સ્થિતિ જોઈ હતી, હૃદયદ્રવી ઉઠ્યું અને ૭૦ લાખના ખર્ચે સર્વે સગવડયુક્ત છાત્રાલય બનાવ્યું છે. મંગલ મંદિરના સંચાલકોએ આપેલી વિગત મુજબ દિલીપભાઈ હિરાણી (માધાપર-લંડન) એ ભૂમિદાન, સ્કૂલ દાતા માધવપ્રિયદાસજી (રાજકોટ), ગોપાલભાઈ ગોરસીયા ( ૧૦ રૂમ), સામત્રાના કે.કે.પટેલે ૨૫ લાખના દાન સાથે હોસ્ટેલની શરૂઆત કરાવી હતી. તે પછી ૬૫ થી ૭૦ લાખનું અનુદાન આફ્રિકાના કચ્છી ઉદ્યોગપતિ અને વિશ્વમાં જેની અજોડ સેવા છે એવા કચ્છી હસુભાઈ ભુડિયા દ્વારા અપાયું હતું.

અખિલ કચ્છ રબારી સમાજ એવમ સંકુલના પ્રમુખ હીરાકાકા, ટ્રસ્ટી મનુભાઈ રબારી, ડો.મમુભાઈ સહિતનાએ સર્વે દાતાઓનો આભાર માન્યો હતો.

# સંગઠન અને જનજાગરણ પ્રવાસ અંતર્ગત કાર્યકર્તાઓ સાથે બેઠકની તસવીરની એક ઝલક


બળદિયા


ભારાસર


ફોટડી


કોડકી


કુન્દનપર


દહિંસરા


માંડવી


કેરા

# સંગઠન અને જનજાગરણ પ્રવાસ અંતર્ગત કાર્યકર્તાઓ સાથે બેઠકની તસવીરની એક ઝલક































# ''સંગઠન અને જનજાગરણ પ્રવાસ''

અહેવાલ : રવજી ખેતાણી

ઘણાં લાંબા સમયથી એવી લાગણી વ્યક્ત થતી હતી કે આપણું સમાજ સંગઠન અને જનજાગરણ માટે ગામોગામ સંપર્ક કરે. જનજાગરણ આપણી વર્તમાન જરૂરિયાત છે. વડીલોના હૃદયમાં આ વાત હતી. સમાજની ત્રણેય પાંખોની બેઠકમાં આ મુદ્દા ચર્ચવામાં આવ્યા. સમાજના જ્ઞાતિ બંધુઓને પડતી મુશ્કેલીઓથી સમાજ અવગત હતું, છે અને રહેશે. પારિવારિક સમસ્યાઓ વધી રહી છે, તો ભાઈઓ-ભાઈઓમાં અમુક જગ્યાએ નાની અમથી વાતમાં અંટશ પડે છે, વધે છે અને અંતે ખટરાગમાં પરિણમે છે. જેનો લાભ ફાચરિયા તત્વો ઉઠાવે છે. સમાજ એ વાત પણ જાણે છે કે આપસમાં લડાવી મરકટનો ન્યાય તોડતા પરિબળોએ આપણું ઘણું શોષણ કર્યું છે. વખતો વખત આ બાબતે ચિંતન થતું રહ્યું છે. આ વાત વધુ સઘન બનાવવા ગામોગામ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

### આયોજનનો પ્રથમ તબક્કો

પ્રથમ તબક્કામાં ગામોગામ બે સમિતિઓ બનાવવી જેમાં એક સમાજ સંગઠન સમિતિ અને બીજી સમાજ જાગરણ સમિતિ. આ બે સમિતિઓની રચના માટે ગામડાનો પ્રવાસ કરવો એવું નક્કી થયું. ટીમો બનાવવામાં આવી. ગામોગામ નજીકના સભ્યોને જવાબદારી સોંપવામાં આવી અને એક વિગતવાર-તારીખવાર સમયપત્રક બનાવવામાં આવ્યું અને ચોવીસીના ગામોને પાંચ ઝોનમાં વહેંચવામાં આવ્યા. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

## ઝોન રચના

| ઝોનનું નામ | ગામોના નામ | | |
|---|---|---|---|
| **૧ ભુજ** | ૧.ભુજ | ૨.હરિપર | ૩.મિરઝાપર |
| | ૪.સુખપર | ૫.માધાપર | ૬.નાગલપર(અંજાર) |
| **૨ માનકુવા** | ૧.માનકુવા | ૨.ભારાસર | ૩.કોડકી |
| | ૪.ફોટડી | ૫.સામત્રા | ૬.સુખપર(રોહા) |
| **૩ નારણપર** | ૧.નારણપર | ૨.સુરજપર | ૩. કુંદનપર |
| | ૪.કેરા | ૫.બળદિયા | ૬.મેઘપર |
| **૪ દહિંસરા** | ૧.દહિંસરા | ૨.ગોડપર | ૩.સરલી |
| | ૪.રામપર | ૫.વેકરા | ૬.વાડાસર |
| **૫ માંડવી** | ૧.માંડવી | ૨.મસ્કા | ૩.પીયાવા |
| | ૪.ગોધરા | ૫.નાગલપર | ૬.ભારાપર |
| | ૭.કોડાય | ૮.જખણીયા | ૯.ડોણ |
| | ૧૦.મેરાઉ | ૧૧.મોટા આસંબિયા વગેરે ગામો | |

# સંગઠન અને જનજાગરણ પ્રવાસનું આયોજન

| | ગામ | તારીખ | વાર | ટીમ૧/૨ |
|---|---|---|---|---|
| ૧ | સુરજપર | ૩૧/૮/૧૯ | શનિવાર | સંયુક્ત ટીમ |
| ૨ | બળદિયા | ૦૩/૦૯/૧૯ | મંગળ | સંયુક્ત ટીમ |
| ૩ | સુખપર(રોહા) | ૦૫/૦૯/૧૯ | ગુરુ | ટીમ-૧ |
| ૪ | નારણપર(રા.) | ૦૬/૦૯/૧૯ | શુક્ર | ટીમ-૨ |
| ૫ | નારણપર(પ.) | ૦૬/૦૯/૧૯ | શુક્ર | ટીમ-૨ |
| ૬ | સામત્રા | ૦૭/૦૯/૧૯ | શનિ | ટીમ-૧ |
| ૭ | કેરા | ૦૯/૦૯/૧૯ | સોમ | ટીમ-૨ |
| ૮ | વાડાસર | ૧૦/૦૯/૧૯ | મંગળ | ટીમ-૧ |
| ૯ | ગોડપર | ૧૧/૦૯/૧૯ | બુધ | ટીમ-૨ |
| ૧૦ | ભારાસર-નાનીપક્ષ | ૧૨/૦૯/૧૯ | ગુરુ | ટીમ-૧ |
| ૧૧ | ભારાસર-મોટીપક્ષ | ૧૨/૦૯/૧૯ | ગુરુ | ટીમ-૧ |
| ૧૨ | કુંદનપર | ૧૩/૦૯/૧૯ | શુક્ર | ટીમ-૨ |
| ૧૩ | મિરઝાપર | ૧૪/૦૯/૧૯ | શનિ | ટીમ-૧ |
| ૧૪ | દહીંસરા | ૧૬/૦૯/૧૯ | સોમ | ટીમ-૨ |
| ૧૫ | માધાપર | ૧૭/૦૯/૧૯ | મંગળ | ટીમ-૧ |
| ૧૬ | રામપર | ૧૮/૦૯/૧૯ | બુધ | ટીમ-૨ |
| ૧૭ | રામપર | ૧૮/૦૯/૧૯ | બુધ | ટીમ-૨ |
| ૧૮ | વેકરા | ૨૦/૦૯/૧૯ | શુક્ર | ટીમ-૨ |
| ૧૯ | માનકુવા | ૨૧/૦૯/૧૯ | શનિ | ટીમ-૧ |
| ૨૦ | નાગલપર(અંજાર) | ૨૪/૦૯/૧૯ | મંગળ | ટીમ-૧ |
| ૨૧ | સરલી | ૨૫/૦૯/૧૯ | બુધ | ટીમ-૨ |
| ૨૨ | કોડકી | ૨૬/૦૯/૧૯ | ગુરુ | ટીમ-૧ |
| ૨૩ | ફોટડી | ૨૭/૦૯/૧૯ | શુક્ર | ટીમ-૧ |
| ૨૪ | મેઘપર | ૨૮/૦૯/૧૯ | શનિ | સંયુક્ત |
| ૨૫ | હરિપર | ૧૯/૧૧/૧૯ | મંગળ | સંયુક્ત |
| ૨૬ | સુખપર(નવો.) | ૨૦/૧૧/૧૯ | બુધ | સંયુક્ત |
| ૨૭ | સુખપર(જુનો.) | ૨૦/૧૧/૧૯ | બુધ | સંયુક્ત |

નોંધ-કુલ ૨૭ સભાઓ થઈ જેમાં બે પ્રકારની સમિતિઓ બનાવવામાં આવી. સમાજ સંગઠન અને સમાજ જાગરણ સમિતિ. આ સંગઠન અને જન જાગરણ પ્રવાસમાં ગામેગામના કાર્યકર્તાઓ અને જ્ઞાતિ બંધુઓ સકારાત્મક ભાવથી જોડાઈને આ સમાજ કાર્યમાં સહભાગી અને ઉપયોગી બન્યા.

આ પ્રથમ તબક્કામાં પ્રવાસમાં નીચે મુજબના વિવિધ મુદ્દાઓને સાંકળીને તેના ઉપર ચર્ચા અને વિચાર-વિમર્શ કરવામાં આવ્યો.

### સમાજે જ્ઞાતિજનો સમક્ષ મુકેલા મુદ્દા

૧ માતા-પિતા અને વડીલોને માન આપવું, એમનો આદર કરવો.

૨ વ્યક્તિ અને પરિવારનું મહત્વ.

૩ સમાજ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતીથી વાકેફ કરવામાં આવ્યા.

૪ સંગઠન અને જાગરણ સમિતિઓની રચના કરવામાં આવી અને તેનું કાર્ય સમજાવવામાં આવ્યું.

૫ યુવાનોને સામાજીક પ્રવૃતિમાં જોડવા બાબતે ચર્ચા

૬ વ્યસન મુક્તિની વાત કરવામાં આવી.

૭ આર્થિક છેતરામણી લાલચો સામે જનજાગૃતિ બાબતે ચર્ચા

કરવામાં આવી.

૮ લગ્નસંબંધી પ્રશ્નો-સમસ્યાઓ, પડકારો વગેરે મુદાઓ પર ચર્ચા કરવામાં આવી.

ઉપરોક્ત મુદાઓ સમાજની જાહેરસભાઓમાં ચર્ચા-વિચારણા અર્થે મુકવામાં આવ્યા.

''સંગઠન અને જનજાગરણ''પ્રવાસના પ્રથમ તબક્કામાં ભુજ સમાજના ત્રણેય પાંખના ટ્રસ્ટી કાર્યકર્તા બંધુ-ભગિની પ્રત્યક્ષ જોડાઈને સફળ બનાવવા માટે અમુલ્ય સહયોગી બન્યા. તેમજ ગામેગામના કાર્યકર્તાઓ અને જ્ઞાતિ બંધુ-ભગિની પણ સહયોગી બન્યા તે બદલ સૌનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર.

## બીજો તબક્કો

કાર્યકર્તા આયોજનનોએ સમાજના હાથ અને પગ છે. કોઈપણ કાર્ય સફળ કરવું હોય તો પરિશ્રમી અને સમય આપનાર કાર્યકર્તાઓ થકી જ સફળ બનતું હોય છે. તેથી બીજા તબક્કામાં કાર્યકર્તાઓને કેન્દ્રમાં રાખીને કાર્યકર્તા અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. ''સંગઠન અને જન જાગરણ''બીજા તબક્કામાં કાર્યકર્તાઓને કેન્દ્રમાં રાખીને કાર્યકર્તા ઘડતર માટેનો વિચાર કરવામાં આવ્યો અને અડધા દિવસનું કાર્યકર્તા મિલન અને કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગનું આયોજન ગત તારીખ ૧૨/૦૧/૨૦૨૦, રવિવારના દિવસે ઝુમખા મુકામે શ્રી ગોપાલભાઈ ગોરસીયાની વાડી મુકામે કરવામાં આવ્યું.

આ કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગમાં ચોવીસીના તમામ ગામોમાંથી ૪૫૧ કાર્યકર્તા ભાઈઓ- બહેનોની ઉપસ્થિતિમાં ખુબ જ સુંદર વાતાવરણમાં કુલ ચાર સત્રોમાં યોજવામાં આવ્યા. જેમાં (૧) સમાજ અને સંગઠનનું મહત્વ (૨) કાર્યકર્તા (૩) ગામડાઓમાં આવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ શું હોઈ શકે અને (૪) વહીવટી કાર્ય અંગેનું સત્ર આમ ચાર સત્રોમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. આ ચર્ચા અને વિચાર વિમર્શમાં કાર્યકર્તા બંધુ-ભગીની સહભાગી થયા.

આ કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગની ભોજન સહિતની વ્યવસ્થાઓ બળદિયાના જ્ઞાતિબંધુઓએ સંભાળી હતી તથા રંગાળી તથા મંચ સુશોભન કેરાના બહેનોએ સંભાળી હતી.

**કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગ માટે ગામ વાઈસ સંકલન કરનાર કાર્યકર્તાને નીચે મુજબ જવાબદારી સોંપવામાં આવી.**

| ક્રમ | ગામ | કાર્યકર્તાનું નામ |
|---|---|---|
| ૧ | હરીપર | નીમુબેન મેપાણી |
| ૨ | મીરઝાપર | પુરુષોતમભાઈ હિરાણી |
| ૩ | સુખપર(નવો-જુનો) | માવજીભાઈ રાબડીયા |
| | | સુરેશ વાઘાણી |
| ૪ | માધાપર | કાંતિભાઈ વરસાણી |
| ૫ | નાગલપર(અંજાર) | રવજી ખેતાણી |
| ૬ | માનકુવા | ઘનશ્યામભાઈ વરસાણી |
| ૭ | ભારાસર(બન્ને પક્ષ) | ઘનશ્યામભાઈ વરસાણી |
| ૮ | ફોટડી | મનજીભાઈ વરસાણી |
| ૯ | કોડકી | મનજીભાઈ વરસાણી |
| ૧૦ | સામત્રા | મનજીભાઈ પીંડોરીયા |
| | | દક્ષાબેન પીંડોરીયા |
| ૧૧ | સુખપર-રોહા | મનજીભાઈ પીંડોરીયા |
| ૧૨ | નારણપર(રાવરી-પસાયતી) | વેલજીભાઈ પીંડોરીયા |
| ૧૩ | સુરજપર | કરશનભાઈ મેપાણી |
| ૧૪ | કુંદનપર | કંચનબેન વરસાણી |
| ૧૫ | કેરા | કંચનબેન વરસાણી |
| ૧૬ | બળદિયા(ઊપ-નીચલો) | લખુભાઈ રાઘવાણી |
| ૧૭ | મેઘપર | ગોવિંદભાઈ હાલાઈ |
| ૧૮ | દહીંસરા | સુનિલભાઈ ભુડિયા |
| ૧૯ | ગોડપર | ગોવિંદભાઈ હાલાઈ |
| ૨૦ | સરલી | કાન્તાબેન વેકરીયા |
| ૨૧ | રામપર(નવો-જુનો) | કિશોરભાઈ વેકરીયા |
| ૨૨ | વેકરા | કેશરાભાઈ પીંડોરીયા |
| ૨૩ | વાડાસર | મનીષાબેન પટેલ |
| ૨૪ | માંડવી(ચારે કાંધા) | ગોપાલભાઈ વેકરીયા |
| ૨૫ | ભુજ | ઈશ્વરભાઈ પીંડોરીયા |
| | | રમાબેન વરસાણી |

**(કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર(વર્ગ)માં ગામ દિઠ ઉપસ્થિત ) કાર્યકર્તાઓની સંખ્યા નીચે મુજબ છે.**

**ઝોન ભુજ:** હરીપર-૧૮,ભુજ-૦૮,મિરઝાપર-૦૫, સુખપર-૩૮,માધાપર-૦૮,નાગલપર-૧૬,**કુલ-૯૩**

**ઝોન માનકુવા:** માનકુવા-૧૧, ભારાસર-૦૭, ફોટડી-૧૦, કોડકી-૧૭, સામત્રા-૧૭, સુખપર(રોહા)-૧૬, **કુલ-૭૮**

**ઝોન નારણપર :**નારણપર-૧૪,સુરજપર-૧૨, કુંદનપર-૧૫, કેરા-૩૫, બળદીયા-૩૪, મેઘપર-૧૩,**કુલ-૧૨૩**

**ઝોન દહીંસરા :** દહીંસરા-૧૬,ગોડપર ૧૫, સરલી-૦૭, રામપર-૨૩, વેકરા-૧૧, વાડાસર ૦૬-**કુલ-૭૮**

**ઝોન માંડવી:** માંડવી-ચારે કાંધા-૨૦

**કુલ સંખ્યા:** ભુજ -૯૩,માનકુવા-૭૮, દહીંસરા- ૭૮, નારણપર -૧૨૩,માંડવી-૨૦,ટ્રસ્ટી-૨૩,અન્ય-૩૬ **કુલ-૪૫૧**

## કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગના આયોજનની વિગત

| | | | |
|---|---|---|---|
| ૦૯:૩૦ થી | | આગમન | |
| ૦૯:૩૦ થી ૧૦:૦૦ | | ૩૦ મિનિટ ચા/અલ્પાહાર | |
| ૧૦:૦૦ થી ૧૦:૫૦ | | ૫૦ મિનિટ | સત્ર-૧ |
| ૧૧:૫૦ થી ૧૧:૪૦ | | ૫૦ મિનિટ | સત્ર-૨ |
| ૧૧:૪૦ થી ૧૨:૦૦ | | ૨૦ મિનિટ | બ્રેક |
| ૧૨:૦૦ થી ૧૨:૫૦ | | ૫૦ મિનિટ | સત્ર-૩ |
| ૧૨:૫૦ થી ૧:૩૦ | | ૪૦ મિનિટ | સત્ર-૪ |
| ૦૧:૩૦ થી | | ભોજન | |

નોંધઃ- ૨૫ મિનિટ વિષય મુકાયા, ૨૫ મિનિટ ફિડ બેક લેવામાં આવ્યું.

**સત્રના વિષયો અને સત્ર લેનાર**

**સત્ર સત્ર લેનાર વિષય**

સત્ર-૧,શ્રી અરજણભાઈ પિંડોરીયા- સમાજ અને સંગઠનનું મહત્વ

સત્ર-૨,શ્રી વિરજીભાઈ છભાડીયા -ગામડાંઓમાં આવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ શું હોઈ શકે? સત્ર-૩,શ્રી કાંતિભાઈ વરસાણી કાર્યકર્તા તરીકે આપણી ભુમિકા ,શ્રી રવજી ખેતાણી સત્ર-૪,શ્રી રવજી ખેતાણી-વહાવટી કાર્યો

## કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર ગીત

હો જાઓ તૈયાર સાથીઓ, હો જાઓ તૈયાર (૨)... ||ધ્રુ||

અર્પિત કરદો તન-મન-ધન, માંગ રહા બલિદાન વતન,
અગર સમાજ કો કામ ન આયે, તો જીવન બેકાર ...||૧||
તો જીવન બેકાર સાથીઓ, તો જીવન બેકાર...||ધ્રુ||

સોચને કા સમય ગયા, ઊઠો લિખો ઈતિહાસ નયા,
બંસી ફેંક ઊઠા લો અપને, હાથો મેં સમાજ...||૨||
હાથો મેં સમાજ સાથીઓ હાથો મેં સમાજ...||ધ્રુ||

આ કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું કે આ પ્રકારનો પ્રશિક્ષણ વર્ગ પૂર્ણ-એક દિવસનો રાખવામાં આવે અને સાથે નિયમિત ક્રમમાં પણ રાખવામાં આવે. જેથી દર ચાર મહિને કાર્યકર્તાઓ માટે મળવાનું ક્રમ નક્કી કરવામાં આવેલ. પરંતુ માર્ચ મહિનામાં કોરોના મહામારીના કારણે લોક-ડાઉનની ઘોષણા થતા ફરી પાછું મળવાનું શક્ય બન્યું નહીં.

લોક-ડાઉન પૂરુ થતાની સાથે ફરી પાછું કામ નિયમિત કરવા માટે ત્રણે કારોબારીમાં ચર્ચા થઈ અને ચર્ચાને અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે ચોવીસીના ગામે ગામ જઈને કાર્યકર્તાઓ સાથે નક્કી કરેલા મુદ્દા સાથે ચર્ચા વિચારણા અને સલાહ કરવામાં આવે આથી આ ''સંગઠન અને જન જાગરણ''નો ત્રીજો તબક્કો નક્કી કરવામાં આવ્યો અને તેનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું.

### આયોજનનો ત્રીજો તબક્કો

ગત તારીખ ૨૦/૦૯/૨૦૨૦ થી રામપર (વેકરા) મુકામેથી બંન્ને સમિતિઓના કાર્યકર્તા ભાઈઓ-બહેનોને મળવા અને નક્કી કરેલા આઠ મુદ્દાઓ સહિત, કાર્યકર્તાઓ સાથેનો ગામેગામનો બેઠકોનો દોર પ્રારંભ થયો. ચોવીસીના પાંચે ઝોનમાં અત્યાર સુધી ૧૮ ગામોની કાર્યકર્તા બેઠકો પૂર્ણ થઈ ગઈ છે. બાકી રહેતા અન્ય ગામોની બેઠકોનો ક્રમ હાલે ચાલુમાં છે. આ કાર્યકર્તા બેઠકમાં નીચે મુજબના આઠ મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ચર્ચા-વિચારણા કાર્યકર્તાઓ સાથે કરવામાં આવે છે.

### કાર્યકર્તા બેઠકના મુદ્દાઓ

(૧) પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવ દ્રઢ કરવા બાબતે ચર્ચા
(૨) કચ્છી લેવા પટેલ સંદેશ અંક બાબતે ચર્ચા
(૩) આપણા જ્ઞાતિ બંધુઓ સરકારી સેવામાં જોડાયેલા હોય તે બાબતે ચર્ચા
(૪) સરકારી સ્પર્ધાત્મક પરીક્ષા અને ઔદ્યોગિક તાલીમ સેન્ટર બાબતે ચર્ચા
(૫) યુવક સંઘનું માળખું ઠીક કરવું અને ન બનેલ હોય તો બનાવવું.
(૬) કે.કે.પટેલ સુપર સ્પેશ્યિાલીટી હોસ્પિટલ બાબતે ચર્ચા
(૭) કાર્યકર્તા બેઠક ઉપસ્થિતીની નોંધ લેવી
(૮) બંન્ને સમિતિઓની માસિક બેઠકોનો ક્રમ અને સક્રિય ભૂમિકા બાબતે ચર્ચા

ઉપરોક્ત મુદ્દાઓમાંથી વિશેષ વિચાર-વિમર્શ પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવ દ્રઢ કરવા માટે શું કરવું જોઈએ? તે બાબતે ગામેગામની બેઠકમાં ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું. પારિવારીક સંસ્કારને દ્રઢ કરવા માટે ઘર સભા, સામુહિક ભોજન કરવું, બાળકોને પ્રેમ આપવો, મોબાઈલનો સદ્‌ઉપયોગ કરવો, વડીલોને પગે લાગવું વગેરે જેવા મુદ્દાઓ બાબતે ચર્ચા કરવામાં આવી અને આ બધી જ બાબતોની શરૂઆત પ્રથમ કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવે તે બાબતે પણ ચર્ચા કરવામાં આવી.

## અત્યાર સુધી થઈ ગયેલ કાર્યકર્તા બેઠકની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ગામ | તારીખ | ઉપસ્થિતિ સંખ્યા ટ્રસ્ટી સમિતિમાંથી | ગામમાંથી |
|---|---|---|---|---|
| ૧ | સુખપર | ૩૦/૧૦/૨૦૨૦ | ૧૪ | ૪૮+૬ |
| ૨ | માનકુવા | ૨૬/૦૯/૨૦૨૦ | ૭ | ૧૬ |
| ૩ | ભારાસર | ૨૭/૧૦/૨૦૨૦ | ૭ | ૩૩ |
| ૪ | ફોટડી | ૦૩/૧૦/૨૦૨૦ | ૭ | ૧૪ |
| ૫ | કોડકી | ૨૮/૦૯/૨૦૨૦ | ૬ | ૨૭+૩૩ |
| ૬ | સામત્રા | ૦૩/૧૦/૨૦૨૦ | ૮ | ૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | સુખપર(રોહા) | ૦૬/૧૦/૨૦૨૦ | ૭ | ૧૮+૨ |
| ૮ | સુરજપર | ૧૧/૧૧/૨૦૨૦ | ૮ | ૧૪+૨ |
| ૯ | કુંદનપર | ૧૨/૧૧/૨૦૨૦ | ૬ | ૧૪+૧૮ |
| ૧૦ | કેરા | ૧૨/૧૧/૨૦૨૦ | ૬ | ૨૨+૨ |
| ૧૧ | બળદિયા | ૦૩/૧૧/૨૦૨૦ | ૯ | ૩૨+૩ |
| ૧૨ | દહિંસરા | ૨૮/૦૯/૨૦૨૦ | ૫ | ૨૫ |
| ૧૩ | ગોડપર | ૨૮/૦૯/૨૦૨૦ | ૬ | ૧૭ |
| ૧૪ | સરલી | ૦૧/૧૧/૨૦૨૦ | ૫ | ૨૫ |
| ૧૫ | રામપર | ૨૦/૦૯/૨૦૨૦ | ૧૨ | ૪૧ |
| ૧૬ | વેકરા | ૨૯/૦૯/૨૦૨૦ | ૭ | ૨૭+૨ |
| ૧૭ | વાડાસર | ૦૧/૧૧/૨૦૨૦ | ૪ | ૧૩ |
| ૧૮ | માંડવી | ૧૮/૧૦/૨૦૨૦ | ૧૦ | ૫૩ |

(ચારેકાંધાની સંયુક્ત થઈ)

### આ કાર્યકર્તા બેઠકની ફળશ્રુતિ એ રહી કે...

- ગામેગામના કાર્યકર્તા સાથે નજીકની પરીચય કેળવાયો.
- પારિવારીક સંસ્કાર અને પારિવારીક ભાવદ્રઢ કરવા માટે ઘર સભાની શરૂઆત કેટલાક કાર્યકર્તાઓ દ્વારા પોતાના ઘરથી શરૂઆત કરી.
- બધા જ ગામોમાં કાર્યકર્તા બેઠકનું સ્થાન જે તે ગામની લેવા પટેલ સમાજવાડીમાં જ કરવામાં આવી.
- ભારાસર ગામમાં સંપ્રદાયની રીતે નાની પક્ષ અને મોટી પક્ષ સાથે મળીને લેવા પટેલ તરીકે એક ફલક પર આવ્યા અને સંયુક્ત બેઠક કરવામાં આવી જે નોંધ પાત્ર ઘટના કહેવાય.
- ગામેગામની બેઠકમાં અનેક કાર્યકર્તાઓ ચર્ચા-વિચારણામાં સીધા જ સહભાગી બન્યા.
- મોટાભાગના ગામોમાં ઉપરોક્ત આઠ મુદ્દાઓ ઉપર સકારાત્મક અભિગમ જોવા મળ્યો.
- બધા જ ગામોમાં બહેનો કાર્યકર્તાઓ ખૂબ ઉત્સાહથી સહભાગી થયા. અને ચર્ચામાં પણ સહભાગી બન્યા.
- ઘણા બધા ટ્રસ્ટી કાર્યકર્તાઓ આ ચોવીસીના પ્રવાસમાં પ્રત્યક્ષ જોડાયા.

આમ અનેક બાબતો સાથે આ કાર્યકર્તાઓ સાથેની બેઠક ખૂબ જ ઉપયોગી સાબિત થઈ અને નવા કાર્યકર્તાઓ માટે શીખવાનો અવસર બની રહી અને ગામડાના કાર્યકર્તા ભાઈઓ અને બહેનોના મળવાનો અવસર પ્રાપ્ત થયો.

## કાવ્ય

પેલાં સીતા જેવી સક્ષમ થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.
પેલાં પિતા જેવી પગભર થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.
મગજ વગરનાં પર મોહી જાવું.
ને બસ બાપનું ઘર છોડી જાવું!
પેલાં સંસ્કાર નામે સુગંધ થા, પછી ગજરો ગુંથી લેજે.
પેલાં સીતા જેવી સક્ષમ થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.
આ રઘવાયા જેમ રખડતાંને.
અને આખલા જેમ આખડતાને.
અપલખણાંને તું ઓળખી જા, પછી લ્હાવો લૂંટી લેજે.
પેલાં સીતા જેવી સક્ષમ થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.
જે બાપના બાવડે બહાર ફરે છે.
ચોકે ચોકે, નાકે નાકે, પ્યાર કરે છે.
તું ભ્રમરવૃત્તિને ભાળતી થા, પછી કળી જેમ ફૂટી જજે.
પેલાં સીતા જેવી સક્ષમ થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.
આખો દિવસ તો ભટકે છે એ,
એ કામધંધો જો કંઈ કરે છે કે?
કાં તો તું જ પોતે કમળ થા, પછી કાદવમાં ખુંપી જજે.
પેલાં સીતા જેવી સક્ષમ થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.
રંગે રૂડો છેલછબીલો લાગે છે
જે, 'દેવ' રોજ રૂપિયા લઈને ભાગે છે એ,
પેલાં આબરૂની અધ્યક્ષ થા, પછી ખાનદાનથી ખૂટી જજે..
પેલાં સીતા જેવી સક્ષમ થા, પછી સ્વયંવર ચૂંટી લેજે.

દેવાયત ભમ્મર

## સમાચાર એક લીટીમાં

**નારણપર :-** વિધર્મીઓ દ્વારા કણબી યુવકને માર મારવાના બનાવે જ્ઞાતિજનોમાં રોષ ફેલાયો હતો. બન્ને જૂથે સામ સામી ફરિયાદો દાખલ કરી હતી. છાશવારે ચોવીસીમાં વિધર્મીઓના વધતા ત્રાસ સામે નારાજગી ફેલાઈ છે.

**સુરજપર :-** ગ્રામજનો દ્વારા કોરોના સામે જાગૃત્તિ આણવા ઘર ઘર સંપર્ક કરાયો.

**બળદિયા :-** ગામ વચ્ચેથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ સંકડાશના કારણે રાહદારીઓ અને ગ્રામજનો માટે માથાનો દુ:ખાવો બન્યો.

**ભારાસર :-** ગ્રામપંચાયત દ્વારા સફાઈ અભિયાન યોજવામાં આવ્યું. ઘર ઘર જનસંપર્ક દ્વારા કોરોના મહામારીને નાથવા જાગૃતિ ઉભી કરાઈ.

**માંડવી :-** લેવા પટેલ સમાજ સંચાલિત દવાખાનામાં કોરોના સંદર્ભે માર્ગદર્શન અપાયું.

**વાડાસર :-** સરપંચ પ્રીતિબેન વેકરિયા દ્વારા ગ્રામ વિકાસના કાર્યને વેગ અપાયો.

# Daily Report

## Three Month of Report

| Sr.No. | Department | September-20 Patient | | October-20 Patient | | November-20 Patient | | December-20 Patient | | Total Patient | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid | Free | Paid |
| 1 | CT SCAN | 4 | 1318 | 1 | 1119 | 9 | 1159 | 4 | 1301 | 18 | 4897 |
| 2 | COLOUR DOPPLER | 0 | 38 | 0 | 36 | 0 | 35 | 0 | 44 | 0 | 153 |
| 3 | MRI | 0 | 480 | 1 | 513 | 0 | 394 | 1 | 505 | 2 | 1892 |
| 4 | MAMMOGRAPHY | 0 | 24 | 0 | 21 | 0 | 19 | 2 | 25 | 2 | 89 |
| 5 | USG | 3 | 1452 | 5 | 1456 | 2 | 1124 | 3 | 1287 | 13 | 5319 |
| 6 | X-RAY | 5 | 1265 | 0 | 1177 | 1 | 1011 | 1 | 1043 | 7 | 4496 |
| 7 | PATHOLOGY | 13 | 3691 | 7 | 3905 | 10 | 3170 | 11 | 3842 | 41 | 14608 |
| 8 | BLOOD BANK | 0 | 151 | 0 | 129 | 0 | 128 | 0 | 136 | 0 | 544 |
| 9 | DIALYSIS | 156 | 159 | 154 | 164 | 145 | 139 | 149 | 158 | 604 | 620 |
| 10 | HEALTH CHECK UP OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 11 | MEDICAL CHECK UP(GENERAL) | 0 | 35 | 0 | 70 | 0 | 62 | 0 | 68 | 0 | 235 |
| 12 | ENDOSCOPY PROCEDURE | 0 | 2 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 3 |
| 13 | PHYSIOTHERAPY | 0 | 173 | 0 | 171 | 0 | 164 | 0 | 232 | 0 | 740 |
| 14 | ECG | 1 | 1002 | 0 | 922 | 0 | 872 | 1 | 1121 | 2 | 3917 |
| 15 | ECHOGRAPHY | 1 | 226 | 0 | 191 | 0 | 201 | 0 | 249 | 1 | 867 |
| 16 | E.E.G. CHARGES | 0 | 9 | 0 | 11 | 0 | 10 | 0 | 13 | 0 | 43 |
| 17 | T.M.T. | 0 | 8 | 0 | 7 | 0 | 13 | 0 | 12 | 0 | 40 |
| 18 | DENTAL OPD | 0 | 275 | 0 | 274 | 0 | 282 | 0 | 309 | 0 | 1140 |
| 19 | EMERGENCY OPD | 0 | 931 | 0 | 871 | 0 | 911 | 0 | 943 | 0 | 3656 |
| 20 | ENT OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 21 | EYE O.P.D. | 0 | 407 | 0 | 419 | 0 | 339 | 0 | 467 | 0 | 1632 |
| 22 | GYNEC OPD | 0 | 1388 | 0 | 1402 | 0 | 1183 | 0 | 1275 | 0 | 5248 |
| 23 | GASTROENTEROLOGY OPD | 0 | 10 | 0 | 13 | 0 | 0 | 0 | 9 | 0 | 32 |
| 24 | M.B.B.S. O.P.D. | 0 | 935 | 0 | 664 | 0 | 769 | 0 | 563 | 0 | 2931 |
| 25 | NEURO SURGEON OPD | 0 | 276 | 0 | 284 | 0 | 259 | 0 | 246 | 0 | 1065 |
| 26 | ORTHOPEDIC O.P.D. | 0 | 1020 | 0 | 1008 | 0 | 841 | 0 | 941 | 0 | 3810 |
| 27 | PAIN KILLER OPD | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| 28 | PEADIATRIC OPD | 0 | 507 | 0 | 522 | 0 | 484 | 0 | 419 | 0 | 1932 |
| 29 | PHYSICIAN O.P.D. | 0 | 3076 | 0 | 3032 | 0 | 2638 | 0 | 2853 | 0 | 11599 |
| 30 | REHABILITATION O.P.D. | 0 | 108 | 0 | 83 | 0 | 74 | 0 | 102 | 0 | 367 |
| 31 | SR.PHYSICIAN O.P.D. | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 32 | SURGICAL O.P.D. | 0 | 1101 | 0 | 1132 | 0 | 732 | 0 | 1050 | 0 | 4015 |
| 33 | DENTAL PROCEDURE | 1 | 209 | 1 | 205 | 0 | 195 | 0 | 217 | 2 | 826 |
| 34 | GYNEC PROCEDURE | 0 | 77 | 0 | 108 | 0 | 100 | 0 | 97 | 0 | 382 |
| 35 | ORTHO PROCEDURE | 0 | 73 | 0 | 61 | 0 | 31 | 0 | 47 | 0 | 212 |
| 36 | PEDIATRIC PROCEDURE | 0 | 9 | 0 | 17 | 0 | 14 | 0 | 3 | 0 | 43 |
| 37 | SURGICAL PROCEDURE | 0 | 244 | 0 | 301 | 0 | 216 | 0 | 276 | 0 | 1037 |
| 38 | EYE PROCEDURE & SURGERY | 0 | 50 | 0 | 52 | 0 | 40 | 1 | 81 | 1 | 223 |
| 39 | DIETICIAN PROCEDURE | 0 | 11 | 0 | 9 | 0 | 8 | 0 | 13 | 0 | 41 |
| 40 | GLUCOMETER CHARGES | 0 | 964 | 0 | 843 | 0 | 850 | 0 | 993 | 0 | 3650 |
| 41 | I.P.D. PATIENT | 0 | 828 | 0 | 867 | 1 | 774 | 0 | 848 | 1 | 3317 |
| 42 | MISC PROCEDURE & COLLECTION | 0 | 152 | 0 | 161 | 0 | 230 | 0 | 142 | 0 | 685 |
| 43 | ENT PROCEDURE | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | **Visiting Doctors OPD** | | | | | | | | | | |
| 44 | ARTHROSCOPY OPD | 0 | 0 | 0 | 15 | 0 | 0 | 0 | 11 | 0 | 26 |
| 45 | RHEUMATILOGIST OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 46 | ENDOCRINOLOGY OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 47 | ENDOSCOPY O.P.D. | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 48 | HAEMATOLOGY O.P.D. | 0 | 17 | 0 | 15 | 0 | 18 | 0 | 15 | 0 | 65 |
| 49 | NEPHROLOGY O.P.D. | 0 | 51 | 0 | 50 | 0 | 55 | 0 | 46 | 0 | 202 |
| 50 | PSYCHOLOGY OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 51 | ORAL & MAXILO OPD | 0 | 2 | 0 | 2 | 0 | 0 | 0 | 2 | 0 | 6 |
| 52 | ORAL & MAXILO PRO. | 0 | 6 | 0 | 5 | 0 | 0 | 0 | 6 | 0 | 17 |
| 53 | ORTHO.DENTIA OPD | 0 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 3 |
| 54 | ORTHOPEDIC O.P.D. | 0 | 10 | 0 | 27 | 0 | 4 | 0 | 24 | 0 | 65 |
| 55 | PEADI. CARDIAC O.P.D. | 0 | 16 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 16 |
| 56 | PEADI. NUERO PHYSICIAN OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 25 | 0 | 25 |
| 57 | PEADI. SURGEON OPD | 0 | 7 | 0 | 5 | 0 | 6 | 0 | 4 | 0 | 22 |
| 58 | PEADI. UROLOGIST OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 59 | RETINAL EYE O.P.D. | 0 | 61 | 0 | 59 | 0 | 50 | 0 | 93 | 0 | 263 |
| 60 | RETINAL EYE SURGERY | 0 | 26 | 0 | 16 | 0 | 22 | 0 | 35 | 0 | 99 |
| 61 | SPINE SURGEON OPD | 0 | 19 | 0 | 15 | 0 | 16 | 0 | 9 | 0 | 59 |
| 62 | UROLOGY O.P.D. | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 63 | CARDIOLOGY OPD | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | | 184 | 22901 | 169 | 22432 | 168 | 19642 | 173 | 22200 | 694 | 87175 |

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, યુવક સંઘ આયોજીત

# દિપાવલી સ્નેહમિલન પ્રસંગે સરસ્વતી સન્માન



Vekariya Priyen Dilip
Mirzapar
H.S.C Sci



Vekariya Hitesh Ashok
Sukhpar
H.S.C Sci



Panchani Hardeep Vinod
Kera
H.S.C Sci



Vekariya Riya Ravji
Madhapar
H.S.C General



Meghani Divyani Hitesh
Madhapar
H.S.C General



Raghvani Parth Ravji
Ahemdabad
H.S.C General



Jivani Dixita Lalji
Baladiya
H.S.C General



Varsani Yogita Jadva
Surajpar
H.S.C General



Halai Priyanshi Naran
Kodki
S.S.C



Hirani Pritam Naran
S.S.C



Pindoriya Pooja Rajesh
Mirzapar
S.S.C



Senghani Purushotam Lalji
Surajpar
S.S.C



Kerai Ramesh Shivji
Kodki
S.S.C

## સરસ્વતી સન્માન ૨૦૨૦



